Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ગુજરાત ચુંટણીના વિશેષ અહેવાલ. વાંચો પેજ નં.
2,11,12,13

FRIDAY, 09 DECEMBER, 2022 Vol. 19, No. 49 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ભાજપે માધવસિંહ સોલંકીના 149 બેઠક જીતવાના રેકોર્ડને તોડયો : માત્ર 17 બેઠકો મેળવવાનો કોંગ્રેસનો નવો રેકોર્ડ

# 156 બેઠકો ઉપર ઐતિહાસિક વિજય સાથે ગુજરાતમાં ભાજપનો ગઢ અભેદ

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતાપાર્ટીએ અધધ ૧૫૬ (૮૬ ટકા) બેઠકો મેળવી ભવ્યાતિભવ્ય એતિહાસિક વિજય હાંસલ કરી સતત ૭મી વાર ગાંધીનગરનું સિંહાસન કબજે કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્રમોદીએ પ્રચાર કરીને એન્ટિ ઈન્કમ્બન્સી, મોંઘવારી જેવા સામે પડેલાં મહાકાય પરિબળો પરાસ્ત કરી એકલે હાથે ભાજપને વિજય અપાવી ૧૯૮૫માં ૧૪૯ બેઠકો જીતવાનો માધવસિંહ સોલંકીની કોંગ્રેસ સરકારનો રેકોર્ડ પણ તોડી નાખ્યો છે.

મોદીએ ચૂંટણીની જાહેરાત પછી રાજ્યભરમાં ૩૨ સભાઓ ગજવી હતી અને રાજ્યના બે મોટા શહેરો અમદાવાદ તથા સુરતમાં વિરાટ રોડ-શો કરી "આ ગુજરાત અમે બનાવ્યું છે' સૂત્ર લલકારી પોતાને નામે વોટ માગ્યા હતા, જે અપેક્ષા ગુજરાતના મતદારોએ ભાજપના ઉમેદવારોને ખોબલેખોબલે મતો આપી પૂર્ણ કરી છે. જ્યારે ભાજપના કેન્દ્રીય નેતૃત્વમાં નંબર-ટુ ગણાતા કેન્દ્રીય ગૃહ-સહકાર મંત્રી અમિત શાહે પણ ચૂંટણીની જાહેરાત પછી રાજ્યના ૩૫ સભાઓઅને ૪ રોડ-શો કર્યા હતા. ભાજપ સરકારના વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘાટલોડિયા બેઠક ઉપર સૌથી વધુ ૧,૯૨,૨૬૩ મતોની જંગી સરસાઈથી ચૂંટાઈ આવ્યા છે, એમની સામે કોંગ્રેસે ઊભા કરેલા તેના રાજ્યસભાના સાંસદ અમીબહેન યાજ્ઞિકની તો ડિપોઝિટ પણ બચી નથી. આ ચૂંટણીમાં ભાજપે વોટ હિસ્સો ૫ ૨.૫ મેળવ્યો છે, જે ૨૦૧૭માં ૪૯.૫ ટકા હતો. આમ, ભાજપે છેલ્લે ૨૦૧૭ની તુલનાએ ૩.૪૫ ટકા વધુ વોટ હિસ્સા સાથે ૫૭ વધુ બેઠકો મેળવી છે. ચૂંટણીમાં ૨૭ વર્ષથી વિરોધ પક્ષની ભૂમિકા ભજવી રહેલી કોંગ્રેસની હાલત એટલી ખરાબ થઈ છે કે, પહેલીવાર ૪૨ યાને ૨૩ ટકા સીટ ઉપર એના ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત થઈ ગઈ છે. કોંગ્રેસને માત્ર 17 બેઠકો મળી હતી. ૨૦૧૭ની તુલનાએ એનો વોટશેર પણ ૧૪.૧૨ ટકા ઘટ્યો છે આ ઉપરાંત આપને 5 અને અન્યને 6 બેઠકો મળી હતી.

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX Community Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

RIGHT AT HOME REALTY BROKERAGE
Paresh Rathod
Real Estate Agent
416-278-2784
Text Message For Quick Response
Thank You

ABOWATH REAL ESTATE GROUP
Valuing Relationships Over Transactions Every Single Time!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

MORTGAGE ADVICE THAT COMES TO YOU
Dhiresh Shah
Mobile Mortgage Advisor
For expert mortgage advice contact me today
CIBC
dhiresh.shah@cibc.com
Tel : 647-248-0246

BUY - SELL- LEASE - INVEST
Mehul Patel
Broker
Urshila Patel
Sales Representative
Dir : 416-254-6949
SAVE MAX Achievers Realty
Tel : 905-497-6701, Fax 905-497-6700
Email :- patelmayhool@gmail.com
170 Wilkinson Rd., Unit #3, Brampton, OM L6T 4Z5

SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com
www.Ashok Patel.ca

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે ચશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

InterSky Voyages Travels
INTERSKY TOURS
Discount On Visitor Visa Insurance
DIVYESH (Dev) PATEL
Cell: 514-513-9191
Tel.: 514-389-7070
Toll Free:1 855-389-7070
Air Fare - Visa - OCI - Renew Passport - Surrender Passport
Travel Insurance
SWISS Lufthansa DELTA KLM AIRFRANCE AIR CANADA

Residential / Commercial / Investments
SAVE MAX Achievers Realty
Each Office Independently Owned & Operated
SALIM MALEK
Sales Representative
647-281-7786
SALIMMALEK1976@GMAIL.COM
170, Wilkinson Rd, Unit #3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701 Fax : 905-497-6700
The referral of your friends and family is the greatest compliment you can give me. Thank you for your trust

રેસિડેન્શિયલ • કોમર્શિયલ • ઇન્વેસ્ટમેન્ટ
IKRAM PATEL
REALTOR
647 228 9323
IkramPatelEstate@gmail.com @IkramPatelRealtor
SAVE MAX
Each Office Independently Owned & Realty
170 Wilkinson Rd., Unit # 3, Brampton, ON L6T 4Z5
Off : 905-497-6701
Fax: 905-497-6700
Believe To ACHIEVE, Your Dreams with ACHIEVERS

S & S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# BJPના 10 ઉમેદવારો 1 લાખ તો 40 ઉમેદવાર 50 હજારથી વધુ મતે જીત્યા

**અમદાવાદ**

ભાજપના 10 ઉમેદવારોએ 1 લાખથી વધુ મત સાથે વિજય મેળવ્યો છે. રાજ્યમાં સૌથી મોટી જીત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળી છે. ભૂપેન્દ્ર પટેલે સૌથી વધુ 1,92,263 મત સાથે જીત મેળવી છે. તો સુરતની ચોર્યાસી સીટ પરથી સંદીપ દેસાઈ, મજુરાથી હર્ષ સંઘવી, ઓલપાડથી મુકેશ પટેલ, રાજકોટ પશ્ચિમથી ડો. દર્શિતા શાહ, કાલોલથી ફતેસિંહ ચૌહાણ, એલિસબ્રિજથી અમિત શાહ, સુરત પૂર્વથી પૂર્ણેશ મોદી, વલસાડથી ભરત પટેલ અને માંજલપુરથી યોગેશ પટેલે એક લાખથી વધુ મતે જીત મેળવી છે.



## ભાજપના કયા ઉમેદવારો 1 લાખથી પણ વધુ વોટથી જીત્યા

(૦૧) મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ-૧,૯૨,૨૬૩ લીડ
(૦૨) ચોર્યાસી- સંદિપ દેસાઈ-૧,૮૧,૮૪૬ લીડ
(૦૩) મજુરા- હર્ષ સંઘવી-૧,૧૬,૬૭૫ લીડ
(૦૪) ઓલપાડ- મુકેશ પટેલ- ૧,૧૫,૧૩૬ લીડ
(૦૫) રાજકોટ પશ્ચિમ-ડો. દર્શિતા શાહ- ૧,૦૫,૯૭૫ લીડ
(૦૬) કાલોલ- ફતેસિંહ ચૌહાણ- ૧,૦૫.૪૧૦ લીડ
(૦૭) એલિસબ્રીજ- અમિત શાહ-૧,૦૪,૪૯૬ લીડ
(૦૮) સુરત પુર્વ- પૂર્ણેશ મોદી- ૧,૦૪,૩૧૨ લીડ
(૦૯) વલસાડ- ભરત પટેલ- ૧,૦૩,૭૭૬ લીડ
(૧૦) માંજલપુર- યોગેશ પટેલ- ૧,૦૦,૭૫૪ લીડ

## ગુજરાતની જનતાએ વિકાસની રાજનીતિને આશિર્વાદ આપ્યાઃ મોદી

**નવી દિલ્હી**

પીએમ મોદીએ ગુજરાતમાં ભાજપની રેકોર્ડ જીત પર કહ્યું- 'ધન્યવાદ ગુજરાત. અભૂતપૂર્વ ચૂંટણી પરિણામો જોઈને હું ભાવનાઓથી અભિભૂત છું. લોકોએ વિકાસની રાજનીતિને આશીર્વાદ આપ્યા સાથે ઈચ્છા વ્યક્ત કરી છે કે આ ગતિ વધુ ઝડપે ચાલતી રહે. હું ગુજરાતની જન શક્તિને નમન કરુ છું.'પીએમ મોદીએ હિમાચલની જનતાનો પણ આભાર માન્યો છે. તેમણે કહ્યું, 'હું હિમાચલ પ્રદેશની જનતાને ભાજપ પ્રત્યે સ્નેહ અને સમર્થન માટે ધન્યવાદ આપુ છું. અમે આવનારા સમયમાં રાજ્યની આકાંક્ષાઓ પૂરી કરવા અને લોકોના મુદ્દાને ઉઠાવવા માટે કામ કરતા રહીશું.'

# ભાજપે સસ્પેન્ડ કરેલા ત્રણ નેતા અપક્ષ ઉમેદવાર તરીકે જીત્યા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત બાદ ભાજપે ઘણા નેતાઓની ટીકિટ કાપી નાંખી હતી. ત્યાર બાદ કેટલાક નેતાઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે અપક્ષ લડી રહેલા બળવાખોરોને પક્ષમાંથી સસ્પેન્ડ કર્યાં હતાં. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે બીજા તબક્કાના મતદાન પહેલાં કહ્યું હતું કે, પક્ષમાંથી સસ્પેન્ડ થયેલા ભલે અપક્ષમાંથી જીતી જાય તો પણ તેમને પક્ષમાં પાછા લેવામાં નહીં આવે. આ જ વાત શિક્ષણમંત્રી જીતુ વાઘાણીએ પણ કરી હતી. ત્યારે




ભાજપમાંથી સસ્પેન્ડ કરાયેલા ત્રણ બળવાખોર નેતાઓ અપક્ષમાંથી ચૂંટણી જીતી ગયાં છે. ભાજપે પાદરાથી દિનેશ પટેલ, વાઘોડિયાથી મધુ શ્રીવાસ્તવ, બાયડથી ધવલસિંહ ઝાલા અને ધાનેરાથી માવજીભાઈ દેસાઈની ટીકિટ કાપી હતી. આ સિવાય પણ કેટલાક નેતાઓ અપક્ષમાંથી ચૂંટણી લડયાં હતાં. પરંતુ પરિણામમાં મોટો અપસેટ સર્જાયો હતો. જેમાં ધાનેરા, બાયડ અને વાઘોડિયા બેઠક પરથી ભાજપના ત્રણેય બળવાખોર નેતાઓ અપક્ષમાંથી ચૂંટણી જીતી ગયાં હતાં. હવે આ ત્રણેય નેતાઓને ભાજપ પક્ષમાં લેશે કે નહીં કે અંગે પક્ષમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. તે ઉપરાંત ભાજપના દબંગ ગણાતા ધારાસભ્ય મધુ શ્રી વાસ્તવે પણ ટીકિટ કપાતા ખુલ્લેઆમ બળવો કર્યો હતો. તેમણે અપક્ષમાંથી ચૂંટણી લડી હતી, પરંતુ આ બેઠક પરથી અપક્ષમાંથી જ ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચૂંટણી જીતી ગયાં હતાં.

# કોંગ્રેસના 44 અને આપના 128 ઉમેદવારોની ડિપોઝિટ ડુલ

**અમદાવાદ**

ગુજરાતના 33 જિલ્લામાંથી 22 જિલ્લામાં કોંગ્રેસ ખાતું પણ ખોલાવી શકી નથી. 2017ની વિધાનસભામાં મેળવેલ 77 બેઠકની સામે 2022માં કોંગ્રેસ 17 સીટોમાં સમેટાઈ ગઈ છે.

ગુજરાતના 33 જિલ્લામાંથી 22 જિલ્લામાં કોંગ્રસને એક પણ બેઠક મળી નથી. 44 ઉમેદવારોની ડિપોઝિટ ડુલ થઈ ગઈ છે. જ્યારે આમ આદમી પાર્ટીના 128 ઉમેદવારોની ડિપોઝિટ ડુલ થઈ છે. કોંગ્રેસના 11 જિલ્લામાં 17 ઉમેદવાર જીત્યા છે. સૌરાષ્ટ્ર-કચ્છની 54 બેઠકમાંથી ભાજપને 47 બેઠક મળી હતી જ્યારે કોંગ્રેસ માત્ર 3 બેઠક જીતવામાં સફળ રહ્યુ હતું. સૌરાષ્ટ્ર-કચ્છમાંથી કોંગ્રેસે 2017ની વિધાનસભા ચૂંટણીમાં 31 બેઠક જીતી હતી જ્યારે આમ આદમી પાર્ટીને કારણે કોંગ્રેસનો સૌરાષ્ટ્ર-કચ્છમાં સફાયો થયો હોય એવું લાગી રહ્યું છે.

## પ્રભારી રઘુ શર્માનું રાજીનામુ, જગદીશ ઠાકોરે હાર સ્વીકારી

કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરે કોંગ્રેસની હાર સ્વીકારી હતી. તો બીજી તરફ વિધાનસભાના વિપક્ષના નેતા સુખરામ રાઠવાને જ હારનો સામનો કરવો પડ્યો હતો. તો સૌથી મોટી વાત તો એ છે કે, કોંગ્રેસની કારમી હાર બાદ ગુજરાત કોંગ્રેસના પ્રભારી રઘુ શર્માએ રાજીનામું આપી દીધું હતું. તો ગુજરાત કોંગ્રેસની ચૂંટણીની જવાબદાર જેઓએ મોટા ઉપાડે લીધી હતી, તે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત આખા પિક્ચરમાંથી ગાયબ હતા.

# કોંગ્રેસને મોટો ઝટકો, દિગ્ગજ નેતા હારતા રાજકિય પંડિતો પણ ડઘાયા

## કૌશિક પટેલ ચૂંટાયા હતા તે નારણપુરામાં સૌથી વધુ 10.91 ટકાનો ઘટાડો

આજે આવેલા ચોંકાવનારા પરિણામોમાં કોંગ્રેસને રીતસરનો ઝટકો લાગ્યો છે. રિપિટ થિયરીમાં માનતી કોંગ્રેસ આ વખતે આ થિયરીમાં પણ પાછી પડી છે. કોંગ્રેસે આ વખતે 48 જેટલા સિટિંગ MLAને ટિકિટ આપી હતી પણ તેમાંથી માંડ 8 જ સિટિંગ MLA જીતી શક્યા છે.

**જાવેદ પીરજાદા :** મોહમ્મદ જાવેદ પીરઝાદા 2007થી વાંકાનેર બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે જીતતા આવ્યા છે. રાજકારણમાં જોડાતા પહેલા પીરઝાદા શાળાના આચાર્ય હતા. તેઓ 2002માં તેમની પ્રથમ ચૂંટણી હારી ગયા.

**લલિત વસોયા :** સૌરાષ્ટ્રમાં વાંકાનેર પછી ધોરાજીની બેઠક એવી છે જેના કોંગ્રેસી ધારાસભ્ય લલિત વસોયા તેના આશ્ચર્યજનક કાર્યક્રમો અને નિવેદનો માટે જાણીતા છે. આ વખતે વસોયાના બે વીડિયો વાયરલ થયા હતા. જેમાં એક વીડિયોમાં તે ભાજપને મત આપજો બોલતા જણાય છે તો બીજા વીડિયોમાં મતદારોએ પ્રશ્નો પૂછતાં ઊભા થઈને જતા રહેતા દેખાય છે. આજે આવેલા પરિણામમાં વસોયાને જાકારો મળ્યો છે.

**વિક્રમ માડમ :** કોંગ્રેસના ગુજરાતના દિગ્ગજ નેતાઓમાં વિક્રમ માડમની ગણતરી થાય છે. 2017માં કોંગ્રેસે તેમને ખંભાળિયા બેઠક પરથી લડાવ્યા હતા અને જીતી ગયા હતા. ગયા વખતે તે કાળુફાઈ ચાવડા સામે લડ્યા હતા. આ વખતે ભાજપે તેના જૂના અને દિગ્ગજ નેતા મૂળુભાઈ બેરાને ઉતાર્યા હતા. તેમની સામે વિક્રમ માડમની હાર થઈ છે.

**પૂંજા વંશ :** કોંગ્રેસના સૌરાષ્ટ્રના વધુ એક ધારાસભ્ય પૂંજાભાઈ વંશનું નામ ટોપ 5 ધારાસભ્યોમાં આવે. આ કોળી કદાવર નેતા પૂંજા વંશ સતત ઉના વિધાનસભાનું નેતૃત્વ કરી રહ્યા છે. 1990 બાદ જનતાદળનું કોંગ્રેસમાં વિલીનીકરણ થયું અને 1995માં પૂંજા વંશ ભાજપના ઉમેદવાર સામે ફરી એકવાર જીત્યા. ત્યારથી અત્યાર સુધીમાં જો પૂંજાભાઈ વંશને ફક્ત એક જ વખત 2007માં હારનો સામનો કરવો પડ્યો હતો. આજે બીજીવાર તેમને હાર મળી છે.

**સુખરામ રાઠવા :** છોટા ઉદેપુરની બેઠક પાવી જેતપુર પર સુખરામ રાઠવાનો દબદબો રહ્યો છે. છોટા ઉદેપુરના કોંગ્રેસી આગેવાન મોહન રાઠવાએ કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો ત્યારે એવી વાતો વહેતી થઈ હતી કે સુખરામ રાઠવા પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપશે પણ તેમણે આ વાતનું ખંડન કર્યું હતું. તેમને કોંગ્રેસે મેદાનમાં ઉતાર્યા પણ હાર્યા.

# AAP એ જેના પર દાવ લગાવ્યો તે ઈસુદાન-ઈટાલિયા-કથીરિયા હાર્યા

**જામજોધપુર**

વિધાનસભાની ચૂંટણીમાં ત્રીજો મોરચો તરીકે એન્ટ્રી કરનાર આમ આદમી પાર્ટીનુ સૂરસૂરિયુ નીકળી ગયું છે. ચૂંટણી પરિણામોમાં આપના સૂપડા સાફ થઈ ગયા છે. આમ આદમી પાર્ટીના મોટા માથા કહેવાતા ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, અલ્પેશ કથીરિયા ભૂંડી રીતે હાર્યા છે.

આમ આદમી પાર્ટીએની ચૂંટણી આ ત્રણેય ઉમેદવારોના દામ પર લડી હતી, પરંતુ આ ત્રણેય ઉમેદવારો ગુજરાતની જનતા પર જાદુ ન કરી શકયા. તો બીજી તરફ, જ્યાં આશા ન હતી, ત્યાં આપનુ ઝાડું ફર્યુ છે. જામજોધપુર અને વિસાવદરમાં આમ આદમી પાર્ટીની જીત થઈ છે.

આમ આદમી પાર્ટીએ જેમને



મુખ્યમંત્રીનો ચહેરો તરીકે માર્કેટિંગ કર્યું, અને જામખંભાળિયાથી ચૂંટણી લડાવી, એ જ ઈસુદાન ગઢવી ભુંડી રીતે હાર્યાં છે. ગોપાલ ઈટાલિયા આપના પ્રદેશ અધ્યક્ષ હતા, જેઓ કતારગામથી મેદાને ઉતર્યા હતા. પરંતુ તેઓ ભાજપના ઉમેદવાર વિનુ મોરડિયા સામે જીતી ન શકયા. આહી ગોપાલ ઈટાલિયાને હારનો સામનો કરવો પડયો છે. તો કાકા કહીને કુમાર કાનાણી સામે પડનાર અલ્પેશ કથીરિયાને વરાછા બેઠક પર હારનો સામનો કરવો પડયો છે.

# ભાજપની આંધીએ 2 રેકોર્ડ રચ્યા, એક રાજ્યમાં સૌથી વધુ સમય સુધી શાસન કરનારો પક્ષ

**ગાંધીનગર**

સતત સાતમી વખત વિજય સાથે ભાજપ હવે એક રાજ્યમાં સૌથી વધુ સમય સુધી શાસન કરનારો પક્ષ બન્યો છે. આ વખતે ભાજપે કોંગ્રેસના ગઢ પણ જીતી લીધા છે.

**માધવસિંહના નામ ભૂંસાયું, ભુપેન્દ્રભાઈનું લખાશે**

અત્યાર સુધી ગુજરાતમાં સૌથી વધુ બેઠકો જીતવાનો વિક્રમ કોંગ્રેસ પાસે હતો. 1985માં માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસ 149 બેઠકો જીતીને સત્તા પર આવી હતી. પણ ભાજપે 37 વર્ષ બાદ આ રેકોર્ડ ધ્વસ્ત કરીને નવો રેકોર્ડ સર્જયો છે..ભાજપે 156 બેઠકો જીતીને પોતાનો લક્ષ્યાંક હાંસલ કર્યો છે. હવે ગુજરાતના રાજકારણના ઈતિહાસમાં માધવસિંહની જગ્યાએ ભૂપેન્દ્ર પટેલનું નામ લખાઈ ગયું છે.

ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ભાજપે બેઠકોનો રેકોર્ડ તો તોડ્યો જ છે, પણ સાથે ભૂપેન્દ્ર પટેલે ઘાટલોડિયાથી સૌથી વધુ મતે જીતવાનો પોતાનો રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. 2017માં 1,17,750 મતોની લીડ સાથે જીતેલા ભૂપેન્દ્ર પટેલ આ વખતે એક લાખ 91 હજાર મતોની લીડ સાથે જીત્યા છે. જે લીડનો નવો રેકોર્ડ છે.

**સતત 7મી વાર જીત**

ભાજપ સતત સાતમી વખત ગુજરાતમાં જીતી છે. તેની સાથે જ તે એક GFXIN રાજ્યમાં સૌથી વધુ સમય સુધી સત્તા પર રહેનારો બીજો પક્ષ બન્યો છે. અગાઉ પશ્ચિમ બંગાળમાં માર્કસવાદી કોમ્યુનિસ્ટ પાર્ટી સતત સાત ટર્મ સુધી જીતી હતી. CPI(M)એ 1977થી 2011 સુધી સતત 34 વર્ષ સુધી શાસન કર્યું છે.

**કોંગ્રેસ 20 બેઠકની અંદર સમેટાઈ**

- 15મી વિધાનસભાની આ ચૂંટણીમાં કોંગ્રેસ 20 બેઠકોની અંદર સમેટાઈ ગઈ, જે કોંગ્રેસ માટે સૌથી મોટી પછડાટ છે. અગાઉ 1990માં કોંગ્રેસને સૌથી ઓછી 33 બેઠકો મળી હતી. તો આમ આદમી પાર્ટી બે આંકડા સુધી પણ નથી પહોંચી શકી.

**ભાજપનો વોટશેર 50 ટકાને પાર**

ચૂંટણીમાં ભાજપનો વોટશેર પણ 50 ટકાને પાર ગયો છે. 2017માં 49 ટકા વોટ મેળવનાર ભાજપને આ વખતે 53 ટકા જેટલા મત મળ્યા છે. જ્યારે કોંગ્રેસનો વોટશેર 41.44 ટકાથી ઘટીને સીધો 27 ટકા થયો છે. જ્યારે આમ આદમી પાર્ટીને 12 ટકા વોટ મળ્યા છે.

# કેનેડામાં ઈચ્છા મૃત્યુનો કાયદો સમસ્યા બન્યો, 2023થી સગીરોને મળશે મંજૂરી

**ટોરોન્ટો**

કેનેડામાં ઈચ્છા મૃત્યુ સમસ્યા બની રહી છે. અહિંયા ગયા વર્ષે એટલે કે, 2021માં 10 હજારથી વધુ લોકોએ ઈચ્છા મૃત્યુથી પોતાનો જીવ ગુમાવ્યો છે. કેનેડામાં એક વર્ષમાં થયેલા કુલ મોતના આંકડા કરતા 3% વધુ છે. હવે 4 મહિના પછી માર્ચ 2023માં માનસિક રીતે અસ્થિર લોકોને પણ ઈચ્છા મૃત્યુની મંજૂરી મળશે. જે અંતર્ગત સગીર લોકોને પણ ઈચ્છા મૃત્યુનો અધિકાર આપવામાં આવશે. આટલી મોટી સંખ્યામાં ઈચ્છામૃત્યુને કારણે, 'ધ ડીપ પ્લેસીસઃ અ મેમોયર ઓફ ઈલનેસ એન્ડ ડિસ્કવરી'ના લેખક રોસ ડાઉથટ કહે છે કે, જ્યારે એક વર્ષમાં 10 હજારથી વધુ લોકો ઈચ્છા મૃત્યુ કરી રહ્યા છે, ત્યારે ઈચ્છા મૃત્યુની મંજૂરી કોઈ સિવિલ સોસાયટીની નથી રહેતી, પરંતુ આ એક આતંકનું સામ્રાજ્ય બની જાય છે.

રોસ કહે છે કે દેશમાં મોટાભાગના લોકો ઈચ્છા મૃત્યુની પરવાનગીના સમર્થનમાં છે. તેમનું માનવું છે કે સન્માન સાથે જીવવું અને મરવું એ માણસનો અધિકાર છે. એસોસિએટેડ પ્રેસના મારિયા ચેંગે તેમના અહેવાલમાં જણાવ્યું છે કે, કેનેડામાં આરોગ્ય કર્મચારીઓ એવા લોકોને પણ ઈચ્છામૃત્યુની સલાહ આપી રહ્યા છે જેઓ આર્થિક તંગીથી પરેશાન છે અને આત્મહત્યા વિશે વિચારવા લાગ્યા છે.


SUPER VISA MEDICAL INSURANCE
VISITOR TO CANADA INSURANCE
Up to 45 % DISCOUNT with deductible
Guaranteed Lowest Premium
LIFE INSURANCE
MORTGAGE /LINE OF CREDIT INSURANCE

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 8.00 | $ 12.00 | $ 11.00 | $ 18.00 | $ 20.00 | $ 27.00 |
| 40 Yrs | $ 11.00 | $ 15.00 | $ 14.00 | $ 21.00 | $ 25.00 | $ 36.00 |
| 50 Yrs | $ 25.00 | $ 35.00 | $ 32.00 | $ 45.00 | $ 60.00 | $ 85.00 |
| 60 Yrs | $ 60.00 | $ 80.00 | $ 107.00 | $ 150.00 | $ 190.00 | $ 236.00 |

Rates Quotes are Preferred Plus Non Smoker Term 10 With Medical Test & Rates are Subject to Change.

- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age) 85
  (ત્યાં સુધી કે તમને ડાયાબીટીસ, બ્લડ પ્રેશર, હાર્ટ એટેક, કેન્સર હોય અથવા બીજી કોઈ કંપની દ્વારા તમામ ઇન્સ્યોરન્સને ડિકલાઈન કર્યુ હોય)
- LIFE INSURANCE FOR REFUGEES, STUDENTS, KIDS, ON WORK PERMIT
- GURANTEED MONEY BACK (Life, Critical Illness & Disability Insurance)
- Corporate owned Life and Critical Insurance
- Key Person Insurance • RRSP • RESP • TFSA


Davinder Singh Chawla
TOLL : 1866.623.0865
Financial Hut Ltd.
Call For HONEST ADVICE 416.320.4614
www.financialhutltd.co Email : - Davindersinghfhl@gmail.com



THINKING OF
BUYING, SELLING OR INVESTING?
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
મોર્ટગેજ જોઇયે છે? અમે મદદ કરી શકીએ છીએ!
CALL 416 893 4585 TODAY!!!
SUBHRO CHAKRABORTY SALES REPRESENTATIVE
SUDHIR PARMAR SALES REPRESENTATIVE

Call us TODAY for all of your Real Estate needs and get honest, reliable and professional Service you can count on.
- Residential
- New Construction
- Investment
- Commercial

MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER - TEAM LEADER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
#1 RE/MAX
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
#SellwithABOWATH your Local REALTOR



Travel Services
SPECIAL OFFERS
KLM Royal Dutch Airlines
(KL878 BOM-AMS) (KL691 AMS-YYZ)

| | | | |
|---|---|---|---|
| 16 DEC | BOM | AMS | TORONTO |
| 20 DEC | BOM | AMS | TORONTO |
| 13 JAN 2023 | BOM | AMS | TORONTO |
| 16 JAN 2023 | BOM | AMS | TORONTO |

الاتحاد ETIHAD
KLM Royal Dutch Airlines
TORONTO - BOMBAY - TORONTO $2799 Including Tax

| | | | | | |
|---|---|---|---|---|---|
| 05 DEC | TORONTO | BOM | 13 JAN | BOM | TORONTO |
| 05 DEC | TORONTO | BOM | 16 JAN | BOM | TORONTO |

tico.ca Travel Industry Council of Ontario 50018836
LIMITED SEATS AVAILABLE
WITH 2 BAGGAGE 23KG EACH
All tickets are non refundable and non Changeable Condition Apply*
IATA
DIPTESH PATEL +1 (647) 409-2976
905-790-8989 travelservices@bellnet.ca
2565 Steels Ave. E., Unit #20, Brampton, ON, L6T 4L6




REMITTANCE PARTNER
WESTERN UNION moving money for better
INSTANT CASH
Ria MONEY TRANSFER
XPRESS MONEY
& more...
SEND MONEY TO
INDIA, DUBAI, ABU DHABI, KUWAIT, SAUDI ARABIA, PAKISTAN, OMAN, QATAR, BANGLADESH, SRI LANKA, UNITED KINGDOM, USA, AUSTRALIA, NEW ZEALAND
AVAILABLE SERVICES:
- Best Money Transfer rates To All Across The World
- Currency Exchange Available For More Than 30 Currencies
- Direct Bank Deposit and WIRE Transfer
- Home Delivery Available For India**
- Cash Pick up & Bank Deposit to India & Pakistan
- Payment After Remittance**

CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
Bring Money, Send Money & Currency Exchange
"Best Money Transfer Rates For India And Pakistan"
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan & Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
# 102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416-901-9995, 416-439-9995

તંત્રી સ્થાનેથી

# ગુજરાતમાં મોદી-શાહની સુનામી કોંગ્રેસ ધ્વસ્ત અને AAP આઉટ



તંત્રી - સ્વદેશ

ગુજરાત વિધાનસભાના ચૂંટણી જંગમાં આ વખતે ભાજપે ઐતિહાસિક અને પ્રચંડ વિજય મેળવીને નવો રેકોર્ડ સર્જી દીધો. વિધાનસભાની કુલ 182 બેઠકની ચૂંટણી પૈકી 156 બેઠકો અંકે કરીને ભાજપે અગાઉ માધવસિંહ સોલંકીએ કોંગ્રેસ તરફથી 149 બેઠકો જીતવાનો 1985નો રેકોર્ડ પણ તોડી નાંખ્યો છે. ગુજરાતમાં ભાજપ સતત ૨૭ વર્ષથી સત્તામાં છે. જો કે, ૨૦૧૪ની ચૂંટણીમાં ગુજરાતમાં પાટીદાર અનામાત આંદોલન સહિતના પરિબળોને કારણે ભાજપને ૯૯ બેઠકો મળી અને કોંગ્રેસ 77 બેઠકો સુધી પહોંચી ગઈ હતી. ત્યાર ગુજરાતમાં નાગરિકો હવે ભાજપથી કંટાળી ગયા છે અને ૨૦૨૨માં તેની પાસેથી સત્તા છીનવાઈ જશે તેવુ લાગતા હતુ. પરંતુ ભાજપે 2019ની ચૂંટણીની સાટું વાળી દીધું છે.

ગુજરાતમાં આ વખતે મતદાન પ્રમાણમાં ઓછું થયું હતું. ૧ ડિસેમ્બરે સૌરાષ્ટ્ર-કચ્છ અને દક્ષિણ ગુજરાતની ૮૯ સીટ પર ૬૩.૩૧ અને ૫ ડિસેમ્બરે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની ૯૩ સીટ પર મતદાન ૬૫.૩૦ ટકા મતદાન થયું હતું. બંને તબક્કાનું થઈને સરેરાશ મતદાન ૬૪.૩૦ ટકા થયું હતું. મતદાનની આ ટકાવારી ૨૦૧૭ની સરખામણીમાં ૪ ટકા જેટલી ઓછી હતી. તેના કારણે ભાજપને નુકસાન થઈ શકે છે એવી શક્યતા વ્યક્ત કરાતી હતી પણ ભાજપે આ તમામ ગણતરીઓને ખોટી પાડીને ભવ્ય વિજય મેળવ્યો છે.

વાસ્તવમાં ગુજરાતમાં આ જીતનો શ્રેય વડા પ્રધાન નરેન્દ્ર મોદીની કુનેહપૂર્વકની રાજનીતિ અને અમીત શાહ જેવા ચાણક્યની રણીનીતિને આપવો પડે તેમ છે. આ વખતે કોંગ્રેસને માત્ર 17 બેઠકો પર સીમીત કરીને ભાજપે તેની પાસેથી વિપક્ષ તરીકેનો દરજ્જો પણ છીનવી લીધો છે. ૨૦૨૨માં ભાજપે તમામ ૧૮૨ બેઠકો ઉપર ઉમેદવારો ઊભા રાખ્યા હતા, જેમાંના 156થી વધુ ઉમેદવારો ચૂંટાઈ આવ્યા છે. આ વખતે આમ આદમી પાર્ટીની એન્ટ્રીને ભાજપે ખૂબ જ ગંભીરતાથી લીધી હતી. અમિત શાહે ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો સંપૂર્ણ દોર પોતાના હાથમાં લઈ લીધો હતો. ઉમેદવારોની પસંદગીથી માંડીને ચૂંટણી પ્રચારની વ્યૂહરચના સુધીનો બધો જ કાર્યક્રમ અમિત શાહે જ નક્કી કર્યો હતો.

ભાજપ પાસે જોરદાર સંગઠન છે અને લોકો હિંદુત્ત્વના કારણે ભાજપને પસંદ કરે છે એ પરિબળનો ઉપયોગ કરવામાં શાહ પાછળ પડ્યા નહીં. આખા પ્રચાર વેળા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ભૂપેન્દ્ર પટેલ સહિતના નેતા બેકગ્રાઉન્ડમાં હતા. વળી, છેલ્લાં એક મહિનાથી તો ખુદ મોદીએ ગુજરાતના પ્રવાસનો સિલસિલો જારી રાખ્યો હતો. મોદીએ અમદાવાદ અને સુરત જેવા શહેરોમાં વિશાળ રોડ શો કરીને લોકોને અપીલ કરી કે, મોદીને તેના મતની જરૂર છે. તેના મત વિના મોદીનો વટ નહીં પડે. આ સાથે જ મોદીએ સૌરાષ્ટ્ર, દ.ગુ અને મધ્ય તેમજ ઉત્તર ગુજરાતમાં પ્રચાર સભાઓ કરીને ભાજપ શાસનમાં થયેલા કામોને પણ યાદ કર્યા. સાથે સાથે સોફ્ટ હિંદુત્વનો મુદ્દો પરોક્ષ રીતે ઉછાળ્યો. રાજ્યમાં કોંગ્રેસ સમયના અસામાજિક તત્વોના સામ્રાજ્યને પણ યાદ કરાયુ અને ભાજપ શાસનમાં રાજ્યમાં શાંતિ સલામતિની સ્થાખ્ના થઈ હોવાનું મોદી અને શાહે ફરી લોકોના દીમાગમાં લાવી દીધુ હતુ.

મોદીએ પ્રચાર દમિયાન જ આ ગુજરાત મેં બનાવ્યુ છે તેવું અભિયાન પણ ઉપાડ્યુ હતુ. આખરે મતદારોએ માત્ર નરેન્દ્ર મોદીની લોકપ્રિયતાને જોઈને જ ભાજપને મતો આપ્યા છે. ખાસ કરીને રાજ્યના ચાર મોટા શહેરોમાંથી ભાજપને અધધ મત મળતા અનેક ઉમેદવારો એકથી બે લાખ સુધીની સરસાઈ સાથે જીત્યા છે. ભૂપેન્દ્ર પટેલ મંડળી મંડળના 20 મંત્રી ચૂંટણી લડ્યા હતા જયારે તેમાંથી 19 જીત્યા છે. આ ઉપરાંત પક્ષપલ્ટુ કરીને ભાજપમાં આવેલા 21 પૈકી 17 ઉમેદવારો પર જનતાએ વિશ્વાસ રાખીને તેને જીતાડ્યા છે. બીજી તરફ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીના કેસમાં ગાજ્યા મેઘ વરસ્યા નહીં જેવો ઘાટ થયો છે. આમ તો આખા પ્રચાર દરમિયાન આમ આદમી પાર્ટીના નેતાઓએ સકારાત્મક રાજકારણ રમવાનો પ્રયાસ કર્યો. આરોગ્ય, શિક્ષણ, બેરોજગારી, વીજળી જેવા મુદ્દાઓ ઉઠાવ્યા પણ મોદીની લોકપ્રિયતાને કારણે તે તમામ ગૌણ થઈ ગયા. એટલું જ નહીં, મોંઘવારી, બેરોજગારી જેવા પડકારોને પણ પ્રજાએ હાલ કોરાણે મુકીને મોદી તરફ જ જોયુ છે.

અલબત ગુજરાતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઝંપલાવવાથી સૌથી વધુ નુકસાન કોંગ્રેસને થયું હોવાનું પણ રાજકીય પંડિતો માને છે. કારણ કે, આ ચૂંટણીમાં કોંગ્રેસનો વોટ શેર 2017 કરતા 14.12 ટકા ઘટી જતા 60 બેઠકનું નુકસાન થયુ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારની કેટલીક બેઠકોમાં આપના ઉમેદવારોએ કોંગ્રેસના મત તોડી નાંખતા કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. ગુજરાતમાં કોંગ્રેસના મોવડીમંડળને જાણે કોઈ રસ જ ન હોય તેવો માહોલ હતો. કોંગ્રેસના કાર્યકારી પ્રમુખની જવાબદારી સંભાળતો હાર્દિક પટેલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ ગયો તેનાથી પણ તેમને જાણે કોઈ ફરક પડતો નહોતો. કોંગ્રેસે ગુજરાતના નામનું જાણે નાહી નાખ્યું હતું. છેલ્લે રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા કાઢી તે વખતે ગુજરાતમાં ચૂંટણી નજીક હતી તો પણ ભારત જોડો યાત્રામાંથી ગુજરાતને બાકાત રાખવામાં આવ્યું હતું. સોનિયા ગાંધીની એક પણ સભા ગુજરાતમાં યોજાઈ નહોતી. જયારે મોડે મોડે રાહુલ ગાંધીની માંડ બે સભા યોજાઈ હતી. ૨૦૧૪ પછી ગુજરાતમાં જો ભાજપનું ટેન્સન કોઈએ વધારી મૂક્યું હોય તો તે આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ હતા. ગુજરાતમાં ભાજપથી નારાજ થયેલા પાટીદારોને અરવિંદ કેજરીવાલે સાધવાની શરૂઆત કરી હતી. સુરતમાં પાટીદાર મતવિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં તેમને ૨૬ બેઠકો મળી હતી. કોંગ્રેસનું સંપૂર્ણ ધોવાણ થયું હતું પણ ભાજપને આંચકો લાગ્યો હતો.

ગુજરાતના પાટીદારો જો સાગમટે "આપ' માં જોડાઈ જાય તો ભાજપને ભારે પડે તેમ હતું. ડેમેજ કન્ટ્રોલ કરવા આખું પ્રધાનમંડળ રાતોરાત બદલી કાઢવામાં આવ્યું હતું. જૈન મુખ્ય પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પાડીને પાટીદારને મુખ્ય પ્રધાન બનાવવામાં આવ્યા હતા. અલબત્ત, આમ આદમી પાર્ટીને ચૂંટણીમાં ૩૫ લાખ મતો મળ્યા છે. એટલે કે, આમ આદમી પાર્ટીએ 12.5 ટકાથી વધુ વોટ શેર મેળવ્યો છે.

અલબત્ત પહેલીવાર મોટાપાયે ચૂંટણી લડનારી આમ આદમી પાર્ટીએ ગુજરાતના રાજકારણમાં અત્યાર સુધી આવેલા બીજા બધા ત્રીજા પરિબળ કરતાં બહેતર દેખાવ કર્યો છે એ કબૂલ કરવું પડે. ગુજરાતમાં ભાજપના મૂળિયા જોતાં આમ આદમી પાર્ટી સત્તામાં આવી શકશે કે કેમ એ વિશે શંકા છે, પણ એ કૉંગ્રેસના સ્થાને મુખ્ય વિરોધ પક્ષનું સ્થાન લઈ જશે તેમાં શંકા નથી.

મનોજ ગાંધી

manoj1968@yahoo. ca

ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
647-339-3926 | aristopest@gmail.com | www.aristopestcontrol.com

✔ Mice
✔ Rat
SAME DAY SERVICE - RESIDENTIAL, COMMERCIAL, INDUSTRIAL
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ WASPS and
✔ Hive Removal
WE SPEAK ENGLISH, GUJARATI & HINDI
24 HRS / 7 DAYS EMERGENCY SERVICES AND ANIMAL REMOVAL
We also provide No Obligation Inspection for Commercial and Residential Clients.
Written Guarantee And Discounted Rates
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION International
CPMA - ACGP
SPMAO
CALL SANKET TRIVEDI - 647.339.3926
Government Licensed Structural Exterminator

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
VISITOR VISA
- Visitor Insurance
- RRSP (Retirement Plan)
- RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)

MADHUSUDAN LAMA
647-833-4477

HETAL SHAH
416 -522-1676

ANIRUDH LAMA
416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com

# બનાવટી ચલણી નોટના કેસમાં બેને સાત વર્ષની કેદ, NIA કોર્ટનો સૌપ્રથમ ચુકાદો

## 2019માં સુરત ડીઆરઆઇએ બાતમીના આધારે આરોપીઓને ઝડપી લીધા હતા

**સુરત**

બનાવટી ચલણી નોટોના ડીઆરઆઈ (ડાયરેકટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ) દ્વારા દાખલ કરાયેલા એક કેસમાં અત્રેની એનઆઈએ કોર્ટના સ્પેશ્યલ જજ સુભદ્રા કે.બક્ષીએ આરોપી વિનોદ નિષાદ ઉર્ફે વિનોદ સહાની અને મોહમંદ શેખ રિયાઝુદ્દીને શેખને સાત-સાત વર્ષની સખત કેદની સજા ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. બનાવટી ચલણી નોટોના કેસમાં સ્પેશ્યલ એનઆઈએ કોર્ટનો આ પ્રથમ ચુકાદો હોઈ ઘણો મહત્વનો મનાઈ રહ્યો છે.

સુરત ડીઆરઆઈના અધિકારીઓને બાતમી મળી હતી કે, મુઝફ્ફરપુર, બિહારનો રહેવાસી આરોપી વિનોદ નિષાદ ટ્રેન મારફતે બિહારથી સુરત આવી રહ્યો છે અને અહીં બનાવટી ચલણી નોટોની ડિલીવરી કરવાનો છે. આરોપીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, દેશના અર્થતંત્રને તોડવાના ઈરાદાથી બનાવટી ચલણી નોટો ભારતીય બજારમાં ફરતી કરવાની હતી અને આરોપીએ અન્ય આરોપી મોહમંદ શેખ રિયાઝુદ્દીન શેખ સાથે મળીને સમગ્ર કાવતરૂ રચ્યું હતુ પરંતુ તા.૨૦-૭-૨૦૧૯ના રોજ આરોપી વિનોદ નિષાદની ધરપકડ કરી લેવાઈ હતી. બાદમાં સુરતમાં રહેતો અન્ય આરોપી મોહમંદ શેખ પણ ઝડપાઈ ગયો હતો. બંને આરોપીઓ બનાવટી ચલણી નોટોની હેરાફેરી કરવાની ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા હતા.

# પુત્રીના લગ્ન માટે દેવું થતાં માનસિક તાણમાં સચિનના આધેડનો આપઘાત

**સુરત**

સચીનમાં પાલીગામમા ડી.એમ નગરમાં રહેતા ૪૫ વર્ષીય ભગવાન વિષ્ણુ પોલાઈએ શુક્રવારે ઘર પાસે ખુલ્લા મેદાનમાં ઝાડની દાળી સાથે કપડુ બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતુ. ભગવાનના પરિવારના સભ્યોએ કહ્યુ કે ભગવાન મુળ ઓરીસ્સાના ગંજામના વતની હતા. જોકે તેમણે પુત્રીના લગ્ન માટે કેટલાક વ્યકિતઓ પાસે ઉછીના પૈસા લીધા હતા. જેના લીધે તે ટેન્શનમાં રહેતા હોવાથી આ પગલુ ભર્યુ હોવાની સકયતા છે. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તે સંચાખાતામાં કામ કરતા હતા. સચીન જી.આઈ.ડી.સી પોલીસે તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં કાપોદ્રા વિસ્તારમાં આવેલા મરઘા કેન્દ્ર પાસે ચચળ નગરમાં રહેતો ૩૯ વર્ષીય કૈલાશ ગુલાબભાઈ સોનવણે શુક્રવારે સાંજે ઘરમાં હુક સાથે સાડીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પોલીસ સૂત્રએ કહ્યું હતું કે કૈલાશે જોલવા ખાતે લોન પર મકાન લીધું હતું. જોકે તે મકાનના હપ્તા ભરવાના લીધે તે સતત માનસિક તાણ અનુભવતા હોવાથી આ પગલું ભર્યું હોવાની શક્યતા છે પણ હકીકત તપાસ દરમિયાન જાણવા મળશે.

# સુરતના ઉધના - મહિધરપુરા વિસ્તારમાં ગણતરીના કલાકોમાં બે યુવાનની હત્યા

**સુરત**

સુરતના વેડરોડ ઉપર બાળકી સાથે દુષ્કર્મ બાદ હત્યાની ઘટના બાદ મોડીરાત્રે ઉધના ત્રણ રસ્તા પાસે એક યુવાન લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં મળતા ઉધના પોલીસ ત્યાં દોડી ગઈ હતી.પોલીસે તપાસ કરતા અંદાજીત 30 થી 35 વર્ષના યુવાનને ડાબી બાજુ છાતીના ભાગે બગલની નીચે તિક્ષ્ણ હથીયાર મારી હત્યા કરાઈ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ગુજરાત ગારમેન્ટની દુકાનના માલિક ચિરાગ દિનેશભાઈ બહોરાનો સંપર્ક કરી બોલાવી પુછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તે રાત્રે નવ વાગ્યે દુકાન બંધ કીર ઘરે જવા નીકળ્યા ત્યારે તેમની દુકાનની આજુબાજુની દુકાનોના ઓટલા પર કેટલાક લોકો સુતા હતા.પણ તેમની દુકાનના ઓટલા પર કોઈ સૂતું નહોતું. આ બનાવના 10 કલાક બાદ સવારે નવ વાગ્યે ગોતાલાવાડીથી લાલ દરવાજા તરફ જતા રોડ ઉપર પટેલવાડી એસ.એમ.સી ઝોન ઓફીસના કંપાઉન્ડના લાલદરવાજા રોડ તરફના ગેટ પાસે એક યુવાનની હત્યા કરેલી લાશ મળતા મહિધરપુરા પોલીસ ત્યાં દોડી ગઈ હતી.પોલીસ તપાસમાં તેની ઓળખ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને સુરતમાં વેડરોડ પંડોળ ખાતે એમ્બ્રોઈડરીના કારખાનામાં નોકરી કરતા તેમજ ત્યાં જ રહેતા બ્રિજેશ પ્યારેલાલ પટેલ ( ઉ.વ.29 ) તરીકે થઈ હતી.બ્રિજેશને તિક્ષ્ણ હથિયાર વડે છાંતીના ભાગે, પેટના ભાગે, બન્ને હાથના ખભાના ભાગે, સાથળના આગળ પાછળના ભાગે તથા ઘુટણ નીચેના પગના ભાગે આડેધડ 15 ઘા મારી હત્યા કરવામાં આવી હતી.

WE ARE HIRING
FULL TIME: ACCOUNTANT / SALES ASSOCIATE
Required Experience
Priority: Great knowledge of Quickbook Software
Basic Accounting, Book Keeping and Office work
Must: Computer Proficient (MS: Excel and Word)
Essential
- Quick learner and have good communication skill
- Able to work in fast pace environment
- Multitask, punctual and detail Oriented
-Telephone etiquettes and student (with B.Com./C.A. with prior experience) having valid study permit will be given first priority.
ZAKIR : 416-936-9007, AMIN : 647-527-8214
Email: jackfilledinc@yahoo.ca
JACK FILLED FOREIGN EXCHANGE INC
102-305, Milner-Ave., Scarborough, ON, MIB 3V4

નવા વર્ષની શુભકામનાઓ...
ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન
Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ
Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax
CATERING SPECIAL
$11.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber
All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)
$14.99 (M-T) / $15.99 (F-S)
Franchise Opportunity in GTA
રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.
Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪ ૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# વડોદરાના સુભાનપુરામાં છુપાવેલું રૂપિયા નવ કરોડનું ડ્રગ જપ્ત કરાયુ

## આરોપીના પુત્રએ ડ્રગ્સ માફિયાને ડ્રગ્સ આપ્યું : અન્ય સ્થળોએ ડ્રગ્સ મોકલાતુ હોવાની શક્યતા

**વડોદરા**

વડોદરાના સીંધરોટમાં ઝડપાયેલા ૪૭૯ કરોડની કિંમતના મેફેડ્રોન કેસમાં આરોપીઓની પુછપરછમાં એટીએસને વધુ એક સફળતા મળી છે. જેમાં નવ કરોડની કિંમતના ડ્રગ્સ વડોદરાના સુભાનપુરા ખાતેથી જપ્ત સાથે એકની ધરપકડ કરવામાં આવી છે.આ ઉપરાંત, અગાઉ ઝડપાયેલા આરોપીના પુત્રની સંડોવણી પણ બહાર આવી છે. ત્યારે આગામી સમયમાં વધુ ચોંકાવનારા તથ્યો બહાર આવવાની શક્યતા છે. વડોદરા જિલ્લાના સીંધરોટમાં છ દિવસ પહેલા ગુજરાત એટીએસ દ્વારા દરોડો પાડીને મેફેડ્રોન ડ્રગ્સ તૈયાર કરતી ગુજરાતની સૌથી ફેક્ટરી પકડાઇ હતી. જેમાં પોલીસે વડોદરામાં રહેતા સૌમિલ ઉર્ફે સેમ સુરેશચંદ્ર પાઠક, શૈલેષ કટારિયા, વિનોદ ઉર્ફે પપ્પુ નિજામા, ભરત ચાવડા અને નડિયાદના મોહંમદ શફી મિસ્કીન દિવાનને ઝડપી લીધા હતા. દરોડા દરમિયાન પોલીસે રૂપિયા ૪૭૯ કરોડની કિંમતનું મેફેડ્રોન ડ્રગ્સ જપ્ત કર્યું હતું. જે અંગે આરોપીઓની પુછપરછમાં એટીઅસને માહિતી મળી હતી કે ભરત ચાવડાએ તેના પુત્ર હર્ષ ચાવડા મારફતે મેફેડ્રોન ભરેલી થેલી વડોદરામાં ડ્રગ્સના કારોબાર સાથે જોડાયેલા અશોક પટેલને આપી હતી. ડ્રગ્સનો જથ્થો અશોક પટેલે વડોદરા સુભાનપુરા પાસે છુપાવેલું છે. જે બાતમીને આધારે એટીએસ અને વડોદરા એટીએસ દ્વારા તપાસ કરવામાં આવતા એક કિલો ૭૦૦ ગ્રામ મેફેડ્રોન ભરેલી થેલી મળી આવી હતી.

# કરજણ ખાતે ભાજપના ઉમેદવારના પુત્રએ દલિત મહિલાનું ગળું દબાવ્યું

**વડોદરા**

કરજણ તાલુકાના રણાપુર ગામે ગત તા.૧ લીએ ભાજપના ઉમેદવારના ટેકેદારો રણાપુર પ્રચાર માટે નીકળ્યા તે દરમિયાન સંતોષભાઈના ઘરે ભાજપના કાર્યકર્તા એ ભાજપ ઉમેદવારોનો પત્રિકા આપી હતી.જે અંગે સંતોષભાઈએ કહ્યું હતું કે અમોને જ્યાં ફાવે ત્યાં વોટ આપીશુ.

આ સાંભળી ટેકેદારે ફોન કરી અક્ષય પટેલના પુત્ર ષિ પટેલને જાણ કરતાં તે પણ ત્યાં બે ટેકેદારો પ્રકાશ પટેલ અને કિરણ પટેલ સાથે આવી પહોંચ્યો હતો.બંને ટેકેદારોએ ઋષિભાઇને ખોટું નિવેદન આપી અમને અપમાનિત કર્યા હતા અને ધમકી આપી મારૂં ગળું દબાવી દીધું હતું.

સંતોષભાઈએ અરજીમાં એવો આક્ષેપ કર્યો છે કે,મારી માતા વચ્ચે પડતાં ઋષિ પટેલે તેમને ધક્કો મારી પાડી દીધા હતા.જેથી તેઓ અર્ધનગ્ન થઇ ગયા હતા.આ લોકોએ અમને સળગાવી દેવાની ધમકી પણ આપી હતી.જેથી અમને પોલીસ તાકીદે પોલીસ રક્ષણ મળવું જોઇએ. અરજદાર દ્વારા કરજણ પોલીસ,સમાજ કલ્યાણ,એસ.ટી.એસ.સી સેલ ગ્રામ્ય વડોદરા ,વડોદરા કલેક્ટર ને લેખિત ફરિયાદ કરતી અરજી કરાતાં ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો છે.

# વડોદરા જિલ્લા ભાજપમાં અસંતુષ્ટો સામે પગલાં,પૂર્વ જિલ્લા પ્રમુખ બરતરફ

**પોરબંદર**

વડોદરા જિલ્લા ભાજપમાં અસંતુષ્ટો સામે પગલાં લેવામાં આવ્યા છે.જે પૈકી વડોદરા જિલ્લાના પૂર્વ પ્રમુખને બરતરફ કરવામાં આવ્યા હતા. વાઘોડિયા બેઠક પર અપક્ષ ઉમેદવારી કરનાર ધર્મેન્દ્રસિંહ વાઘેલાના નિકટના સબંધી એવા વડોદરા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ દિલુભા ચુડાસમા તેમનો પ્રચાર કરતા હોવાના આક્ષેપો થતાં તેમનો ખુલાસો માંગવામાં આવ્યો હતો. પરંતુ તેમણે કોઈ સ્પષ્ટતા નહિં કરતાં પક્ષે આજે બરતરફ કરવાનો નિર્ણય લીધો હતો. આ જ રીતે કરજણ સીટ પર કોંગ્રેસમાંથી આવેલા પૂર્વ ધારાસભ્ય અક્ષય પટેલના વિરોધમાં પ્રચાર કરતો સતિષ નિશાળિયાનો એક ઓડિયો વાયરલ થયો હતો.જેથી તેમની પણ સ્પષ્ટતા માંગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.નોંધનીય છે કે ચૂંટણી પહેલાં વડોદરા જિલ્લામાં ભાજપે ૫૧ લોકોને

# વડોદરામાં વકીલનું અપમાન કરનાર જજ વિરુદ્ધ હોબાળો અને સૂત્રોચ્ચાર

**વડોદરા**

વડોદરાની કોર્ટમાં ફરજ બજાવતા એક જજ ની કાર્યરીતિ વિરુદ્ધ આજે વકીલ મંડળના સભ્યોએ સૂત્રોચાર કરી હોબાળો મચાવ્યો હતો અને તેમની કોર્ટમાં નહીં જવાનો ઠરાવ કર્યો હતો.

મંગળવારે વડોદરાની કોર્ટના એક ન્યાયાધીશની કોર્ટમાં વકીલ ધર્મેન્દ્ર રાજપુતની રજુઆત વખતે કોર્ટે અપમાન કર્યું હતું અને કેસની તારીખ નકકી કરવા જેવી સામાન્ય બાબતમાં વકીલનું અપમાન કર્યું છે. આ જજ સામે અગાઉ પણ ઘણા બધા વકીલોની ફરીયાદ વકીલ મંડળને મળી હતી અને મૌખિક ફરીયાદો પણ વારંવાર મળેલ છે. વકીલ મંડળના ચુટાયેલા સભ્યો પોતાના કામ અર્થે કોર્ટના કામ અર્થે જતા-આવતા હોઈ ત્યારે પણ મૌખિક રજુઆત કરેલ છે. તેથી જજ વિરૂદ્ધ વડોદરા વકીલ મંડળ ધ્વારા રજુઆત કરવામાં આવેલ હતી પરંતુ તેમના વર્તનમાં સુધારો આવેલ નથી. પરંતુ પરીણામ શુન્ય છે અને આજરોજ તો સદર જજ સાહેબ બાર અને બેન્ચ વચ્ચેના સમન્વય સબંધ તોડી નાંખેલ છે જેના વડોદરા વકીલ મંડળના તમામ સભ્યો સખત વિરોધ કરેલ છે જેથી આ જજ જયાં સુધી વર્તન સુધરે નહી ત્યાં સુધી આ જજની કોર્ટનો બહિષ્કાર કરવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

# વડોદરામાં હાર્ટ એટેક બાદ સ્ટેન્ટ મુકાવ્યો છતાં 73 વર્ષના જયંતિભાઈએ મતદાન કર્યુ

**વડોદરા**

સમા વિસ્તારમાં રહેતા જીએસએફસીના નિવૃત્ત કર્મચારી જયંતિભાઇ પરમારને ગત તા.૨જી ડિસેમ્બરે વહેલી સવારે હાર્ટ એટેક આવ્યો હતો તેઓ પરિવાર સાથે ગાંધીનગરમાં હતા. તેમને તુરંત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાં બીજા દિવસે તેમની સર્જરી કરવામાં આવી અને હાર્ટમાં સ્ટેન્ટ મુકવામા આવ્યું હતું. જયંતિભાઈની પુત્રવધૂ જિયા કહે છે કે સોમવારે મતદાનનો દિવસ હતો એટલે પપ્પાએ ઈચ્છા વ્યક્ત કરી કે મારે મતદાન કરવા વડોદરા જવુ છે. ડોક્ટરને આ બાબતે જાણ કરતા તેઓએ બપોરે ૨ વાગ્યે રજા આપી. કાર મગાવી અને છેલ્લી ઘડીએ એટલે કે પોણા પાંચ વાગ્યે અમે સમા સ્પોર્ટસ કોપ્લેક્સ ખાતે મતદાન મથકે પહોંચ્યા અને અમે પરિવાર સાથે મતદાન કર્યુ હતું.




# ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવાતો નથી

## સરકારે જણાવ્યું કે, માત્ર 14 શાળામાં જ ગુજરાતી નથી ભણાવાતુ, સરકારની વાત બિલકુલ ખોટી : અરજદાર

**અમદાવાદ**

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાતપણે ભણાવવા અને આ અંગેના સરકારના પરિપત્રના કડકાઈથી અમલ કરાવવા દાદ માંગતી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ મહત્વની રિટ અરજીની સુનાવણીમાં સરકાર અને અરજદારપક્ષ વચ્ચે સામસામે દાવા અને પ્રતિઆક્ષેપ થયા હતા. સરકારે બચાવ કર્યો હતો કે, રાજયમાં ૪૫૦૬ શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવાય છે, માત્ર ૧૪ શાળામાં જ ગુજરાતી ભણાવાતુ નથી. જો કે, અરજદારપક્ષે સરકારના દાવાને ધરાર ફગાવ્યો હતો અને હાઈકોર્ટનું ધ્યાન દોર્યું કે, સરકાની વાત ખોટી છે, રાજયની મોટાભાગની શાળાઓમાં ગુજરાતી વિષય ભણાવાતો જ નથી.

તેથી ૨૦૨૩-૨૪ના નવા શૈક્ષણિક વર્ષથી રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી ભાષા ફરજિયાતપણે ભણાવવામાં આવે તે માટે હાઈકોર્ટ આદેશ કરે. હાઈકોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ ફરી એકવાર રાજય સરકાર પાસેથી એ મુદ્દે ખુલાસો માંગ્યો છે કે, રાજયમાં કેટલી શાળાઓમાં પહેલા ધોરણથી ગુજરાતી ભણાવાય છે અને ફરજિયાતપણે ભણાવવામાં આવે છે..? હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૧૬મી ડિસેમ્બરના રોજ રાખી હતી. માતૃભાષા અભિયાન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં કરાયેલી જાહેરહિતની રિટ અરજીમાં એડવોકેટ અર્ચિત પ્રકાશ જાનીએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી વિષય ફરજિયાત પણે ભણાવવામાં આવે તે માટે ખુદ રાજ્ય સરકારનો તા.૧૩-૪-૨૦૧૮ નો પરિપત્ર છે પરંતુ તેની ચુસ્તપણે અમલીકરણ થતુ નથી, તેથી માતૃભાષાની ખુદ સત્તાવાળાઓ દ્વારા જ ઉપેક્ષા થઈ રહી છે.

# હત્યાના કેસમાં બાળ આરોપીને 3 વર્ષ સ્પે.હોમની સજા

**અમદાવાદ**

અમદાવાદમાં યુવકની હત્યા કરવાના કેસમાં એક બાળ આરોપી(જુવેનાઈલ)ને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડે ત્રણ વર્ષ માટે સ્પેશ્યલ રિમાન્ડ હોમમાં રાખવાનો મહત્ત્વનો આદેશ કર્યો છે. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં ગત તા.૧૯-૧૧-૨૦૧૦ના રોજ આનંદ બાબુભાઈ ખીંચી રાત્રે ૧૦-૩૦ વાગ્યે પોતાના ઘરે હતા. તે સમયે તેમણે જુવેનાઈલ સહિત અન્ય ત્રણ જણાને તેમના ઘેર પાર્ટી કરવા બોલાવ્યા હતા. બાદમાં બધા ભેગા મળી અનુપમ સિનેમાની સામે બરફના કારખાના પાસે દારૂ પીવા બેઠા હતા. જયાં બાળ આરોપીએ ફરીયાદી આનંદ બાબુભાઈ ખીંચીને કહ્યું કે, તારી બહેન સુનીતા મારા ભાઈનો પીછો છોડતી નથી. તું તારી બહેનને સમજાવતો નથી. આ વાતમાં બંને પક્ષે બોલાચાલી વધી હતી જેમાં બાળ આરોપી અને તેના સાથીદારોએ આનંદે ખીંચીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બાદ તેનું મોત નીપજયુ હતું.

# વૃધ્ધાની હત્યા કરી 50 વર્ષથી ફરાર હત્યારા સીતારામને પોલીસે ઝડપ્યો

**અમદાવાદ**

આજથી ૪૯ વર્ષ પહેલા ૧૯૭૩ની સાલમાં સરદારનગર વિસ્તારમાં ૭૦ વર્ષના વૃદ્ધાની લૂંટના ઈરાદે હત્યા કરી ૨૬ વર્ષનો સિતારામ ફરાર થઈ ગયો હતો. પોલીસે આરોપીને પકડવાના અનેક પ્રયાસ કર્યા પણ સફળતા હાથ લાગી ન હતી. ડીસીપી ઝોન-૪ કાનન દેસાઈએ નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ શરૂ થતા ટીમ તૈયાર કરીને ૪૯ વર્ષથી વૃદ્ધાની હત્યાના ગુનામાં ફરાર સિતારામની તપાસ કરવા ટીમને મહારાષ્ટ્ર મોકલતા આરોપી ઝડપાઈ ગયો હતો.

૧૯૭૩ની સાલમાં સૈજપુર વિસ્તારમાં મણીબહેન હિમંતલાલ શુકલ (ઉ,૭૦)ની હત્યા કરી આરોપી ઘરમાંથી વાસણોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયો હતો. ત્રણ દિવસ બાદ એકલવાયું જીવન જીવતા વૃધ્ધા મણીબહેનના ઘરમાંથી દુર્ગંધ મારતા પોલીસને બનાવની જાણ થઈ હતી. સરદારનગર પોલીસે લૂંટ વીથ મર્ડરનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરતા મણીબહેનના ઘરમાં આરોપી સિતારામ તાતીયા ભતાનેનું નામ બહાર આવ્યું હતું. નાની મોટી ચોરી કરવાની ટેવ ધરાવતા સિતારમને ઝડપી લેવા માટે પોલીસે અનેક પ્રયાસો હાથ ધર્યા પરંતુ આરોપીનું કોઈ ચોક્કસ રોકાણનું સ્થળ ના હોવાથી તે પકડાયો ન હતો. દરમિયાનમાં પોલીસે કોર્ટમાંથી વોરંટ મેળવી આરોપીને ફરાર જાહેર કર્યો હતો. ૧૯૭૩ની સાલમાં મણીબહેનની હત્યા કરનાર સિતારામ પોલીસના અનેકના પ્રયાસ બાદ પણ ૪૯ વર્ષ સુધી પકડાયો ન હતો. આ દરમિયાન ડીજીપી આશીષ ભાટિયાએ નાસતા-ફરતા આરોપીને ઝડપી લેવા માટે ડ્રાઈવ શરૂ કરવાની સૂચના જારી કરતા ઝોન-૪ ડીસીપી કાનન દેસાઈના ધ્યાન પર ૪૯ વર્ષથી ફરાર આરોપી સિતારામ તાતીયા ભતાનેનું નામ આવ્યું હતું. નાસતા-ફરતા આરોપીઓને પકડવા મહારાષ્ટ્ર પોલીસ અને અમદાવાદ પોલીસે સંયુકત કામગીરી કરીને આરોપી સિતારામ તાતીયા ભતાને (ઉ,૭૩)રાજની ગામ, તાલુકો પાથરડી, જીલ્લો અહેમદનગર, મહારાષ્ટ્રને ઝડપી લીધો હતો.


First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga WE MOVED TO 6800 REXWOOD ROAD, UNIT - D : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: SAT-SUN :------ 11.00 AM to 5.00 PM -----: MON-FRI : ------ 9.30 AM to 5.00 PM ----: WEEKENDS :---- 11.00 AM TO 5.00PM
NEW LOCATION OPENED FROM 1ST OCT 2022
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT - 6477611317 / 6476579631
STARTING IN OCT - ONLY FOR 4DAYS A WEEK THU & FRI - 2PM TO 9PM AND WEEKENDS - 11AM TO 7PM
NOV - MON CLOSED AND TUE - FRI 2PM TO 9PM WEEKENDS - 11AM TO 7PM
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com



Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service *Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By Sabir Daroga Mevada Piyush Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મોરબી દુર્ઘટનાની ખોટી ટ્વીટ કરવા મામલે TMC નેતા સાકેત ગોખલેના રિમાન્ડ મંજુર

## મેટ્રો કોર્ટે 3 દિવસના રિમાન્ડની માંગ સામે બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા

**મોરબી**

તૃણમૂલ કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા અને મમતા બેનર્જીના ખાસ સાકેત ગોખલેની ગુજરાત પોલીસે ધરપકડ કરી છે. ટીએમસીના પ્રવક્તાની ધરપકડ અંગેની માહિતી તેમની પાર્ટીના નેતા અને રાજ્યસભાના સાંસદ ડેરેક-ઓ બ્રાયન દ્વારા આપવામાં આવી હતી. આ મુદ્દે મેટ્રો કોર્ટે સાકેત ગોખલેના બે દિવસના રીમાન્ડ મંજુર કર્યાં છે. મેટ્રો કોર્ટે 3 દિવસના રિમાન્ડની માંગ સામે 8 ડિસેમ્બર 12 વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

ટીએમસી સાંસદે ટ્વિટર દ્વારા જણાવ્યું હતું કે, સાકેત ગોખલે ફ્લાઈટમાં નવી દિલ્હીથી જયપુર ગયા હતા, તેઓ જયપુર એરપોર્ટ ઉતર્યા ત્યારે ગુજરાત પોલીસ પહેલેથી જ ત્યાં ઉભી હતી, તરત જ નીચે ઉતર્યા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

સાંસદ ડેરેક-ઓ બ્રાયને જણાવ્યું કે, સાકેત ગોખલે ગઈકાલે રાત્રે 2 વાગ્યે તેની માતાને ફોન કર્યો અને કહ્યું કે, પોલીસ તેને અમદાવાદ લઈ ગઈ હતી. પોલીસે તેને બે મિનિટ માટે ફોન કરવા દીધો અને પછી તેનો ફોન અને તેનો તમામ સામાન જપ્ત કરી લીધો છે. TMC સાંસદે કહ્યું કે, અમદાવાદ સાયબર સેલે મોરબી બ્રિજ તુટવા અંગેની ઘટના સંદર્ભે ટ્વિટ બદલ સાકેત વિરુદ્ધ કેસ નોંધ્યો છે. તેમણે કહ્યું કે આ બધું તૃણમૂલ કોંગ્રેસ અને વિપક્ષને ચૂપ કરી શકે નહીં. મોરબી ઘટના અંગે સાકેત ગોખલે આક્ષેપો કર્યા હતા.

# જૂનાગઢનાં યુવકે 15:30 કલાકમાં 300 કિમી સાઈકલ સ્પર્ધા પૂર્ણ કરી

**જૂનાગઢ**

જૂનાગઢના સાયકલીસ્ટે રાજકોટથી ખંભાળિયા સુધીની ઈન્ટરનેશનલ ગણાતી 300 કિલોમીટરની સાયકલિંગ સ્પર્ધા 15:30 કલાકમાં પુર્ણ કરી પ્રથમ સ્થાન મેળવી વિક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ઓડેક્ષ ક્લબ પેરિસ દ્વારા 95થી વધુ દેશોમાં સાયકલિંગની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવે છે. તાજેતરમાં ઓડેક્ષ ઈન્ડિયા રેન્ડોનિયર્સ દ્વારા રાજકોટથી ખંભાળિયા સુધીની આવક-જાવક મળી કુલ ૩૦૦ કિલોમીટરની સાયકલિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી ૩૦ સાયકલીસ્ટ જોડાયા હતા.૨૦ કલાકમાં પૂર્ણ કરવાની સાયકલિંગ રોઈડમાં જૂનાગઢ રાઈડર્સ સાયકલિંગ ગુરપના ફાઉન્ડર કલ્પેશભાઈ હિંડોચાએ ૧૫ કલાક ૩૦ મિનિટમાં જ સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમ સ્થાન મેળવી વિક્રમ સર્જયો હતો. કલ્પેશભાઈએ ઈન્ટરનેશનલ ગણાતી સાયકલિંગ સ્પર્ધામાં પ્રથમ સ્થાન ઉપરાંત અગાઉ ૨૦૦ કિલોમીટર ના અંતરની યોજાયેલી સ્પર્ધામાં રાજકોટથી ધ્રાફાની ૧૧ કલાકમાં અને રાજકોટથી જામનગર ૯ કલાકમાં જ સ્પર્ધા પૂર્ણ કરી પ્રથમસ્થાન પ્રાપ્ત કર્યું હતું. કલ્પેશભાઈ હિંડોચાના જણાવ્યા મુજબ સાયકલિંગ કરવાથી કસરત તથા શારીરિક ફિટનેસ જળવાઈ રહે છે.

# રાજકોટના સિંધી દંપતિને ઈજિપ્તમાં અકસ્માતઃ પત્નીનું મોત,પતિ ઘાયલ

**રાજકોટ**

રાજકોટથી ઈજિપ્ત ફરવા ગયેલા સિંધી દંપતિને ઈજિપ્તમાં એરપોર્ટમાંથી બહાર નીકળતી વખતે ગંભીર અકસ્માત નડતા પત્નીનું કમકમાટીભર્યં મૃત્યું નિપજયું હતું. જયારે પતિ ગંભીર રીતે ઘાયલ થતા સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

રાજકોટમાં અગ્રણી સિંધી પરિવારના વિજયભાઈ અમલાણી અને તેમના પત્ની મીનાબેન તથા પરીચિત મિત્ર એવા ડો.જીતુભાઈ ટોપીયા અને તેમના પત્ની ઈજિપ્ત ફરવા માટે ગયા હતાં. રાજકોટથી મુંબઈ પહોંચ્યા બાદ તેઓ સુખરૂપ ઈજિપ્ત પહોંચ્યા હતા જયાં ઈજિપ્તમાં એરપોર્ટ ઉપર વિજયભાઈ તેમના પત્ની અને સ્થાનિક એજન્ટ પાર્કિંગમાં ઉભા હતા ત્યારે એકાએક બાજુમાંથી કારના ચાલકે જોરદાર લીવર મારી કાર હંકારી જતાં વિજયભાઈ અને તેમના પત્ની ઉપરાંત સ્થાનિક એજન્ટને હડફેટે લેતા ગંભીર રીતે ઘવાયેલા વિજયભાઈ તેમના પત્ની મીનાબેન સહિત ત્રણે-ત્રણ જણાં કારની નીચે આવી ગયા હતા. ગમખ્વાર ઘટના સર્જાયા બાદ કારચાલક નાસી ગયો હતો. જયારે સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

# ગુજરાતનો કુશ્તી ચેમ્પિયન વિકૃત નીકળ્યો, 100 મહિલાઓની છેડતી કેસમાં સંડોવણી

## રાજકોટમાં મહિલાઓમાં ભય ફેલાવનાર આરોપીને આખરે પોલીસે દબોચી લીધો

**રાજકોટ**

રાજકોટમાં પોશ એરિયામાં જઈ તરૂણીઓ, યુવતીઓ અને પરિણીત મહિલાઓની સામે બિભત્સ ચેનચાળા કરી છેડતી કરનાર આરોપી કૌશલ રમેશ પીપળિયા (ઉ.૨૪, રહે. દેવપરા-૨, વિવેકાનંદ સોસાયટી શેરી નં.૨, વિશાખા ગોલ્ડ એપાર્ટમેન્ટ ફલેટ નં.૨૦૧)ને લાંબી દોડધામના અંતે આખરે માલવિયાનગર પોલીસે ઝડપી લીધો છે. ગુજરાતમાં ૪ વર્ષ સુધી ફ્રિ સ્ટાઈલ કુશ્તીમાં ચેમ્પિયન બની ગોલ્ડ મેડલ મેળવનાર કૌશલે છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૦૦થી વધુ તરૂણીઓ, યુવતીઓ અને પરિણીત મહિલાઓ સામે જઈ બીભત્સ ચેનચાળા કરી ભય ફેલાવી દીધો હતો.

આબરૂ જવાની બીકે તેની સામે ભોગ બનનાર મહિલાઓ ફરિયાદ કરતી ન હતી. થોડા દિવસ પહેલાં તેણે એક મહિલાને શિકાર બનાવી હતી. જેણે હિંમતભેર ફરિયાદ કર્યા બાદ પોલીસે તપાસ શરૂ કરી આખરે તેને ઝડપી લીધો હતો. પોતાની વિકૃત માનસિકતાને કારણે તે આ કૃત્ય કરતો હતો.

શહેરના અક્ષર માર્ગ પર ઈન્ફીનીયમ એપાર્ટમેન્ટમાં ગઈ તા.૨૨ ઓકટોબરના રોજ વહેલી સવારે એક યોગા ટીચરની સામે જઈ કૌશલ પોતાનું પેન્ટ કાઢી નાખ્યા બાદ, તેને તમાચા મારી, ગળું દબાવી ભાગી ગયો હતો. જે અંગે માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જેને પોલીસે ગંભીરતાથી લઈ તપાસ શરૂ કરી હતી.

# પાલિતાણામાં નાસ્તિક તત્ત્વોએ ભગવાન આદીનાથ દાદાના પગલાઓ ખંડિત કર્યા

## રોહિશાળા ગામે બનેલા બનાવથી જૈન સમાજમાં ભારોભાર રોષ

**પાલિતાણા**

પાલિતાણામાં રોહિશાળા ગામે આદીનાથ દાદાના પગલાને નાસ્તિક તત્ત્વોએ ખંડીત કરી નાંખતા જૈન સમાજમાં ભારોભાર રોષની લાગણી ફેલાઈ છે. જૈન શાશ્વતતીર્થ રોહિશાળા ગામની પાછળના ભાગે આવેલ શેત્રુંજય ડુંગર તરફ ભગવાન આદીનાથજી દાદાના પગલાવાળી જગ્યા આવેલી છે. આ જગ્યા જૈન સમુદાય માટે આસ્થાનું કેન્દ્ર હોય, આદીનાથ દાદાના પગલાની દેરી બનાવી અહીં દાદાના પગલાની નિયમિત પૂજા અચાના કરવા માટે એક પૂજારી તેમજ દેરીની સુરક્ષા માટે ચોકીદાર રાખવામાં આવ્યા છે. દરમિયાનમાં ગઈ તા.૨૬-૧૧ના રોજ ચોકીદાર વનરાજસિંહ સરવૈયા દેરીના દરવાજા પર તાળુ મારીને ગયા બાદ કોઈ નાસ્તિક શખ્સોએ દાદાના પગલાવાળી જગ્યાની ફરતે ઉચી દિવાલને ઠેકી અંદર પ્રવેશ કરી દેરીના દરવાજાનો નકુચો તોડી નાંખી શાંતિ અને સદાચારમાં માનનારા જૈન ધર્મની લાગણી દુભાવવા કોઈ પથ્થર કે હથિયાર વડે આદીનાથ ભગવાનના બન્ને પગલાના અંગુઠા અને આંગળીના ભાગે ટોચા મારી ખંડીત કરી હિન કૃત્ય કર્યું હતું.

# ભાવનગર યુનિવર્સિટીના 42 માં એથ્લેટિક્સ મીટમાં નવા 8 રેકોર્ડ

## મહોત્સવમાં 298 ગુણ સાથે નંદકુંવરબા મહિલા કોલેજ ચેમ્પિયન

**ભાવનગર**

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવસટીના શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૪૨માં એથ્લેટિક્સ મીટ અમૃત ખેલકૂદ મહોત્સવ ૨૦૨૨-૨૩નું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં જુદી જુદી કોલેજના ખેલાડીઓએ શાનદાર દેખાવ કર્યો હતો અને નવા ૮ રેકોર્ડ બનાવ્યા હતાં. ખેલકૂદ મહોત્સવમાં નંદકુંવરબા મહિલા કોલેજની ટીમ જનરલ ચેમ્પિયન થઈ હતી અને શામળદાસ કોલેજ જનરલ રનર્સઅપ થઈ હતી.

સિદસર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ભાવનગર યુનિવર્સિટી દ્વારા ગત તા. ૩ થી ૪ ડિસેમ્બર દરમિયાન ખેલકૂદ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. અમૃત ખેલકૂદ મહોત્સવમાં ૨૯૮ ગુણ સાથે નંદકુંવરબા મહિલા કોલેજ જનરલ ચેમ્પિયન બની હતી, જયારે ૧૬૬ ગુણ સાથે શામળદાસ કોલેજ રનર્સઅપ થઈ હતી. યુનિ.ના ઈતિહાસમાં પ્રથમ વખત ૦૮ નવા રેકોર્ડ્સ સ્થાપીત થયા હતા, જેમાં ૦૭ રેકોર્ડ્સ નંદકુંવરબા મહીલા કોલેજ, દેવરાજનગર અને એક વળીયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજેના ખેલાડીએ કર્યો હતો.

# વલસાડમાં ઉપરાઉપરી બે ભૂકંપ પછી કચ્છમાં ૩.૨નો ધરતીકંપ

**રાજકોટ**

વલસાડમાં ગત તા. 1 ડિસેમ્બરે રિચર સ્કેલ પર 3.3 ની તીવ્રતાના ઉપરાઉપરી બે ભૂકંપો આવ્યા બાદ સોમવારે કચ્છના ખાવડાથી 28 કિ.મી. ઉત્તરે સવારે 4.17 વાગ્યે 3.2નો ધરતીકંપ રાજ્યના સિસ્મોલોજી સેન્ટરમાં નોંધાયો છે. કચ્છમાં મોટી ફોલ્ટલાઈન છે અને ત્યાં અવારનવાર ભૂકંપ આવતા હોય છે પરંતુ, આજે આવેલો ભૂકંપ જમીનથી માત્ર 5.9 કિ.મી. ઉંડાઈએ ઉદભવ્યો હતો. વલસાડમાં ધરતીની ઉપરી સપાટીએ ભૂકંપોનું પ્રમાણ અને તે પણ એક જ પૂર્વોત્તર દિશામાં ગત બે માસમાં ખાસ્સુ વધ્યું છે. ચાર દિવસ પહેલા ત્યાં વાંસદા-ધરમપુર વચ્ચે વલસાડથી 41 કિ.મી. ઉત્તર-પૂર્વ દિશાએ 2.5 કિ.મી.ઉંડાઈએ રાત્રે 8.17 વાગ્યે અને એ જ રાત્રે 8.09 વાગ્યે 5.2 કિ.મી.ની ઉંડાઈએ એકસરખી 3.3ની તીવ્રતાના ભૂકંપ નોંધાયા હતા.

# લોકસાહિત્યકાર દેવાયત ખવડની ગુંડાગીરી, યુવાનને પાઈપથી ફટકાર્યો

**રાજકોટ**

રાજકોટમાં લોકસાહિત્યકાર દેવાયત ખવડની દાદાગીરીનો વીડિયો સામે આવ્યો છે. દેવાયત ખવડ સાથે એક યુવક બીજા યુવકને ધોકા અને પાઈપોથી માર મારી રહ્યાં છે. આ દરમિયાન આસપાસ લોકો આવી પહોંચતા બંને જણા નાસી છૂટ્યા હતા. બાદમાં ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે.ઈજાગ્રસ્ત યુવકે દેવાયત ખવડના ત્રાસથી કંટાળી બે મહિના પહેલા પોલીસ પાસે મદદ માંગી હતી. ત્યારે તેના પરિજનો એવો આક્ષેપ કરી રહ્યા છે કે જો યોગ્ય સમયે કાર્યવાહી થઈ હોત તો ઘટના બની ન હોત. સર્વેશ્વર ચોક નજીક પુષ્કર એપાર્ટમેન્ટ નજીકના આ CCTV ફૂટેજ સામે આવ્યાં છે. જેમાં દેવાયત ખવડ અને અન્ય એક વ્યક્તિ કારમાં આવે છે અને એકાએક ધોકા સાથે ઉતરી મયુરસિંહ રાણા નામના યુવાન પર બેફામ માર મારે છે.અચાનક આસપાસના લોકો એકઠા થતા તેઓ નાસી છૂટ્યા હતા અને ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. મયુરસિંહ રાણા અને દેવાયત ખવડ વચ્ચે જૂની અદાવત છે બંને દ્વારા પોલીસમાં ધાક ધમકી અંગે અરજી આપવામાં આવી હતી.

# જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવતો ધોરાજી પંથકનો આર્મીમેન શહીદ થયો

**મોટીમારડ**

મોટીમારડના ચિચોડ ગામના મનુભાઈ ભોજાભાઈ દયાતર નામનાં પાંત્રીસ વર્ષના યુવાન જમ્મુ કાશ્મીરના લેહખાતે દેશની સુરક્ષાની ફરજ દરમ્યાન તા.29.11.22 ના રોજ શહીદ થયા હતાં. બારેક વર્ષ પહેલા મનુભાઈ દયાતર આર્મીમાં જોડાયા હતાં અને પરિણિત હતાં. તેમને દસ વર્ષનો એક પુત્ર છે. કુટુંબમાં પિતા ભોજાભાઈ તેમજ મોટાભાઈ અને તેમનું કુટુંબ અને શહીદ થનાર મનુભાઈ દયાતરનાં પત્નિ અને પુત્ર ચિચોડ ગામે રહેતા હતાં. હાલ જમ્મુ કાશ્મીરના લેહ ખાતે ફરજ બજાવતાં હતાં, જયાં તેઓ શહીદ થતાં ચિચોડ ગામ અને આજુબાજુના ગામોમાં શોક વ્યાપી છે. મંગળવારે શહીદ મનુભાઈ દયાતરના પાર્થિવ દેહને જામનગરથી માદરે વતન ચિચોડ ગામે લઈ આવતાં લોકોએ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.



## ઇન્ડસ્ટ્રીમાં કામ કરવા માટે બેશર્મ થવુ પડે છે

નવી દિલ્હીઃ બોલિવૂડ ફિલ્મોમાં પોતાના અભિનયને કારણે પ્રખ્યાત અભિનેત્રી નીના ગુપ્તા ટ્રેન્ડિંગમાં છે. જ્યાં ચાહકો તેની અદભૂત અભિનયને પસંદ કરી રહ્યા છે, ત્યારે તેના જીવન સાથે જોડાયેલી વાતો ચાહકોને પ્રેરણા આપી રહી છે. નીના ગુપ્તા પોતાની પસર્નલ લાઇફને કારણે પણ ચર્ચામાં રહે છે. ટૂંક સમયમાં નીના ગુપ્તા ફિલ્મ વધમાં જોવા મળશે. આ દરમિયાન નીના ગુપ્તાએ એક ઈન્ટરવ્યુમાં ઈન્ડસ્ટ્રી સાથે સંબંધિત એક કિસ્સો શેર કર્યો હતો. નીના ગુપ્તાએ ઈન્ટરવ્યુમાં આગળ કહ્યું કે, હું આટલા વર્ષોમાં આમાંથી શીખી છું કે, તમારે અહીં બેશરમ રહેવું પડશે. નમ્ર બનવા માટે, તે આપણને જે શીખવે છે તે સારું નથી.

# સુષ્મિતા સેન 2022માં ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરાયેલ સેલિબ્રિટી બની



મુંબઈઃ ગુગલ દર વર્ષે એક લિસ્ટ બહાર પાડે છે જેના દ્વારા જાણવા મળે છે કે આખા વર્ષ દરમિયાન લોકોએ સ્ટાર કે બિઝનેસમેનને સૌથી વધુ સર્ચ કર્યા છે. આવી સ્થિતિમાં ગૂગલે વર્ષ 2022ની યાદી પણ શેર કરી છે. આ લિસ્ટ મુજબ સેલિબ્રિટી લિસ્ટમાં સુષ્મિતા સેનનું નામ ટોપ પર છે. અભિનેત્રીના નામની આસપાસ બીજા કોઈ મોટા સ્ટાર નથી. આ લિસ્ટમાં સુષ્મિતા સેનનું નામ આવ્યા બાદ દરેક વ્યક્તિ અનુમાન લગાવી રહી છે કે, આવું તેની પર્સનલ લાઈફને લઈને થયું છે. 2022માં તેના બોયફ્રેન્ડ રોહમન શૉલ સાથે બ્રેકઅપ બાદ અભિનેત્રીએ અચાનક IPL ફાઉડર લલિત મોદી સાથેના તેના સંબંધોને કારણે હેડલાઈન્સ બનાવી હતી. સંપૂર્ણ લિસ્ટની વાત કરીએ તો સુષ્મિતાનું નામ 5માં નંબર પર છે. જેમ કે, બધા જાણે છે કે જુલાઈમાં લલિત મોદીએ સુષ્મિતા સેન સાથેના તેમના સંબંધો પર પોતાની કોઝી તસવીર શેર કરીને મહોર લગાવી દીધી હતી. જેના કારણે અભિનેત્રીની ખૂબ સર્ચ કરવામાં આવી હતી. તેની તસવીર વારંવાર જોવા માટે લોકોએ ગુગલ પર સુષ્મિતાનું નામ સર્ચ કર્યું હતું. આટલું જ નહીં લલિત મોદીએ સુષ્મિતા સેન સાથે પોતાના ઈન્સ્ટાગ્રામ ડીપીની તસવીર પણ મૂકી હતી. બીજી તરફ સુષ્મિતા સેન સાથે લલિત મોદી પણ આ લિસ્ટમાં અભિનેત્રીથી બરાબર ઉપર છે. એટલે કે, લલિત મોદીનું નામ ચોથા નંબર પર છે. આ સિવાય રિયાલિટી શો લોક અપની પૂર્વ સ્પર્ધક અંજલિ અરોરાનું નામ પણ આ લિસ્ટમાં 6ઠ્ઠા નંબર પર છે. તમને જણાવી દઈએ કે, અંજલિ અરોરાનો MMS લીક થયા બાદ તે ઘણી હેડલાઈન્સમાં હતી. તેમના એમએમએસ વીડિયોની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી.

## અક્ષય કુમાર આગામી ફિલ્મમાં શિવાજી મહારાજનો રોલ કરશે



મુંબઇ : સમ્રાટ પૃથ્વીરાજ પછી અક્ષય કુમાર હવે મરાઠી ફિલ્મમાં શિવાજી મહારાજની ભૂમિકા ભજવી રહ્યો છે. તેણે હાલમાં જ પોતાની આ ફિલ્મનું પ્રથમ લુક સોશિયલ મીડિયા પર શેર કર્યું જે જોઈને સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ કરવામાં આવ્યો છે. અક્ષયનો લુક જોઈને એક યુઝરે લખ્યું છે કે, શ્રીમાનજી તમે બહુ સારા કલાકાર છો. તમે કોમેડી ભૂમિકા પણ સારી ભજવો છો. પરંતુ મહેરબાની કરશો, અમારા મહાન ઈતિહાસ સાથે રમત ન રમશો.અમે અમારા પૂજ્ય મહાન વીરોની છબી મનમાં અંકિત કરી રાખી છે તેને બગાડશો નહીં. જ્યારથી તમારી સમ્રાટ પૃથ્વીરાજ ફિલ્મ જોઈ છે, ત્યારથી ત્યારથી તેમની છબી મારા મનમાં ધૂંધળી થઈ ગઈ છે. મહેરબાની કરીને આપણા વીરોની મજાક નહીં બનાવતો. તારી શારીરિક બનાવટ રાજાઓના કદાવર શરીર જેવી નથી. તેથી મહેરબની કરીને રાજાઓના રોલ ભજવવાનું છોડી દે.

## કેટરીના કૈફની કોપી કરતા શેહનાઝ ગિલ ટ્રોલ થઈ

મુંબઈઃ સલમાન ખાનની ફિલ્મ ‘કિસી કા ભાઈ કિસી કી જાન’થી ડેબ્યુ કરનાર બિગ બોસની એક્સ કન્ટેસ્ટન્ટ શહનાઝ ગિલે હાલમાં એક નવો વીડિયો રિલીઝ કર્યો છે. આ નવું સોન્ગ ‘ઘની સયાની’માં એક્ટ્રેસ-સિંગરે એમસી સ્ક્વેર સાથે કોલૈબોરેટ કર્યું છે. આ સોન્ગના વીડિયોમાં શેહનાઝ ગિલનો એક લુક છે જેના માટે તેને ખૂબ ટ્રોલ કરવામાં આવી રહી છે. વાસ્તવમાં ‘પંજાબ



કી કેટરિના કૈફ’નો આ લુક કેટરિના કૈફના લૂક જેવો જ છે અને લોકોએ અભિનેત્રીને કેટરિનાની કેફની કોપી કરવાની વાત કહી છે. શહેનાઝ ગિલે તાજેતરમાં MC સ્ક્વેર સાથે એક નવો મ્યુઝિક વિડિયો ‘ઘની સ્યાની’ રિલીઝ કર્યો છે. આ વીડિયોને ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે અને ફેન્સને એક્ટ્રેસની મોડર્ન અને સેક્સી સ્ટાઈલ પસંદ આવી રહી છે.



## દીપિકા પદુકોણ ફીકા વર્લ્ડકપની ફાઈનલમાં ટ્રોફીનું અનાવરણ કરનારી પ્રથમ ગ્લોબલ અભિનેત્રી

મુંબઇ : દીપિકા પદુકોણ બોલીવૂડ તેમજ હોલીવૂડમાં પોતાની અભિનય ક્ષમતાને કારણે લોકપ્રિય છે. હવે તે ફીકા વર્લ્ડ કપની ટ્રોફીનું અનાવરણ કરવાની છે. જોકે આની હજી સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. દીપિકા ખીચોખીચ ભરેલા સ્ટેડિયમમાં ફીકા વિશ્વ કપ ટ્રોફીનું અનાવરણ કરશે. જે કદાચ ફીકાના ઈતિહાસમાં કોઈ પણ ભારતીય અથવા આંતરરાષ્ટ્રીય કલાકારનું આ દુર્લભ સમ્માન છે. દીપિકાએ ભૂતકાળમાં કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે. જ્યા તે જ્યૂરીની સભ્ય બની હતી. ફીકા ૨૦૨૨ની આ મહત્વપૂર્ણ વૈશ્વક પળોને દીપિકા ભારતને ફરી ગ્લોબલ નકશા પર લઈ આવશે. બોલીવૂડની ટોચની અભિનેત્રીઓમાંની એક ઔ દીપિકાની ફિલ્મ આવતા વરસે જાન્યુઆરીમાં શાહરૂખ સાથે પઠાનમાં જોવા મળવાની છે. આ ઉપરાંત તે પ્રભાસ સાથે પણ એક ફિલ્મ કરી રહી છે. તેમજ સર્કસમાં તે પતિ રણવીર સિંહ સાથે આઈટમ સોન્ગ કરતીજોવા મળવાની છે.

### ‘સિંઘમ અગેન’માં દીપિકા પાદુકોણ બનશે લેડી સિંઘમ?

રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સમાં દીપિકા પાદુકોણ લેડી સિંઘમ હશે. ફિલ્મ ‘સર્કસ’ના ગીત ‘કરંટ લગા રે’ના લોન્ચ ઈવેન્ટમાં ડિરેક્ટર રોહિત શેટ્ટીએ આ વાતની જાહેરાત કરી હતી કે તેમણે પોતાના કોપ યૂનિવર્સ માટે લેડી સિંઘમની પસંદગી કરી લીધી છે અને દીપિકા પાદુકોણ તેમની અપકમિંગ ફિલ્મમાં આ રોલ નિભાવતી જોવા મળશે. રોહિત શેટ્ટીએ એ પણ કહ્યું હતું કે આ ફિલ્મમાં દીપિકા પાદુકોણની સાથે રણવીર સિંહ પણ જોવા મળશે. રોહિત શેટ્ટીએ બાજુમાં ઉભેલી દીપિકા પાદુકોણ સામે ઈશારો કરતા કહ્યું હતું કે સિંઘમ અગેનમાં લેડી સિંઘમ આવશે. કોપ યૂનિવર્સમાં આ મારી લેડી કોપ હશે.





# ॥ સંસ્કૃતિ ॥

સ્વદેશ
Leading Gujarati Newspaper



Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા
માટે સંપર્ક કરો
પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH

## દિલ્હી મ્યુનિસિપલ બોર્ડમાં 134 બેઠકો મેળવીને આમ આદમી પાર્ટીએ ભાજપ પાસેથી 15 વર્ષની સત્તા છીનવી

# MCDમાં AAPનો ડંકો, હિમાચલે કોંગ્રેસની લાજ રાખી

**પ્રાસંગિક**
ધવલ શુક્લ

MCD અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને નિરાશા સાપંડી છે. દિલ્હીમાં મ્યનિસિપલ બોર્ડમાં છેલ્લાં 15 વર્ષથી ભાજપ સત્તા પર હતો. પરંતુ એક્ઝિટ પોલમાં થયેલી આગાહી પ્રમાણે આમ આદમી પાર્ટીનો ભવ્ય વિજય થયો છે. ૨૫૦ વોર્ડની એમસીડીમાં આમ આદમી પાર્ટીએ 134 બેઠકો જીતી તો ભાજપે 104 બેઠકો જીતી છે. આ ચૂંટણીમાં કોંગ્રેસને સમખાવા પુરતી 9 બેઠક મળી છે. જ્યારે ૩ બેઠક પર અપક્ષ ઉમેદવારો જીત્યા છે.

દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનના પરિણામોને કોઈ રાજ્યના પરિણામો સાથે ના સરખાવી શકાય. આમ છતાં આ પરિણામો મહત્વનાં છે કેમ કે દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં દિલ્હી રાજ્યનો મોટાભાગનો વિસ્તાર આવી જ જાય છે. કોઈ નાના રાજ્યમાં હોય તેના કરતાં વધારે મતદારો દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં છે. આ પરિણામો એ રીતે પણ મહત્ત્વનાં છે કે ભાજપ અને આમ આદમી પાર્ટી બંને માટે આ જંગ પ્રતિષ્ઠાનો હતો. ભાજપ ૧૫ વર્ષથી દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં શાસનમાં હતો. આમ આદમી પાર્ટીએ દિલ્હી વિધાનસભાની સળંગ બે ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી સાથેની ભવ્ય જીત મેળવી પણ ભાજપને તે દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં હરાવી નહોતી શકતી. દિલ્હીની ત્રણેય મ્યુનિસિપલ કૉર્પોરેશન ઉપર ભાજપનો કબજો હતો. તેના કારણે આપ ઉપર કટાક્ષ પણ થતા હતા. દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણી જીતીને આમ આદમી પાર્ટીએ એ મહેણું ભાંગ્યું છે અને દિલ્હીમાં આમ આદમી પાર્ટી સૌથી લોકપ્રિયપક્ષ છે એ સાબિત પણ કર્યું છે.

આમ આદમી પાર્ટી માટે આ જીતી બીજી રીતે પણ મહત્ત્વની છે. આમ આદમી પાર્ટી પોતે લોકોના કામ કરીને પગપેસારો કરી રહ્યો હોવાનો દાવો કરે છે. દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં સત્તા મળતાં આપને તેનો એજન્ડા અમલમાં મૂકીને પ્રચારની વધુ એક તક મળશે. દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનની જવાબદારી સામાન્ય જનતાને મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવાની છે. આરોગ્ય સુવિધાઓ, રસ્તા, ફૂટપાથ અને બજારોની સફાઈ વગેરે કૉર્પોરેશનનાં કામ છે. આ સિવાય પ્રાથમિક શાળાઓનું સંચાલન અને રસ્તાઓ, ઓવરબ્રિજ, જાહેર શૌચાલયોનું બાંધકામ કરવું તથા જાળવણી કરવી પણ કોર્પોરેશનનું જ કામ છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર પાસે કાયદો અને




વ્યવસ્થા સહિતની જે મહત્વની બાબતો છે તે સિવાયનું બધું હવે આમ આદમી પાર્ટીના નિયંત્રણ હેઠળ આવી જશે તેથી આપનો પ્રભાવ વધશે. ભાજપ માટે આ મોટી હાર છે. તેનું કારણ એ છે કે, વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પૂરી તાકાત લગાવી દીધી હતી છતાં તે દિલ્હીમાં આપને હરાવી શક્યો નહોતો. જે બાદ મ્યુનિસિપલની ચૂંટણીમાં પણ મંત્રીઓ અને સાંસદોની ફૌજ ઉતારીને આપને પછાડવા પ્રયાસ કરાયો પરંતુ ભાજપ નિષ્ફળ ગયો છે. જો કે આ હાર માટે ભાજપ પોતે જ જવાબદાર છે. કેમ કે ભાજપને આખો લાડવો ખાવાના અભરખા જાગ્યા હતા. દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં વરસોથી ભાજપનું વર્ચસ્વ હતું. દિલ્હીમાં હજુ હમણાં સુધી દક્ષિણ દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશન, ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશન અને પૂર્વ દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશન એમ ત્રણ મ્યુનિસિપલ કૉર્પોરેશન હતી. આ ત્રણેય મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળતી હતી. આ ત્રણેય મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ભાજપના મેયર સહિતના હોદ્દદારો ચૂંટાતા અને તેની જ પાસે વહીવટ હતો.

જો કે ભાજપને આખા દિલ્હી પર કબજો કરવાની ઈચ્છા જાગી, પણ કેજરીવાલ તેમાં નડતા હતા. ભાજપે કેજરીવાલને હરાવવા બહુ પ્રયત્ન કર્યા પણ ફાવ્યા નહીં તેથી દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનને એક કરીને કેજરીવાલને નાથવાનો દાવ ખેલી નાંખ્યો હતો.

ભાજપને એમ કે, દિલ્હી મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ત્રણેય કોર્પોરેશન જીતતા હતા એ રીતે એક કૉર્પોરેશનમાં પણ જીતીને ફરી સત્તા હાંસલ કરીને કેજરીવાલને હંફાવી દઈશું. પણ એ ધારણા ખોટી પડી. દિલ્હીની જીત સાથે આમ આદમી પાર્ટીએ પોતાની દિલ્હી પરની પકડ તો મજબૂત કરી જ છે પણ એ માન્યતાને પણ પ્રબળ કરી છે કે, હિન્દી પટ્ટામાં ભાજપને કોઈ હરાવી શકે એમ હોય તો એ આમ આદમી પાર્ટી છે. કોંગ્રેસ ભાજપને ટક્કર આપી શકે એમ નથી. તેના કારણે ભાજપ વિરોધી મતદારો આમ આદમી પાર્ટી તરફ વળી રહ્યા છે, એ આ ચૂંટણીએ ફરી સ્પષ્ટ કર્યું છે. ભવિષ્યમાં આ પ્રક્રિયા તેજ બનશે તેમ તેમ કૉંગ્રેસ વધારે ધોવાતી જશે અને આમ આદમી પાર્ટી ભાજપનો વિકલ્પ બનીને ઉભરશે તેવી ગણતરી આપ માંડી રહ્યો છે.હવે વાત

## હિમાચલમાં મતદારોએ પરંપરા જાળવતા કોંગ્રેસને જીતાડ્યું, ભાજપને બળવાખોરો નડ્યા : ભાજપે મતદાનના માત્ર 0.9 ટકાના તફાવતમાં 19 બેઠક ગુમાવી : કોંગ્રેસને 43.9 ટકા, ભાજપને 43 ટકા મત મળ્યા

હિમાચલની કરીએ તો આ વખતે વિધાનસભા ચૂંટણીમાં શાસક પક્ષ બદલાવાની પરંપરા જળવાઈ છે. હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં ૬૮ બેઠકોમાંથી કોંગ્રેસે ૪૦ બેઠકો જીતીને બહુમતી મેળવી છે. જ્યારે ભાજપને ૨૫ જ બેઠકો મળી છે. જોકે, રસપ્રદ બાબત એ છે કે આ ચૂંટણીમાં કોંગ્રેસને ૪૩.૯ ટકા જ્યારે ભાજપને ૪૩ ટકા મત મળ્યા છે. મતદાનની ટકાવારીમાં માત્ર ૦.૯ ટકાના તફાવતમાં ભાજપે ૧૯ બેઠકો ગુમાવી છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૪૮.૮ ટકા મતો સાથે ૪૪ બેઠકો જીતી હતી. હિમાચલની ચૂંટણીમાં આ વખતે આમ આદમી પાર્ટીની એન્ટ્રી થતાં ત્રિપાંખીયો જંગ થયો હતો. પરંતુ તેમ છતાં હિમાચલ પ્રદેશ વિધાનસભામાં સૌથી રસપ્રદ મુકાબલો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હતો. આમ આદમી પાર્ટીએ હિમાચલમાં ૬૭ બેઠકો પર ચૂંટણી મેદાનમાં ઝુકાવ્યું હતું, પરંતુ તે ખાતુ ખોલાવવામાં પણ સફળ થઈ શકી નથી. આમ આદમી પાર્ટીને માત્ર ૧.૧૦ ટકા મત મળ્યા હતા.

પ્રદેશમાં સરકાર રચવા કોઈપણ પાર્ટીને 35 સીટ જીતવી પડે છે. ગુરુવારે થયેલી મતગણતરીમાં ક્યારેક ભાજપ આગળ તો ક્યારેક કોંગ્રેસ આગળ રહ્યો, છેવટે કોંગ્રેસે બાજી મારી દીધી. આ ચૂંટણીમાં ભાજપને તેના જ બળવાખોરો નડ્યા હોવાનું મનાય છે. કારણ કે ઉમેદવારની પસંદગી વેળાથી જ અહીં ભાજપમાં ભડકો થયો હતો. ગત વખતના પરિણામ પર નજર કરવામાં આવે તો હિમાચલ પ્રદેશમાં બીજેપીએ 68માંથી 44 સીટો પર જીત મેળવી હતી. કોંગ્રેસને 21 સીટો મળી હતી.

પરિણામોની જાહેરાત બાદ મુખ્યમંત્રી પદની રેસના ઉમેદવાર પ્રતિભા સિંહે કહ્યું કે સ્થિતિ સ્પષ્ટ થવાની રાહ જોવાઈ રહી છે, હાઈકમાન્ડ ભવિષ્યની રણનીતિ નક્કી કરશે. કોંગ્રેસ દરેક પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ છે. અમે સાથે મળીને આગળ વધીશું રાજ્યમાં વીરભદ્ર સિંહ મોડલ લાગુ કરવામાં આવશે. પ્રતિભાસિંહ સહિત પાર્ટીના અન્ય નેતાઓ પણ મુખ્યમંત્રી પદની રેસમાં છે. કોંગ્રેસના નેતાઓ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, ભૂપેશ બઘેલ પાર્ટી હાઈકમાન્ડની ગાઈડલાઈન પર આગળની રણનીતિ તૈયાર કરશે. બીજી તરફ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ તેમના પક્ષને નિર્ણાયક વિજય અપાવવા માટે હિમાચલ પ્રદેશના લોકોનો આભાર માન્યો હતો અને ખાતરી આપી હતી કે ચૂંટણીમાં અપાયેલા વચનો પક્ષ પૂરા કરશે. બીજીબાજુ પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ હિમાચલમાં પક્ષના વિજય માટે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને ક્રેડિટ આપી હતી. તેમણે કહ્યું, અમે હિમાચલ પ્રદેશમાં જીત્યા છીએ, તેના માટે મતદારો, કાર્યકરો અને નેતાઓનો આભાર. ભારત જોડો યાત્રાએ આ વિજયમાં અમારી મદદ કરી છે. આમ હિમાચલ અને ડીએમસીના પરિણામો ભાજપ માટે ઉત્સાહજનક રહ્યા નથી.

# વિધાનસભા ચૂંટણી પરિણામ

| ક્રમ | જિલ્લો | બેઠક | વિજેતા ઉમેદવારનું નામ |
|---|---|---|---|
| 1 | કચ્છ | અબડાસા | પ્રદ્યુમનસિંહ જાડેજા(ભાજપ) |
| 2 | કચ્છ | માંડવી | અનિરુદ્ધ દવે(ભાજપ) |
| 3 | કચ્છ | ભુજ | કેશવલાલ પટેલ(ભાજપ) |
| 4 | કચ્છ | અંજાર | ત્રિકમ છાંગા(ભાજપ) |
| 5 | કચ્છ | ગાંધીધામ | માલતી મહેશ્વરી(ભાજપ) |
| 6 | કચ્છ | રાપર | વિરેન્દ્રસિંહ જાડેજા(ભાજપ) |
| 7 | બનાસકાંઠા | વાવ | ગેનીબેન ઠાકોર(કોંગ્રેસ) |
| 8 | બનાસકાંઠા | થરાદ | શંકર ચૌધરી(ભાજપ) |
| 9 | બનાસકાંઠા | ધાનેરા | માવજી દેસાઈ(અન્ય) |
| 10 | બનાસકાંઠા | દાંતા(ST) | કાંતિભાઈ ખરાડી(કોંગ્રેસ) |
| 11 | બનાસકાંઠા | વડગામ(SC) | જિજ્ઞેશ મેવાણી(કોંગ્રેસ) |
| 12 | બનાસકાંઠા | પાલનપુર | અનિકેતભાઈ ઠાકર(ભાજપ) |
| 13 | બનાસકાંઠા | ડીસા | પ્રવીણ માળી(ભાજપ) |
| 14 | બનાસકાંઠા | દિયોદર | કેશાજી ચૌહાણ(ભાજપ) |
| 15 | બનાસકાંઠા | કાંકરેજ | અમૃતભાઈ ઠાકોર(કોંગ્રેસ) |
| 16 | પાટણ | રાધનપુર | લવિંગજી ઠાકોર(ભાજપ) |
| 17 | પાટણ | ચાણસમા | દિનેશ ઠાકોર (કોંગ્રેસ) |
| 18 | પાટણ | પાટણ | ડૉ. કિરીટકુમાર પટેલ(કોંગ્રેસ) |
| 19 | પાટણ | સિદ્ધપુર | બળવંતસિંહ રાજપૂત(ભાજપ) |
| 20 | મહેસાણા | ખેરાલુ | મુકેશભાઈ એમ. દેસાઈ(કોંગ્રેસ) |
| 21 | મહેસાણા | ઊંઝા | કિરીટ પટેલ(ભાજપ) |
| 22 | મહેસાણા | વિસનગર | ઋષિકેશ પટેલ(ભાજપ) |
| 23 | મહેસાણા | બહુચરાજી | સુખાજી ઠાકોર(ભાજપ) |
| 24 | મહેસાણા | કડી(SC) | કરશન સોલંકી(ભાજપ) |
| 25 | મહેસાણા | મહેસાણા | મુકેશ પટેલ(ભાજપ) |
| 26 | મહેસાણા | વિજાપુર | ડૉ. સી. જે. ચાવડા(કોંગ્રેસ) |
| 27 | સાબરકાંઠા | હિંમતનગર | કમલેશકુમાર પટેલ(કોંગ્રેસ) |
| 28 | સાબરકાંઠા | ઈડર(SC) | રમણલાલ વોરા(ભાજપ) |
| 29 | સાબરકાંઠા | ખેડબ્રહ્મા(ST) | ડૉ. તુષાર ચૌધરી(કોંગ્રેસ) |
| 30 | સાબરકાંઠા | પ્રાંતિજ | ગજેન્દ્ર પરમાર(ભાજપ) |
| 31 | અરવલ્લી | ભિલોડા | પી. સી. બરંડા(ભાજપ) |
| 32 | અરવલ્લી | મોડાસા | ભીખુભાઈ પરમાર(ભાજપ) |
| 33 | અરવલ્લી | બાયડ | ધવલસિંહ ઝાલા(અન્ય) |
| 34 | ગાંધીનગર | દહેગામ | બલરાજસિંહ ચૌહાણ(ભાજપ) |
| 35 | ગાંધીનગર | ગાંધીનગર સાઉથ | અલ્પેશ ઠાકોર(ભાજપ) |
| 36 | ગાંધીનગર | ગાંધીનગર નોર્થ | રીટાબેન પટેલ(ભાજપ) |
| 37 | ગાંધીનગર | માણસા | જયંતી પટેલ(ભાજપ) |
| 38 | ગાંધીનગર | કલોલ | બકાજી ઠાકોર(ભાજપ) |
| 39 | અમદાવાદ | વિરમગામ | હાર્દિક પટેલ(ભાજપ) |
| 40 | અમદાવાદ | સાણંદ | કનુભાઈ પટેલ(ભાજપ) |
| 41 | અમદાવાદ | ઘાટલોડિયા | ભૂપેન્દ્ર પટેલ(ભાજપ) |
| 42 | અમદાવાદ | વેજલપુર | અમિત ઠાકર(ભાજપ) |
| 43 | અમદાવાદ | વટવા | બાબુસિંહ જાદવ(ભાજપ) |
| 44 | અમદાવાદ | એલિસબ્રિજ | અમિત શાહ(ભાજપ) |
| 45 | અમદાવાદ | નારણપુરા | જીતેન્દ્ર પટેલ(ભાજપ) |
| 46 | અમદાવાદ | નિકોલ | જગદીશ પંચાલ(ભાજપ) |
| 47 | અમદાવાદ | નરોડા | ડૉ. પાયલ કુકરાણી(ભાજપ) |
| 48 | અમદાવાદ | ઠક્કરબાપાનગર | કંચનબેન રાદડિયા(ભાજપ) |
| 49 | અમદાવાદ | બાપુનગર | દિનેશ કુશવાહ(ભાજપ) |
| 50 | અમદાવાદ | અમરાઈવાડી | ડૉ. હસમુખ પટેલ(ભાજપ) |
| 51 | અમદાવાદ | દરિયાપુર | કૌશિક જૈન(ભાજપ) |
| 52 | અમદાવાદ | જમાલપુર-ખાડિયા | ઈમરાન ખેડાવાલા(કોંગ્રેસ) |
| 53 | અમદાવાદ | મણિનગર | અમૂલ ભટ્ટ(ભાજપ) |
| 54 | અમદાવાદ | દાણીલીમડા (SC) | શૈલેષ પરમાર(કોંગ્રેસ) |
| 55 | અમદાવાદ | સાબરમતી | ડૉ. હર્ષદ પટેલ(ભાજપ) |
| 56 | અમદાવાદ | અસારવા(SC) | દર્શના વાઘેલા (ભાજપ) |
| 57 | અમદાવાદ | દસક્રોઈ | બાબુ પટેલ(ભાજપ) |
| 58 | અમદાવાદ | ધોળકા | કિરીટ ડાભી(ભાજપ) |
| 59 | અમદાવાદ | ધંધુકા | કાળુ ડાભી(ભાજપ) |
| 60 | સુરેન્દ્રનગર | દસાડા(SC) | પરષોત્તમ પરમાર(ભાજપ) |
| 61 | સુરેન્દ્રનગર | લીંબડી | કિરીટસિંહ રાણા(ભાજપ) |
| 62 | સુરેન્દ્રનગર | વઢવાણ | જગદીશ મકવાણા(ભાજપ) |
| 63 | સુરેન્દ્રનગર | ચોટીલા | શામજી ચૌહાણ(ભાજપ) |
| 64 | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | પ્રકાશ વરમોરા(ભાજપ) |
| 65 | મોરબી | મોરબી | કાંતિ અમૃતિયા(ભાજપ) |
| 66 | મોરબી | ટંકારા | દુર્લભજી દેથરિયા(ભાજપ) |
| 67 | મોરબી | વાંકાનેર | જીતુ સોમાણી(ભાજપ) |
| 68 | રાજકોટ | રાજકોટ ઈસ્ટ | ઉદય કાનગડ(ભાજપ) |
| 69 | રાજકોટ | રાજકોટ વેસ્ટ | ડૉ. દર્શિતા શાહ(ભાજપ) |
| 70 | રાજકોટ | રાજકોટ સાઉથ | રમેશ ટિલાળા (ભાજપ) |
| 71 | રાજકોટ | રાજકોટ રૂરલ(SC) | ભાનુબેન બાબરિયા (ભાજપ) |
| 72 | રાજકોટ | જસદણ | કુંવરજી બાવળિયા(ભાજપ) |
| 73 | રાજકોટ | ગોંડલ | ગીતાબા જાડેજા(ભાજપ) |
| 74 | રાજકોટ | જેતપુર | જયેશ રાદડિયા(ભાજપ) |
| 75 | રાજકોટ | ધોરાજી | મહેન્દ્ર પાડલિયા(ભાજપ) |
| 76 | જામનગર | કાલાવાડ(SC) | મેઘજી ચાવડા (ભાજપ) |
| 77 | જામનગર | જામનગર રૂરલ | રાઘવજી પટેલ (ભાજપ) |
| 78 | જામનગર | જામનગર નોર્થ | રીવાબા જાડેજા (ભાજપ) |
| 79 | જામનગર | જામનગર સાઉથ | દિવ્યેશ અકબરી (ભાજપ) |
| 80 | જામનગર | જામજોધપુર | હેમંત ખવા(આપ) |
| 81 | દ્વારકા | ખંભાળિયા | મૂળુ બેરા(ભાજપ) |
| 82 | દ્વારકા | દ્વારકા | પબુભા માણેક(ભાજપ) |
| 83 | પોરબંદર | પોરબંદર | અર્જુન મોઢવાડિયા(કોંગ્રેસ) |
| 84 | પોરબંદર | કુતિયાણા | કાંધલ જાડેજા(અન્ય) |
| 85 | જૂનાગઢ | માણાવદર | અરવિંદ લાડાણી(કોંગ્રેસ) |
| 86 | જૂનાગઢ | જૂનાગઢ | સંજય કોરડિયા(ભાજપ) |
| 87 | જૂનાગઢ | વિસાવદર | ભુપતભાઈ ભાયાણી(આપ) |
| 88 | જૂનાગઢ | કેશોદ | દેવાભાઈ માલમ(ભાજપ) |
| 89 | જૂનાગઢ | માંગરોળ | ભગવાનજી કરગઠિયા(ભાજપ) |
| 90 | ગીર સોમનાથ | સોમનાથ | વિમલ ચુડાસમા(કોંગ્રેસ) |
| 91 | ગીર સોમનાથ | તાલાલા | ભગવાનભાઈ બારડ(ભાજપ) |
| 92 | ગીર સોમનાથ | કોડીનાર(SC) | ડૉ. પ્રદ્યુમન વાજા (ભાજપ) |
| 93 | ગીર સોમનાથ | ઉના | કાળુ રાઠોડ(ભાજપ) |
| 94 | અમરેલી | ધારી | જે. વી. કાકડિયા(ભાજપ) |
| 95 | અમરેલી | અમરેલી | કૌશિક વેકરિયા(ભાજપ) |
| 96 | અમરેલી | લાઠી | જનક તળાવિયા(ભાજપ) |
| 97 | અમરેલી | સાવરકુંડલા | મહેશ કસવાલા(ભાજપ) |
| 98 | અમરેલી | રાજુલા | હિરા સોલંકી(ભાજપ) |
| 99 | ભાવનગર | મહુવા- | શિવા ગોહિલ(ભાજપ) |
| 100 | ભાવનગર | તળાજા | ગૌતમ ચૌહાણ(ભાજપ) |
| 101 | ભાવનગર | ગારિયાધાર | સુધીર વાઘાણી(આપ) |
| 102 | ભાવનગર | પાલિતાણા | ભીખા બારૈયા(ભાજપ) |
| 103 | ભાવનગર | ભાવનગર રૂરલ | પરષોત્તમ સોલંકી (ભાજપ) |
| 104 | ભાવનગર | ભાવનગર ઈસ્ટ | સેજલ પંડ્યા (ભાજપ) |
| 105 | ભાવનગર | ભાવનગર વેસ્ટ | જીતુ વાઘાણી (ભાજપ) |
| 106 | બોટાદ | ગઢડા(SC) | શંભુનાથ ટુંડિયા(ભાજપ) |
| 107 | બોટાદ | બોટાદ | ઉમેશ મકવાણા (આપ) |
| 108 | આણંદ | ખંભાત | ચિરાગ પટેલ(કોંગ્રેસ) |
| 109 | આણંદ | બોરસદ | રમણભાઈ સોલંકી(ભાજપ) |
| 110 | આણંદ | આંકલાવ | અમિત ચાવડા(કોંગ્રેસ) |
| 111 | આણંદ | ઉમરેઠ | ગોવિંદ પરમાર(ભાજપ) |
| 112 | આણંદ | આણંદ | યોગેશ પટેલ(ભાજપ) |
| 113 | આણંદ | પેટલાદ | કમલેશ પટેલ(ભાજપ) |
| 114 | આણંદ | સોજીત્રા | વિપુલ પટેલ(ભાજપ) આગળ |
| 115 | ખેડા | માતર | કલ્પેશ પરમાર(ભાજપ) |
| 116 | ખેડા | નડિયાદ | પંકજ દેસાઈ(ભાજપ) |
| 117 | ખેડા | મહેમદાવાદ | અર્જુનસિંહ ચૌહાણ(ભાજપ) |
| 118 | ખેડા | મહુધા | સંજયસિંહ મહિડા(ભાજપ) |
| 119 | ખેડા | ઠાસરા | યોગેન્દ્રસિંહ પરમાર(ભાજપ) |
| 120 | ખેડા | કપડવંજ | રાજેશકુમાર ઝાલા(ભાજપ) |
| 121 | ખેડા | બાલાસિનોર | માનસિંહ ચૌહાણ(ભાજપ) |
| 122 | મહીસાગર | લુણાવાડા | ગુલાબસિંહ ચૌહાણ (કોંગ્રેસ) |
| 123 | મહીસાગર | સંતરામપુર(ST) | ડૉ. કુબેર ડિંડોર (ભાજપ) |
| 124 | પંચમહાલ | શહેરા | જેઠાભાઈ આહિર(ભાજપ) |
| 125 | પંચમહાલ | મોરવાહડફ(ST) | નિમિષા સુથાર (ભાજપ) |
| 126 | પંચમહાલ | ગોધરા | સી. કે. રાઉલજી(ભાજપ) |
| 127 | પંચમહાલ | કલોલ | બકાજી ઠાકોર (ભાજપ) |
| 128 | પંચમહાલ | હાલોલ | જયદ્રથસિંહ પરમાર (ભાજપ) |
| 129 | દાહોદ | ફતેપુરા(ST) | રમેશ કટારા(ભાજપ) |
| 130 | દાહોદ | ઝાલોદ(ST) | મહેશ ભૂરિયા(ભાજપ) |
| 131 | દાહોદ | લીમખેડા(ST) | શૈલેષ ભાભોર(ભાજપ) |
| 132 | દાહોદ | દાહોદ (ST) | કનૈયાલાલ કિશોરી(ભાજપ) |
| 133 | દાહોદ | ગરબાડા(ST) | મહેન્દ્ર ભાભોર(ભાજપ) આગળ |
| 134 | દાહોદ | દેવગઢબારિયા | બચુભાઈ ખાબડ(ભાજપ) |
| 135 | વડોદરા | સાવલી | કેતન ઇનામદાર(ભાજપ) |
| 136 | વડોદરા | વાઘોડિયા | ધર્મેન્દ્રસિંહ વાઘેલા(અન્ય) |
| 137 | વડોદરા | ડભોઈ | શૈલેષ મહેતા(ભાજપ) |
| 138 | વડોદરા | વડોદરા સિટી (SC) | મનીષા વકીલ (ભાજપ) |
| 139 | વડોદરા | સયાજીગંજ | કેયૂર રોકડિયા(ભાજપ) |
| 140 | વડોદરા | અકોટા | ચૈતન્ય દેસાઈ(ભાજપ) |
| 141 | વડોદરા | રાવપુરા | બાલકૃષ્ણ શુક્લ(ભાજપ) |
| 142 | વડોદરા | માંજલપુર | યોગેશ પટેલ(ભાજપ) |
| 143 | વડોદરા | પાદરા | ચૈતન્ય ઝાલા(ભાજપ) |
| 144 | વડોદરા | કરજણ | અક્ષય પટેલ(ભાજપ) |
| 145 | છોટાઉદેપુર | છોટાઉદેપુર (ST) | રાજેન્દ્ર સિંહ રાઠવા (ભાજપ) |
| 146 | છોટાઉદેપુર | પાવી જેતપુર(ST) | જયંતીભાઈ રાઠવા (ભાજપ) |
| 147 | છોટાઉદેપુર | સંખેડા(ST) | અભેસિંહ તડવી(ભાજપ) |
| 148 | નર્મદા | નાંદોદ (ST) | ડૉ. દર્શના વસાવા(ભાજપ) |
| 149 | નર્મદા | દેડિયાપાડા (ST) | ચૈતર વસાવા (આપ) |
| 150 | ભરૂચ | જંબુસર | ડી. કે. સ્વામી(ભાજપ) |
| 151 | ભરૂચ | વાગરા | અરુણસિંહ રાણા(ભાજપ) |
| 152 | ભરૂચ | ઝગડિયા(ST) | રિતેષ વસાવા (ભાજપ) |
| 153 | ભરૂચ | ભરૂચ | રમેશ મિસ્ત્રી(ભાજપ) |
| 154 | ભરૂચ | અંકલેશ્વર | ઈશ્વરસિંહ પટેલ(ભાજપ) |
| 155 | સુરત | ઓલપાડ | મુકેશ પટેલ(ભાજપ) |
| 156 | સુરત | માંગરોળ | ગણપત વસાવા(ભાજપ) |
| 157 | સુરત | માંડવી (ST) | કુવરજી હળપતિ(ભાજપ) |
| 158 | સુરત | કામરેજ | પ્રફુલ પાનસેરિયા(ભાજપ) |
| 159 | સુરત | સુરત ઈસ્ટ | અરવિંદ રાણા(ભાજપ) |
| 160 | સુરત | સુરત નોર્થ | કાંતિ બલ્લર(ભાજપ) |
| 161 | સુરત | વરાછા માર્ગ | કુમાર કાનાણી(ભાજપ) |
| 162 | સુરત | કરંજ | પ્રવિણ ઘોઘારી(ભાજપ) |
| 163 | સુરત | લિંબાયત | સંગીતા પાટીલ(ભાજપ) |
| 164 | સુરત | ઉધના | મનુ પટેલ(ભાજપ) |
| 165 | સુરત | મજૂરા | હર્ષ સંઘવી(ભાજપ) |
| 166 | સુરત | કતારગામ | વિનુ મોરડિયા(ભાજપ) |
| 167 | સુરત | સુરત વેસ્ટ | પૂર્ણેશ મોદી(ભાજપ) |
| 168 | સુરત | ચોર્યાસી | સંદીપ દેસાઈ(ભાજપ) |
| 169 | સુરત | બારડોલી(SC) | ઈશ્વર પરમાર(ભાજપ) |
| 170 | સુરત | મહુવા (ST) | મોહન ઢોડિયા(ભાજપ) |
| 171 | તાપી | વ્યારા (ST) | મોહન કોકણી(ભાજપ) |
| 172 | તાપી | નિઝર (ST) | ડૉ. જયરામ ગામીત(ભાજપ) |
| 173 | ડાંગ | ડાંગ (ST) | વિજય પટેલ(ભાજપ) |
| 174 | નવસારી | જાલાલપોર | રમેશ પટેલ(ભાજપ) |
| 175 | નવસારી | નવસારી | રાકેશ દેસાઈ(ભાજપ) |
| 176 | નવસારી | ગણદેવી(ST) | નરેશભાઈ પટેલ(ભાજપ) |
| 177 | નવસારી | વાંસદા(ST) | અનંતકુમાર પટેલ(કોંગ્રેસ) |
| 178 | વલસાડ | ધરમપુર(ST) | અરવિંદ પટેલ(ભાજપ) |
| 179 | વલસાડ | વલસાડ | ભરત પટેલ(ભાજપ) |
| 180 | વલસાડ | પારડી | કનુ દેસાઈ(ભાજપ) આગળ |
| 181 | વલસાડ | કપરાડા(ST) | જીતુભાઈ ચૌધરી(ભાજપ) |
| 182 | વલસાડ | ઉમરગામ(ST) | રમણલાલ પાટકર(ભાજપ) |

# ૧૨ ડિસેમ્બરે મોટેરા સ્ટેડિયમમાં નવા મંત્રીઓની શપથવિધિ થશે : તૈયારી શરૂ

## વડાપ્રધાન મોદીની હાજરીમાં શપથ સમારોહમાં ભાજપ શાસિત રાજ્યના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે

**ગાંધીનગર**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની ગુરુવારે મત ગણતરી યોજાઈ. તે પછી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું કે, આગામી ૧૨ ડિસેમ્બરના રોજ ચૂંટાયેલા મંત્રીઓની શપથવિધિ યોજાશે. આગામી ૧૨ ડિસેમ્બરના રોજ પીએમ મોદીની હાજરીમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચૂંટાયેલા મંત્રીઓની શપથવિધિ યોજાશે.

એ દિવસ મુખ્યમંત્રી સહિતનું મંત્રીમંડળ પીએમની હાજરીમાં શપથ લેશે. સાથે જ કે, ભાજપ શાસિત રાજ્યના મુખ્યમંત્રીઓ પણ આ શપથવિધિમાં હાજર રહેવા આમંત્રણ અપાશે.

શપથવિધિ પહેલા સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં પૂરજોશમાં સાફ-સફાઈ થતી જોવા મળી હતી. સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨માં મંત્રીઓને ઓફિસો આવેલી છે ત્યારે અહીં સ્ટાફ દ્વારા પૂર્વ મંત્રીઓના ડ્રોઅર અને કબાટો સાફ કરવામાં આવ્યા હતા. ફાઈલો બેગમાં પેક કરી દેવાઈ હતી, કાગળોના ફાડીને નાના ટુકડા કરવામાં તેમજ પૂર્વ મંત્રીઓની તસવીરો હટાવી દેવામાં આવી હતી જેથી નવા માટે જગ્યા થઈ શકે.

મોટાભાગના મંત્રીઓએ મહત્વની ફાઈલો ચૂંટણી પહેલા જ વ્યવસ્થિત મૂકાવી દીધી હતી તેમ છતાં બુધવારે કેટલીક ફાઈલો ખસેડવામાં આવી હતી.

# ગુજરાતમાં ભાજપની શૂન્યથી ૧૫૬ બેઠકની રોમાંચક સફર

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મોટાભાગની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે. ૧૫૬ બેઠકો પર ભાજપની ભવ્યાતિભવ્ય જીત થતાં ઉમેદવારો સહિત કાર્યકરો જીતની ખુશી મનાવી રહ્યા છે. તો રાજકીય ક્ષેત્રે ભાજપની સફર પણ અદભુત રહી છે. ભાજપના રાજકીય સફરની વાત કરીએ તો ભાજપે ૧૯૬૨માં ૨૬ બેઠકો પર ચૂંટણી લડી હતી, પણ તેમાં તેને એક પણ બેઠક મળી ન હતી, તો આજના સમયમાં એટલે કે ૨૦૨૨ની ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ બ્રેક ૧૫૬ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે.

| વર્ષ | જીતેલી બેઠક | કેટલી બેઠકો પર ચૂંટણી લડી |
|---|---|---|
| ૧૯૬૨ | ૦ | ૨૬ |
| ૧૯૬૭ | ૧ | ૧૬ |
| ૧૯૭૨ | ૩ | ૧૦૦ |
| ૧૯૭૫ | ૧૮ | ૪૦ |
| ૧૯૮૦ | ૯ | ૧૨૭ |
| ૧૯૮૫ | ૧૧ | ૧૨૪ |
| ૧૯૯૦ | ૬૭ | ૧૪૩ |
| ૧૯૯૫ | ૧૨૧ | ૧૮૨ |
| ૧૯૯૮ | ૧૧૭ | ૧૮૨ |
| ૨૦૦૨ | ૧૨૭ | ૧૮૨ |
| ૨૦૦૭ | ૧૧૭ | ૧૮૨ |
| ૨૦૧૨ | ૧૧૫ | ૧૮૨ |
| ૨૦૧૭ | ૯૯ | ૧૮૨ |
| ૨૦૨૨ | ૧૫૬ | ૧૮૨ |

# ગુજરાત હાર્યા બાદ પણ કેજરીવાલ ખુશ, કહ્યું- AAP રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ

**નવીદિલ્હી**

ગુજરાતમાં મોટી જીતનો દાવો કરનાર અરવિંદ કેજરીવાલ હાર બાદ પણ ખુશ દેખાતા હતા. તેમણે ગુજરાતની જનતાનો આભાર માનતા કહ્યું કે આગામી સમયમાં તમારા આશીર્વાદથી તેઓ ભાજપનો ગઢ જીતી શકશે.

વાસ્તવમાં AAPને ગુજરાતમાં 13 ટકા વોટ મળ્યા છે, આ અંગે અરવિંદ કેજરીવાલે કહ્યું કે આજે આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય પાર્ટી બની ગઈ છે. ગુજરાતની જનતાએ આમ આદમી પાર્ટીને રાષ્ટ્રીય પાર્ટી બનાવી છે. ગુજરાતની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને મળેલા મતોની સંખ્યા પ્રમાણે આમ આદમી પાર્ટી કાયદેસર રીતે રાષ્ટ્રીય પાર્ટી બની રહી છે.

# 8 મહાનગરમાં મોદીનો જાદુ: રોડ-શો અને સભાએ અનરાધાર મત વરસાવ્યા

**અમદાવાદ**

રાજ્યના આઠ મહાનગરમાં ભાજપનું રોડ-રોલર એવું ફરી વળ્યું છે કે કોંગ્રેસ અને આપનું નામોનિશાન નથી રહ્યું. આઠ મહાનગરની કુલ 44 બેઠકોમાંથી 43 બેઠકો ભાજપે કબજે કરી સાબિત કરી દીધું છે કે શહેરી મતદારોને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અનહદ પ્રેમ વરસાવ્યો છે.



આજના પરિણામમાં સૌથી ચોંકાવનારા પરિણામ સુરતના રહ્યા છે. સુરતમાં આમ આદમી પાર્ટીએ જે રીતે પ્રચાર કર્યો હતો અને માહોલ બનાવ્યો હતો તે જોતા દરેકને એમ લાગતું હતું કે સુરત શહેર કંઈક નવું પરિણામ લાવશે. પરંતુ આજે જાહેર થયેલા પરિણામમાં સુરતની કુલ 12 બેઠકો પૈકી તમામ બેકો કબજે કરવામાં ભાજપ સફળ રહ્યો છે. આવી જ રીતે અમદાવાદમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો જંગ હતો હાલ અમદાવાદ શહેરની કુલ 16 બેઠકો પૈકી 12 બેઠકો ભાજપ પાસે હતી. અને 4 બેઠકો કોંગ્રેસ પાસે હતી. જેમાંથી ભાજપે વધુ બે ખૂંચવી લેતા કુલ 14 બેઠકો પર ભાજપનો વિજય થયો છે.

# 33માંથી 22 જિલ્લામાં કોંગ્રેસ સાફ, 5 જિલ્લામાં આપએ ખીલો ખોડ્યો

**ગાંધીનગર**

આ ચૂંટણીમાં ગુજરાતના 33માંથી 22જિલ્લામાં કોંગ્રેસનું સાવ કચ્ચરધાણ વળ્યું છે. વર્ષ 2017ની વિધાનસભા ચૂંટણીમાં જ્યાંથી ભાજપના એક પણ ધારાસભ્ય ચૂંટાયા નહોતા તેવા અરવલ્લી, મોરબી, અમરેલી, ગીર સોમનાથ, નર્મદા તાપી અને ડાંગ એમ છ જિલ્લાઓમાં પણ કોંગ્રેસના 20 ઉમેદવારો પૈકી એક પણ જાળવી શક્યા નથી. પાંચ વર્ષ પછી વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં ભાજપે 33માંથી 22 જિલ્લામાં વિજય મેળવ્યો છે. જ્યારે બોટાદ, ભાવનગરના ગારિયાધાર, જામનગરના જામજોધપુર, જૂનાગઢના વિસાવદર, નર્મદાના ડેડિયાપાડા એમ પાંચ જિલ્લામાં આમ આદમી પાર્ટી આપના ઉમેદવારોએ વિજયનો ખીલો ખોડીને પોતાની ઉપસ્થિતિ નોંધાવી છે.

| ઝોન | કુલ સીટ | ભાજપ | કોંગ્રેસ | આપ | અન્ય |
|---|---|---|---|---|---|
| ઉત્તર ગુજરાત | 32 | 22 | 8 | 0 | 2 |
| મધ્ય ગુજરાત | 40 | 37 | 2 | 0 | 1 |
| સૌરાષ્ટ્ર | 48 | 40 | 4 | 3 | 1 |
| કચ્છ | 6 | 6 | 0 | 0 | 0 |
| દ. ગુજરાત | 35 | 33 | 1 | 1 | 0 |
| અમદાવાદ જિલ્લો | 21 | 19 | 2 | 0 | 0 |
| SC બેઠકો | 13 | 11 | 2 | 0 | 0 |
| ST બેઠકો | 27 | 23 | 3 | 1 | 0 |

# ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના 20 મંત્રીઓ ચૂંટણી લડ્યા, 19 જિત્યા

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના મંત્રીમંડળના 20 મંત્રીમંડળના મંત્રીઓ ચૂંટણી લડી રહ્યા હતા.

જેમાંથી એકને બાદ કરતાં બાકી 19 મંત્રીઓએ જીત પ્રાપ્ત કરી છે.

ચૂંટણી હારનાર મંત્રી કાંકરેજ બેઠક પરથી ભાજપના ઉમેદવાર બનેલા કિર્તિસિંહ વાઘેલા છે. જે 4792 મતોથી હારી ગયા છે. બાકી તમામ મંત્રીઓએ જીત મેળવી છે.






# પટેલોને મનાવવામાં ભાજપ સફળ, 50થી વધુ બેઠકો જીતી

## 52 બેઠકો પર પાટીદાર સમાજની વસ્તી 20 ટકાથી વધુ છે : દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પાટીદાર મત નિર્ણાયક : અમદાવાદમાં 19 બેઠકો જીતી

**અમદાવાદ**

ગુજરાતના રાજકારણમાં પાટીદાર સમાજના લોકોએ હંમેશા નિર્ણાયક ભૂમિકા ભજવી છે. આ વખતે ગુજરાતમાં પણ ભાજપને પાટીદાર સમાજનું જોરદાર સમર્થન મળ્યું છે. આ કારણોસર ભાજપે 50થી વધુ પાટીદાર પ્રભુત્વવાળી બેઠકો જીતી છે.

ગુજરાતની 182માંથી 70 બેઠકો પર આ સમુદાયના લોકોનો પ્રભાવ છે. અહીંની 52 બેઠકોમાં પાટીદાર સમાજની વસ્તી 20 ટકાથી વધુ છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રની મોટાભાગની બેઠકો પર જીત કે હારનો નિર્ણય પાટીદાર સમાજના લોકોના મતોથી થાય છે. ગુજરાતમાં પાટીદાર સમાજના લોકો લેઉવા પટેલ અને કડવા પટેલ પેટાજાતિમાં વહેંચાયેલા છે. ગુજરાતમાં 70 ટકા લેઉવા પટેલ અને 30 ટકા કડવા પટેલ છે. લેઉવા પટેલ સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં વધુ છે. રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, સુરેન્દ્રનગર જિલ્લામાં આ સમુદાયના લોકોની વસ્તી નોંધપાત્ર છે. લેઉવા પટેલ એ પાટીદાર સમાજની પેટા જ્ઞાતિ છે. સૌરાષ્ટ્રના 11 જિલ્લા ઉપરાંત સુરતમાં પણ પાટીદાર સમાજના



લોકોનો દબદબો છે.

આ વખતે ભાજપ સૌરાષ્ટ્ર-કચ્છની 54માંથી 47 બેઠકો જીતી છે. બીજી તરફ કોંગ્રેસ માત્ર 3 સીટો જીતવામાં સફળ રહી છે. આમ આદમી પાર્ટીને અહીં 4 સીટો મળી છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પાટીદાર આંદોલનના કારણે ભાજપને ભારે નુકસાન સહન કરવું પડ્યું હતું. અહીં ભાજપને માત્ર 23 સીટો મળી હતી. કોંગ્રેસ ગત વખતે 30 બેઠકો જીતવામાં સફળ રહી હતી. પાટીદાર આંદોલનના કારણે આ વિસ્તારોમાં ભાજપને રાજકીય નુકસાન વેઠવું પડ્યું હતું. 2012ની ચૂંટણીમાં ભાજપ આ વિસ્તારમાં 35 બેઠકો જીતવામાં સફળ રહ્યું હતું.

પાટીદાર સમાજ ભાજપની પરંપરાગત વોટબેંક ગણાતો હતો. 2017માં ભાજપને પાટીદાર આંદોલનનો માર સહન કરવો પડ્યો હતો. પછાત પાટીદાર સમાજે અનામતની માંગણી કરતા આંદોલનને કારણે ગત વખતે ભાજપને આ સમુદાયની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. આ આંદોલનનું નેતૃત્વ યુવા નેતા હાર્દિક પટેલ કરી રહ્યા હતા. 2017ની ચૂંટણીમાં હાર્દિક પટેલ નાની ઉંમરના કારણે ચૂંટણી લડી શક્યો ન હતો. જોકે તેમણે ખુલ્લેઆમ કોંગ્રેસને મદદ કરી હતી. બાદમાં 2019માં તેઓ ઔપચારિક રીતે કોંગ્રેસમાં પણ જોડાયા હતા. આ વખતે ભાજપે પાટીદાર લોકોને મનાવવા માટે ખાસ રણનીતિ પર કામ કર્યું હતું.

## વિધાનસભા ચૂંટણી : નરેન્દ્ર મોદીએ ૩૦, કેજરીવાલે ૧૯ સભા સંબોધી

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનો જાહેર પ્રચાર હવે પૂર્ણ થયો છે અને હવે સોમવારે મતદાન યોજાશે. બરાબર એક મહિના અગાઉ એટલે કે ૩ નવેમ્બરના ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. ચૂંટણી પ્રચાર માટે છેલ્લા એક મહિનામાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે ૩૫, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૦, આમ આદમી પાર્ટીના સુપ્રીમો-દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ૧૯ અને કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી બે સભા સંબોધી હતી.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ ભાજપ-કોંગ્રેસ-આપે સ્ટાર પ્રચારકોની ફોજ ઉતારી દીધી હતી. ભાજપના પ્રચારનો મુખ્ય મદાર નરેન્દ્ર મોદી, અમિત શાહ, યોગી આદિત્યનાથ, પરષોત્તમ રૂપાલા પર જોવા મળ્યો હતો.

## સાચી આગાહી કરનારને 25 લાખ સુધીના ઈનામની જાહેરાતો

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં જ એક્ઝિટ પોલ જાહેર થવાના હતા. ચૂંટણી પંચના મતદાનના આંકડા સાથે ન હોવા છતાં મોટા ભાગની ટીવી ચેનલોએ રાજકીય પક્ષોનું ભાવિ ભાખી દીધું હતું. ગુજરાતમાં આ પોલ્સ જાહેર થયા બાદ ભારત જન વિજ્ઞાન જાથાએ જે પણ કોઈ કયા રાજકીય પક્ષને કેટલી બેઠકો આવશે તેની સચોટ માહિતી આપશે તેને રૂ. 25 લાખના ઈનામની જાહેરાત કરી હતી. આવા મેસેજ સોશિયલ મીડિયામાં પણ વાયરલ થયા હતા. જ્યારે કોંગ્રેસના પ્રવક્તા હેમાંગ રાવલે પણ વિધાનસભાની 182 બેઠકના સચોટ પરિણામની આગાહી કરનારને રૂ. 5,51,000નું ઈનામ જાહેર કર્યું હતું. કોંગ્રેસે ઓપિનિયન પોલ અને એક્ઝિટ પોલના નામે પરસેપ્શન બનાવવાનું ષડયંત્ર જણાવ્યું હતું.

## ભાજપને મૂળ કોંગ્રેસી પક્ષપલટુઓ ઉપર ભરોસો ફળ્યો, 21ને ટિકિટ આપી, 17 ઉમેદવારોની જીત

**અમદાવાદ**

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે પોતાના જૂના જોગીઓની ટિકિટ કાપી હતી જ્યારે કોંગ્રેસમાંથી આવેલા કુલ 21 પક્ષપલ્ટીઓને ટિકિટ આપી હતી, કોંગ્રેસમાંથી આવેલા 21 પક્ષપલ્ટુ પૈકી 17 જીત્યા છે અને ચાર પક્ષપલ્ટુને હારનો સામનો કરવો પડ્યો છે. આમ મૂળ કોંગ્રેસીઓ પર ભરોસો મૂકવો ભાજપને ફળ્યો છે. જે ચાર પક્ષપલ્ટુ ચૂંટણીમાં હાર્યા છે તેમાં વિસાવદરમાંથી હર્ષદ રિબડીયા, ખેડબ્રહ્માથી અશ્વિન કોટવાલ, વડગામ બેઠક પરથી મણિલાલ વાઘેલા અને માણાવદર બેઠકથી જવાહર ચાવડા ચૂંટણીમાં હારી ગયા છે. આ સિવાય બાકીના એક સમયના કોંગ્રેસના કહેવાતા ગદ્દારો ચૂંટણીમાં જીતી ગયા છે, જેમાં સિદ્ધપુરથી બલવંત રાજપત, અબડાસામાં પ્રદ્યુમન જાડેજા, વીરમગામથી હાર્દિક પટેલ, ગાંધીનગરથી અલ્પેશ ઠાકોર, સાણંદમાં કનુ પટેલ, જસદણ કુંવરજી બાવળિયા, જેતપુરથી જયેશ રાદડિયા, જામનગર ગ્રામ્ય રાઘવજી પટેલ, તાલાલા ભગવાન બારડ, ધારી જેવી કાકડિયા, બાલાસિનોર માનસિંહ ચૌહાણ, ગોધરા સીકે રાઉલજી, છોટાઉદેપુર રાજેન્દ્ર રાઠવા, કરજણ અક્ષય પટેલ, માંડવી કુંવરજી હળપતિ, કપરાડા જિતુ ચૌધરી, વાગરા અરૂણસિંહ રાણા અને નડિયાદ બેઠક પરથી પંકજ દેસાઈનો સમાવેશ થાય છે. ભાજપે 21 બેઠકો પર મૂળ કોંગ્રેસમાંથી પક્ષપલ્ટુઓને મેદાનમાં ઉતાર્યા હતા, જે પૈકી મોટા ભાગની બેઠકો પર કોંગ્રેસીઓમાં અંદરોઅંદર લડાઈ હતી, વિસાવદરમાં ભાજપ-કોંગ્રેસ બંનેને હારનો સામનો કરવો પડ્યો છે અને આપના ઉમેદવારની જીત થઈ છે.

## રાજ્યમાં ૨૭માંથી ૧૫ આદિવાસી બેઠક પર ૭૦ ટકાથી વધુ મતદાન

**અમદાવાદ**

વિધાનસભાની ચૂંટણીમાં આદિવાસીની ૨૭ બેઠક હાર-જીતના પરિણામમાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ વખતે ૨૭ આદિવાસી બેઠકમાંથી ૧૫ બેઠકમાં ૭૦ ટકાથી વધારે મતદાન નોંધાયું હતું. નર્મદાની ડેડિયાપાડા બેઠકમાં સૌથી વધુ ૮૨.૭૧ ટકા, વલસાડના કપરાડામાં ૭૯.૫૭ ટકા જ્યારે નવસારીના વાંસદામાં ૭૮.૨૩ ટકા સાથે સૌથી વધુ મતદાન નોંધાયું છે. આ સિવાય અન્ય આદિવાસી બેઠક જ્યાં ૭૦ ટકાથી વધુ મતદાન થયું છે તેમાં સંખેડા, સાબરકાંઠાની ઈડર-ખેડબ્રહ્મા, બનાસકાંઠાની દાંતા બેઠકનો સમાવેશ થાય છે.

## EVM ખુલ્લું દેખાતા કોંગ્રેસી ઉમેદવારનો આપઘાતનો પ્રયાસ

**ગાંધીધામ**

ગાંધીધામ બેઠકના ઉમેદવાર ભરત સોલંકી દ્વારા આજે ભુજ ખાતે ચાલી રહેલી મતગણતરી દરમિયાન તંત્ર સામે ગંભીર આક્ષેપો સાથે નારાજગી દર્શાવી કેન્દ્રની અંદર ધરણાં શરૂ કરી દીધા છે. ઘટનાનું કારણ રાઉન્ડ 5 દરમિયાન એક ઈવીએમ મશીનનું શીલ તૂટેલી હાલતમાં જોવા મળતા ઉમેદવારે વાંધો જાહેર કર્યો છે. એટલું જ નહીં ઈવીએમ સાથે ચેડાં થયા હોવાના ગંભીર આક્ષેપ સાથે ઉગ્ર વિરોધ નોંધાવી પટ્ટા વડે ગળે ટૂંપો ખાવાનો પણ પ્રયાસ કર્યો હતો. જોકે ઘટનાના પગલે બંદોબસ્તમાં રહેલી પોલીસે તેમને અટકાવ્યા હતા.

## બે MLA 1990થી સતત જીત્યા, 4 સતત 7 ટર્મથી વિજેતા

**અમદાવાદ**

મતદાતાઓમાં વિશ્વાસ કેળવવો ઘણો અઘરો છે, પણ વિધાનસભાની ચૂંટણીમાં એવા ઘણા ઉમેદવારો છે, જે સળંગ છથી સાત વખત ચૂંટણી લડીને ધારાસભ્ય બન્યા છે. ગુજરાત વિધાનસભા-2022ની ચૂંટણીમાં સાત એવા ઉમેદવાર છે, જે 6થી 8 ટર્મથી ચૂંટણી લડીને જીતતા આવ્યા છે. એમાં ભાજપના યોગેશ પટેલ, પબુભા માણેકનો સળંગ આઠ વખત જીતવાનો રેકોર્ડ છે. માંજલપુરના યોગેશ પટેલ આજ સુધી 8 વાર ચૂંટણી લડ્યા છે અને જીત્યા પણ છે.1990માં જનતા પાર્ટીમાંથી યોગેશ પટેલ પ્રથમ વખત ધારાસભ્ય બન્યા બાદ 1995માં તેઓ ભાજપમાં જોડાયા હતા.

## ન્યુઝ બ્રીફ

- **જુહાપુરા વિસ્તારમાં ગેંગવોર અને મારામારીનાં દ્રશ્યો સર્જાયા**
  મતદાન પૂર્ણ થયા બાદ અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ગેંગવોર અને મારામારીનાં દ્રશ્યો સર્જાયા હતા. અંગત અદાવતમાં બે જૂથો સામ સામે આવી જતા મારામારીની ઘટના બની હતી. જુહાપુરાના કુખ્યાત નજીર વોરા પર ફાયરિંગ થયું હતું. પોલીસે ઘટનાસ્થળે પહોંચી સ્થિતિ કાબુમાં લીધી હતી. બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાવી છે.
- **સરદારનગરમાં જૂથ અથડામણ સામ સામે પથ્થરમારામાં ચાર લોકો ઘાયલ**
  સરદારનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર,પી.વી. ગોહિલના જણાવ્યા મુજબ સરદારનગર વિસ્તારમાં નહેરુનગર ખાતે વર્ષ પહેલા યુવકની હત્યા થઈ હતી જેને લઇને આજે સવારે એક સમાજના બે જુથો વચ્ચે તકરાર થઇ હતી બાદમાં વાતાવરણ ઉગ્ર બનતાં જોત જોતામાં બે જૂથ્થો વચ્ચે સામ સામે પથ્થરમારો થયો હતો. આ પથ્થર મારામાં લોકો સામ સામે લાકડીઓ તથા પાઇપ સાથે ધસી આવ્યા હતા. આ હુમલામાં ચાર લોકો ઘાયલ થયા હતા જેમાંદીલીપભાઇને માથામાં પાઇપ વાગતા ગંભીર હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.
- **વડોદરાની વાઘોડિયા બેઠક પર ભાજપના ટેકેદાર રોકડ સાથે પકડાયા**
  વાઘોડિયા બેઠક ઉપર પ્રતિષ્ઠા ભર્યો ચતુષ્કોણીય જંગ જામ્યો હતો. ત્યારે ભાજપના વડોદરા જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેન રાજેન્દ્ર પટેલ રૂપિયા વહેંચણી કરવા નીકળ્યા હોવાનો એક વિડિયો વાયરલ થયો હતો. વીડિયોમાં સ્ક્વોડના માણસો રાજેન્દ્ર પટેલની જડતી લઈ રહેલા દેખાય છે અને તેમની પાસેથી રોકડા રૂ. પોણો લાખ જેટલી રકમ રિકવર કરતા નજરે પડ્યા હતા.
- વડોદરામાં શહેરના ભૂતડી વિસ્તારમાં આવેલી જીવન સાધના સ્કૂલના મતદાન મથક ઉપર 84 વર્ષના જસુબેન રાણાને તેમના પરિવારજનો ખુરશીમાં બેસાડીને મતદાન કરાવવા લઈ આવ્યા હતા. તેઓ બે આંખે જોઈ શકતા ન હતા. જશુબેનનું કહેવું હતું કે હું હંમેશા ગમે તેવી પરિસ્થિતિમાં પણ મતદાન કરવા માટે જતી હોઉં છું.
- વાઘોડિયામાં કોંગ્રેસના ઉમેદવાર સત્યજીત ગાયકવાડ આજે સવારે વોટીંગ કરવા ગયા ત્યારે તેઓ સાયકલ પર ગેસ સિલિન્ડરનો કટ આઉટ બાંધીને પહોંચ્યા હતા. પ્રથમ તબક્કાના મતદાનમાં પણ સૌરાષ્ટ્રમાં કોંગ્રેસના એક નેતા સાયકલ પર સિમ્બોલિક ગેસ સિલિન્ડર બાંધીને વોટીંગ કરવા પહોંચ્યા હતા.
- કલોલ : કલોલમાં દિવસ દરમિયાન તનાવપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું. કોંગ્રેસના ઉમેદવાર અને ચાલુ ધારાસભ્ય બળદેવજી ઠાકોર અને ભાજપ કાર્યકરો વચ્ચે બોલાચાલી થતા મામલો બિચક્યો હતો. જોકે બાદમાં સમજાવટથી મામલો થાળે પાડવામાં આવ્યો હતો. બીજી તરફ ભાજપ અને કોંગ્રેસ ઓફિસ પર તોડફોડ કરવામાં આવી હતી.
- દાંતાના ધારાસભ્ય કાંતિ ખરાડી ગુમ થયા હોવાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારે કોંગ્રેસના હંગામા બાદ આજે સવારે મળી આવ્યાના સમાચાર છે. આ મામલે બનાસકાંઠામાં દાંતા બેઠકના ભાજપના ઉમેદવાર લધુ પારઘી અને કોંગ્રેસના ઉમેદવાર કાંતિ ખરાડીએ સામસામે હુમલાની ફરિયાદ નોંધાવી છે.
- ગુજરાતની ચૂંટણીમાં હજુ પણ દબંગોનો દબદબોઃ દ્વારકામાં પબુભા, કુતિયાણા બેઠક પર કાંધલ જાડેજા અને વાંસદામાં અનંત પટેલની જીત થઈ છે.
- વ્યારામા આઝાદી બાદ ભાજપે પ્રથમવાર જીત કોંગ્રેસના ગઢમાં ભાજપે ગાબડું પાડયું છે. પરંતુ વ્યારા બેઠક પર આમ આદમી પાર્ટી બીજા ક્રમે રહી છે. મોહન કોંકણીએ આપના બિપીનચંદ્ર ચૌધરીને હરાવ્યા છે. તો કોંગ્રેસના ઉમેદવાર ત્રીજા ક્રમે રહ્યાં છે.
- અમરેલી જીલ્લાની તમામ પાંચ બેઠકો જે ૨૦૧૭માં કોંગ્રેસના ફાળે હતી તેમાંથી એક પણ બેઠક બચાવી શક્યું નથી. ધારી, અમરેલી, લાઠી, સાવરકુંડલા, રાજુલા આ તમામ બેઠકો પર ભાજપનું કમળ ખીલ્યું છે. અમરેલીમાં કોંગ્રેસના દિગ્ગજ ઉમેદવાર પરેશ ધાનાણી, રાજુલાના અંબરિષ ડેર અને લાઠીના વિરજી ઠુમ્મર સહિતના નેતા હારી ગયા છે.
- સૌરાષ્ટ્રમાં મતદાન ઘટીને 611.13 ટકા થતા ભાજપ અને વિપક્ષો માટે તે ચિંતા અને ચર્ચાનો વિષય બન્યો હતો. વિશ્લેષણ કરતા નોંધપાત્ર બાબત એ ધ્યાને આવી છે કે, જ્યાં ભાજપમાં આંતરિક વિરોધ હતો અને જ્યાં વગદાર નેતાઓના પત્તા કપાયા ત્યાં મોટાભાગની બેઠકોમાં મતદાન ઘટયું હતું.

# નવેમ્બર 2022માં 10,000 નોકરી વધી: લેબર ફોર્સ સર્વે

## દેશમાં નવા આવનારાઓને કેનેડામાં કામ કરવાની વધુ તકો મળવાનું ચાલુ રહેશે : સમયાંતરે કમાણી કરવાની ક્ષમતામાં પણ વધારો થશે

**ટોરોન્ટો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડા દ્વારા બહાર પાડવામાં આવેલા લેબર ફોર્સ સર્વે (નવેમ્બર 2022) મુજબ, 25 થી 54 વર્ષની વયની મહિલાઓએ (જેને મુખ્ય કાર્યકારી વય ગણવામાં આવે છે) રોજગારમાં 0.4%નો વધારો અનુભવ્યો છે. વિશેષ રસ, ખાસ કરીને કેનેડાની સૌથી તાજેતરની ઈમિગ્રેશન લેવલ પ્લાન (2023-2025)એ આગામી કેટલાંક વર્ષોમાં રેકોર્ડ ઉચ્ચ ઈમિગ્રેશન લક્ષ્યોની જાહેરાત કર્યા પછી તાજેતરના કેનેડિયન ઈમિગ્રન્ટ્સના રોજગાર પરિણામો છે. તાજેતરના ઈમિગ્રન્ટ્સમાં છેલ્લા પાંચ વર્ષમાં કેનેડામાં સ્થળાંતર કરનાર કામ કરતી મહિલાઓએ નવેમ્બર 2022માં 69.7%નો રોજગાર દર જોયો છે. નવેમ્બર મહિનામાં તાજેતરની કેનેડિયન ઈમિગ્રન્ટ મહિલાઓ માટે કોર વર્કિંગ છેલ્લા 16 વર્ષમાં આ સૌથી વધુ રોજગાર દર છે. મુખ્ય વર્કિંગ-વૃદ્ધ કેનેડિયનો વચ્ચેનો કુલ



રોજગાર દર નવેમ્બર 2022માં દર વર્ષે (YOY) 0.8% વધીને 84.7% થયો હતો, જે મુખ્ય-વૃદ્ધ મહિલાઓની આગેવાનીમાં વધારો દર્શાવે છે. આ જૂથમાં હવે 81.6% નો રોજગાર દર છે, જે મે 2022 માં 81.4% ના અગાઉના રેકોર્ડ કરતાં શ્રેષ્ઠ છે.મુખ્ય કાર્યકારી-વૃદ્ધ પુરુષો માટે રોજગાર દર હવે 87.8% સુધી છે. કેનેડિયન રોજગાર વિશે સામાન્ય દૃષ્ટિકોણથી, નવેમ્બર 2022માં સમગ્ર દેશમાં રોજગારમાં 10,000 નોકરીઓની વૃદ્ધિ જોવા મળી હતી.કેનેડામાં રાષ્ટ્રીય બેરોજગારી દર 0.1 પોઈન્ટ ઘટીને 5.1% થઈ ગયો છે. કેનેડાનો રોજગાર સહભાગિતા દર પણ નવેમ્બરમાં ઘટીને 64.8% થયો હતો. આ પ્રમાણમાં નજીવી રોજગાર વૃદ્ધિ હોવા છતાં, નવેમ્બર 2021 થી કર્મચારીઓનું સરેરાશ કલાકદીઠ વેતન નવેમ્બરમાં સતત છઠ્ઠા મહિને 32.11 ડોલર સુધી 5%થી વધુ રહ્યું છે. આ સૂચવે છે કે, આ દેશમાં નવા આવનારાઓને કેનેડામાં કામ કરવાની વધુ તકો મળવાનું ચાલુ રહેશે. સાથે સાથે સમયાંતરે કમાણી કરવાની ક્ષમતામાં પણ વધારો થશે. કેનેડામાં નવા આવનારાઓ રહેવાની જગ્યા પસંદ કરતી વખતે ઘણા પરિબળો ધ્યાનમાં લે છે, જેમાં તેઓ સૌથી વધુ રોજગારની તક ક્યાં મેળવી શકશે તે જુએ છે.

# કેનેડામાં રહેતાં ભારતીયો પોતાનાં સગાને હવે નોકરી અપાવી શકશે

## ત્રણ વર્ષમાં દેશમાં 14.5 લાખ ઈમિગ્રન્ટ્સને નોકરી આપવાની યોજના

**ઓટાવા**

કેનેડામાં ઈમિગ્રેશન પોલિસીમાં મોટો બદલાવ કરવામાં આવ્યો છે. જેથી ત્યાં કામ કરતા ભારતીયોને તેનો ફાયદો થશે. કેનેડા સરકારે નિર્ણય લીધો છે કે, ત્યાં કામ કરતા અન્ય દેશોના લોકોના પરિવારના સભ્યોને પણ વર્ક પરમિટ આપવામાં આવશે. જેથી કેનેડામાં કામ કરતા લોકો પોતાના પ્રિયજનોને પણ ત્યાં નોકરી અપાવી શકશે. આ પરમિટ માત્ર હંગામી વર્કરો માટે જ હશે. જે આગામી વર્ષથી અમલમાં મુકાય તેવી શક્યતા છે. કેનેડાના ઈમિગ્રેશન અને શરણાર્થી મંત્રી શોન ફ્રેઝરે શુક્રવારે આ માહિતી આપી હતી કે બહારથી આવતા વર્કરોના આરોગ્ય, આર્થિક સ્થિતિમાં સુધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ પોલિસી લાગુ થયા બાદ કેનેડામાં રહેતા વિદેશી વર્કરો તેમના પરિવારના સભ્યો સાથે રહી શકશે. જેથી તેઓ તેમના કામમમાં વધુ ધ્યાન આપી શકશે. આ પોલિસી પહેલાં, માત્ર ઉચ્ચ કુશળ કામદારોના પરિવારના સભ્યોને કેનેડામાં કામ કરવાની મંજૂરી આપવામાં આવી હતી. જ્યારે બે વર્ષ માટે લાગુ કરવામાં આવતી નવી પોલિસી બાદ આમાં ફેરફાર થશે. ત્યાં કામ કરતી કોઈપણ હંગામી વ્યક્તિ ત્યાં તેના પરિવારના સભ્યો માટે વર્ક પરમિટ મેળવી શકશે. એક અંદાજ મુજબ નવી પોલિસીથી લગભગ બે લાખ વિદેશી વર્કરોને ફાયદો થવાની આશા છે. કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરે અગાઉ પણ દેશમાં લેબર ફોર્સની અછતને કારણે પ્રવાસીઓને કામ કરવાની તક આપવાની વાત કરી હતી. કેનેડાને અર્થતંત્ર સુધારવા માટે વધુ લોકોની જરૂર છે. આ જરૂરિયાતને પહોંચી વળવા કેનેડાએ ઈમિગ્રેશન લેવલ પ્લાન 2023-25 અંતર્ગત આગામી ત્રણ વર્ષમાં દેશમાં 14.5 લાખ ઈમિગ્રન્ટ્સને નોકરી આપવાની યોજના બનાવવામાં આવી છે.

**મહામારી પછી લોકો કામ છોડી રહ્યા છે** | જૂન-જુલાઈ 2022માં, કેનેડાએ COVID-19 મહામારીની 7મી લહેરનો સામનો કર્યો હતો. આ દરમિયાન 11.2% હોસ્પિટલ સ્ટાફ અને નર્સો પણ સંક્રમણની ઝપેટમાં આવીને બીમાર પડ્યાં. જેના કારણે કામ કરનાર લોકોની અછત સર્જાઈ હતી અને ઘણી હોસ્પિટલોના ઈમરજન્સી વોર્ડ બંધ કરવાની જરૂર પડી હતી.

**કેનેડાએ આગામી ત્રણ વર્ષમાં 15 લાખ** | પ્રવાસીઓને પોતાને ત્યાં વસાવવાની યોજના બનાવી છે. કેનેડાના ઇમિગ્રેશન મંત્રી સી.એન. ફ્રેસરે કહ્યું છે કે વર્ક વિઝા પરમિટ અને અન્ય પ્રક્રિયાઓ ઝડપી કરાશે. કેનેડા સરકારના આ મોટા નિર્ણયથી ભારતીયોને લાભ થવાની શક્યતા છે.

**કેનેડામાં હાલ જે વસતી છે તેમની વધતી ઉંમર સૌથી મોટું ચિંતાનું કારણ છે** | કેનેડા સરકારનું માનવું છે કે, જો આ દિશામાં કંઈ નહીં કરાય તો દસથી પંદર વર્ષ પછી દેશની આર્થિક સ્થિતિ કથળવાનું શરૂ થઈ જશે. સ્કૂલો અને હોસ્પિટલોને યોગ્ય રીતે ચલાવવી મુશ્કેલ થઈ જશે. દર પાંચે એક કેનેડિયન બીજા દેશમાંથી આવીને અહીં વસ્યો છે. દેશના 60% નાગરિકો પ્રવાસી પ્રત્યે સકારાત્મક વલણ ધરાવે છે.

# ફૂડ ડિલિવરી રોબોટ્સ કેનેડિયન અનેક શહેરોના ફૂટપાથ પર પણ દેખાવા માંડ્યા

**ઓન્ટેરિયો**

ડીનર એન્જી, હ્યુગો અથવા રાજા દ્વારા મળેલા ઓટોનોમસ રોબોટ્સ જે ચાર પૈડાં પર આંખની જેમ લાઈટ સાથે કૂલર જેવા દેખાય છે. તેઓએ ફૂટપાથ દ્વારા ગ્રાહકો સુધી પહોંચ્યા અને તેમને ઢાંકણાં ખોલવા અને ખોરાક બહાર કાઢવા માટે વિશેષ કોડનો ઉપયોગ કર્યો હતો. સર્વ રોબોટિક્સ માટે દર ખાસ્ત- ઉબેરના 2020 ફૂડ ડિલિવરી એક્વિઝિશન પોસ્ટમેટ્સનું સ્પિનઓફ કે જેણે ટ્રાયો અને શૂન્ય-ઉત્સર્જન રોબોટ્સનો કાફલો બનાવ્યો, જે સરળ છે. મુઠ્ઠીભર અન્ય રોબોટિક ડિલિવરી કંપનીઓ સમાન સિદ્ધાંતો ધરાવે છે, પરંતુ સર્વવ્યાપકતા માટે તેમના માર્ગમાં અનેક અવરોધો છે. ટોરોન્ટો જેવા કેટલાક મોટા શહેરોમાં ડિલિવરી રોબોટ્સ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેમણે દલીલ કરી હતી કે, તેઓ ઓછી ગતિશીલતા ધરાવતા લોકો તેમજ વરિષ્ઠ અને બાળકો માટે જોખમી છે.

અલી કાશાની, સર્વના વાનકુવર-વંશના ચીફ એક્ઝિક્યુટિવ, ટીકાને નવીનતાનો એક કુદરતી ભાગ માને છે, જેને સાયકલનો પણ અનુભવ થયો હતો, જ્યારે તેની શોધ થઈ હતી ત્યારે ઘણાને લાગ્યું હતું કે, તે છૂટાછેડાનું કારણ બનશે. જે બાદ તેણે ચિંતા દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. અને તેઓ આસપાસના લોકોને ચેતવણી આપવા માટે તેમની લાઈટ ફ્લેશ કરે છે. તે ઓટોમેટિક ક્રેશ નિવારણ, વાહન અથડામણ ટાળવા અને ઈમરજન્સી બ્રેકિંગથી સજ્જ છે.

# આખા દેશમાં શ્રમિકોની અછત વચ્ચે કેનેડાનું હેલ્થ કેર માન્યતાનું નવું લક્ષ્ય

**ઓન્ટેરિયો**

5મી ડિસેમ્બર, 2022ના રોજ, ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરે કેનેડાના હેલ્થકેર સેક્ટરમાં ઈન્ટરનેશનલી એજ્યુકેટેડ હેલ્થકેર પ્રોફેશનલ્સને કામ કરવામાં મદદ કરવા માટે દરખાસ્તો મંગાવવાની જાહેરાત કરી હતી.

આજની પ્રેસ કોન્ફરન્સમાં, મંત્રી ફ્રેઝરે (માનનીય કાર્લા ક્વાલ્ટ્રો વતી, રોજગાર, કાર્યબળ વિકાસ અને વિકલાંગતા સમાવિષ્ટ મંત્રી), કૌશલ્ય, અનુભવ અને સ્થાનિક ઓળખપત્રો મેળવવા માટે IEHP ને સુવ્યવસ્થિત અને સક્ષમ કરવામાં મદદ કરવા માટે પ્રોજેક્ટ દરખાસ્તો માટે કૉલની જાહેરાત કરી હતી. જેથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકે. કેનેડામાં વિદેશી ઓળખપત્ર માન્યતાને સમર્થન આપવા સરકારો અને સંસ્થાઓને ભંડોળ પૂરું પાડતો ફેડરલ પ્રોગ્રામ, ફોરેન ક્રેડેન્શિયલ રેકગ્નિશન પ્રોગ્રામ (FCRP) દ્વારા દરખાસ્તોનું સંચાલન કરવામાં આવશે. મંત્રી ફ્રેઝરે પસંદ કરેલા પ્રોજેક્ટ્સ માટે પ્રોગ્રામ દ્વારા 90 મિલિયન ડોલરના રોકાણની જાહેરાત કરી હતી. દરખાસ્તો 30મી જાન્યુઆરી, 2023 સુધી સ્વીકારવામાં આવશે. સફળ પ્રોજેક્ટને ઓછામાં ઓછા 500,000 ડોલર અને વધુમાં વધુ 10 મિલિયન ડોલરનું ભંડોળ પ્રાપ્ત થઈ શકે છે.




રમેશભાઈ વ્યાસ

(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)

સંપર્ક : +1 647-236-2061 (Whatsapp Number)

Email :- rkvyas143@gmail.com

સ્વદેશ Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા

(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)

(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)

સ્વદેશ Leading Gujarati Newspaper

+1 437-421-2992

Email :- info@swadesh.news



# પાંચ રાજ્યોની કુલ સાત બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપનો બે બેઠક પર વિજય

### ઉ.પ્રદેશમાં અખિલેશના પત્ની ડિમ્પલ યાદવે મૈનપુરી લોકસભા બેઠક પર જીત મેળવી

**નવી દિલ્હી/લખનઉ**

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીએ હાઇ પ્રોફાઇલ મૈનપુરી લોકસભા બેઠક જાળવી રાખી છે જ્યારે ભાજપે સપા પાસેથી રામપુર સદર વિધાનસભા બેઠક આંચકી લીધી છે. બિહારમાં ભાજપે કુરહાની વિધાનસભા બેઠક નીતીશકુમારના ગઠબંધન પાસેથી આંચકી લીધી છે. જો કે ઉત્તર પ્રદેશમાં ખતૌલી વિધાનસભા બેઠક પર ભાજપની સમાજવાદી પાર્ટીના સહયોગી રાષ્ટ્રીય લોક દળ (આરએલડી)ના ઉમેદવાર સામે હાર થઇ છે. કોંગ્રેસે પોતાની બે વિધાનસભા બેઠક એક છત્તીસગઢ અને બીજી રાજસ્થાનમાં જાળવી રાખી છે.

પાંચ રાજ્યોની કુલ છ વિધાનસભા બેઠકોની પેટા ચૂંટણીમાં ભાજપને બે, કોંગ્રેસને બે, આરએલડીને એક તથા બીજેડીને એક બેઠક મળી છે. ઉત્તર પ્રદેશની મૈનપુરી લોકસભા બેઠક પર સપાનો વિજય થયો છે.

છત્તીસગઢની ભાનુપ્રતાપુર વિધાનસભા બેઠક અને રાજસ્થાનની સરદારશહર વિધાનસભા બેઠક પર કોંગ્રેસનો વિજય થયો છે. ઓડિશાની પદમપુર વિધાનસભા બેઠક પર બીજેડીનો વિજય થયો છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવના પત્ની ડિમ્પલ યાદવનો મૈનપુરી લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર રઘુરાજ સિંહ શાક્યા સામે ૨,૮૮,૪૬૧ મતોથી વિજય થયો છે. સમાજવાદી પાર્ટીના સહયોગી આરએલડીના મદન ભૈયાએ ખતૌલી બેઠક પર ભાજપના રાજકુમારી સૈનીને ૨૨,૦૦૦ મતોથી હાર આપી છે. જો કે ભાજપે પ્રથમ વખત આઝમખાનના ગઢ ગણાતા રામપુરમાં પ્રથમ વખત વિજય મેળવ્યો છે.

# નાણામંત્રી નિર્મલા ફોર્બ્સની 100 મોસ્ટ શક્તિશાળી મહિલાની યાદીમાં સમાવેશ

### યાદીમાં ભારતની અન્ય પાંચ મહિલાઓને પણ સ્થાન અપાયું

**નવી દિલ્હી**

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામન, બાયોકોનના એક્ઝિક્યુટિવ ચેરપર્સન કિરણ મઝુમદાર-શૉ અને સેબીના ચેરપર્સન માધવી પુરી બુચ સહિત કુલ 6 ભારતીય મહિલાઓએ વિશ્વની સૌથી શક્તિશાળી 100 મહિલાની ફોર્બ્સની વાર્ષિક યાદીમાં સ્થાન મેળવ્યું છે. 36મા ક્રમે રહેલા નિર્મલાએ સતત ચોથા વર્ષે આ યાદીમાં સ્થાન મેળવ્યું છે. ગત વર્ષે તેઓ 37મા, 2020માં 41મા અને 2019માં 34મા ક્રમે રહ્યા હતા. યાદીમાં સ્થાન મેળવનારી અન્ય ભારતીય મહિલાઓમાં એચસીએલ ટેકના ચેરપર્સન રોશની નાદર મલ્હોત્રા (53મો ક્રમ), સેબીના ચેરપર્સન માધવી પુરી બુચ (54મો ક્રમ), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેરપર્સન સોમા મોન્ડલ (67મો ક્રમ), કિરણ મઝુમદાર-શૉ (72મો ક્રમ) અને નાયકાના ફાઉન્ડર ફાલ્ગુની નાયર (89મો ક્રમ)નો સમાવેશ થાય છે. યૂક્રેન યુદ્ધ દરમિયાન તેમના નેતૃત્વ અને કોરોના મહામારીમાં કામગીરી બદલ યુરોપિયન કમિશનના પ્રેસિડેન્ટ ઉર્સુલા વોન ડેર લેયેન યાદીમાં પ્રથમ સ્થાને રહ્યા. યુરોપિયન સેન્ટ્રલ બેન્કના પ્રેસિડેન્ટ ક્રિસ્ટિન લેગાર્ડ બીજા અને અમેરિકી ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ ત્રીજા ક્રમે છે.

# અગસ્તા હેલિકોપ્ટર કૌભાંડ કેસમાં હજુ પણ સાક્ષીઓની તપાસ બાકી

**નવી દિલ્હી**

અગસ્તા વેસ્ટલેન્ડ વીવીઆઈપી હેલિકોપ્ટર કૌભાંડ કેસમાં હજુ પણ 250 જેટલા સાક્ષીઓની તપાસ થવાની બાકી છે તે નોંધીને સુપ્રીમ કોર્ટે મંગળવારે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે આરોપી વચેટિયા ક્રિશ્ચિયન જેમ્સ મિશેલ, જેની 4 ડિસેમ્બર, 2018 ના રોજ દુબઈથી ધરપકડ કરવામાં આવી હતી અને પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો, તે કેટલા સમય સુધી વંચિત રહી શકે છે. "તે સાડા ચાર વર્ષથી જેલમાં બંધ છે. સામાન્ય રીતે જો તે ભારતીય નાગરિક હોય, તો કોર્ટ જામીન આપવા તૈયાર હશે. હા, તે વિદેશી નાગરિક છે અને તેને પ્રત્યાર્પણ દ્વારા લાવવામાં આવ્યો હતો. પરંતુ માત્ર એટલા માટે કે તે વિદેશી નાગરિક છે, શું તે તેની સ્વતંત્રતાના સંપૂર્ણ વંચિતતાની વોરંટી આપે છે, "ભારતના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે, બે જજની બેન્ચની અધ્યક્ષતામાં પૂછ્યું. તેમણે પૂછ્યું કે શું કોર્ટ તેમની હાજરી સુનિશ્ચિત કરવા માટે કેટલીક શરતો લાદે તો શું તે પૂરતું છે. મિશેલના વકીલે ન્યાયાધીશ પી એસ નરસિમ્હાની પણ બનેલી બેંચને જણાવ્યું હતું કે, તેણે જે ગુનાઓ પર આરોપ મૂક્યો હતો તેના માટે તેણે લગભગ મહત્તમ પાંચ વર્ષની સજા ભોગવી છે.

# દિલ્હી કોર્પો.ની ચૂંટણી : આપે 134 બેઠકો પર વિજય મેળવ્યો, ભાજપને 103 બેઠકો

**નવીદિલ્હી**

રાષ્ટ્રનાં પાટનગર નવી દિલ્હીનાં મ્યુનિસિપલ કોર્પોરેશન (મ્યુનિસિપલ કોર્પોરેશન ઓફ દિલ્હી (MCD)ની તારીખ જથી ડિસેમ્બરે યોજાયેલી ચૂંટણીનાં પરિણામો પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. જેની મતગણતરી પૂરી થતાં કેજરીવાલની આમ આદમી પાર્ટીને ૧૩૪ બેઠકો મળી છે. તેથી ૨૫૦ બેઠકો ધરાવતાં આ કોર્પોરેશનની ચૂંટણીનો ૧૨૬નો મેજિક નંબર તો તેણે સરળતાથી વટાવી દીધો છે. તે પછી, ભાજપ ૧૦૩ બેઠકો સાથે તદન તેની નજીક જ રહ્યો છે. પરંતુ દેશ ઉપર કુલ સીત્તેર સીત્તેર વર્ષ સુધી શાસન કરનાર પક્ષ કોંગ્રેસને માત્ર ૧૦ બેઠકોથી જ સંતોષ માનવો પડયો છે. અન્યો ૩ બેઠકો લઈ ગયા છે.

રાષ્ટ્રીય પાટનગરના ૨૫૦ વોર્ડઝ છે, તેનાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ઉપર સમગ્ર દેશની નજર મંડાઈ રહી હતી. આપના નેતા કેજરીવાલ તો આ વિજયથી હર્ષોન્માદ માં આવી ગયા છે. પરંતુ નિરીક્ષકો કહે છે કે તેઓ તેમનું ડગલું ડગલું દબાવી રહેલા રાષ્ટ્રીય પક્ષ ભાજપ પ્રત્યે બેધ્યાન થઈ જશે તો ભવિષ્યમાં તેઓ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.



# તમિલનાડુમાં ભગવા કપડા પહેરેલાં આંબેડકર સાહેબના પોસ્ટરથી વિવાદ

**ચેન્નાઇ**

6 ડિસેમ્બરે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરની પુણ્યતિથિ હતી. આ પ્રસંગે તમિલનાડુમાં પણ અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર તંજાવુરમાં ભગવા કપડા પહેરેલા બાબાસાહેબનું પોસ્ટર સામે આવ્યું હતું જેના પર વિવાદ વધુ ઘેરો બન્યો છે. પોસ્ટરની તસવીરમાં આંબેડકરના કપાળ પર તિલક લગાવેલું જોવા મળી રહ્યું છે. હિંદુ તરફી સંગઠન અને દલિત જૂથ વિદુથલાઈ ચિરુથાઈગલ કાચી (VCK) પોસ્ટરને લઈને અથડામણ થઈ હતી. ત્યારબાદ ઈન્દુ મક્કલ કાચીના એક પદાધિકારી ગુરુમૂર્તિને પોલીસે કસ્ટડીમાં લીધા હતો.

આંબેડકરની ઓળખને લઈને બંને સંગઠનોના સભ્યો રસ્તા પર ઉતરી આવ્યા હતા. હિન્દુ જૂથે કહ્યું કે, આંબેડકર તમામ ભારતીયો માટે સમાન હતા. ઈન્દુ મક્કલ કચ્છીના સ્થાપક અર્જુન સંપતે કહ્યું કે, આંબેડકરને હિંદુ તરીકે દર્શાવવામાં કંઈ ખોટું નથી. તે કોઈ એક ધર્મ સુધી મર્યાદિત નથી. સંપતે કહ્યું કે બૌદ્ધ ધર્મ અપનાવતા પહેલા આંબેડકર ભગવા પ્રેમી હતા. જાગૃતિ લાવવા પોસ્ટરોમાં આંબેડકરનું ભગવાકરણ કરવામાં આવ્યું છે.




# નીરવ મોદીની પ્રત્યાર્પણ અરજી અંગે ભારતે બ્રિટન કોર્ટમાં જવાબ મોકલ્યો

**નવી દિલ્હી**

ભારતીય અધિકારીઓએ ભાગેડુ હિરાના વેપારી નીરવ મોદીની યુકેની સુપ્રીમ કોર્ટમાં તેના પ્રત્યાર્પણના આદેશ સામે અપીલ કરવાની પરવાનગી માંગતી અરજી પર પોતાને કાનૂની જવાબ આપી દીધો છે.

અદાલતોમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કરતી ક્રાઉન પ્રોસિક્યૂસન સર્વિસ (CPS) એ 51 વર્ષીય હિરાના વેપારી દ્વારા લંડનમાં સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજી પર સોમવાર સુધીમાં જવાબ સબમિટ કરવાનો હતો. લગભગ આશરે 2 બિલિયન પંજાબ નેશનલ બેન્ક (PNB) લોન કૌભાંડ કેસમાં આરોપોનો સામનો કરવા માટે નીરવ મોદીને ભારત લાવવાનો પ્રયાસ ચાલું છે.

નીરવ મોદીના વકીલોએ ગત મહીને અપીલ દાખલ કરી હતી, જ્યારે તે માનસિક સ્વાસ્થ્યના આધારે હાઈકોર્ટમાં પ્રારંભિક અપીલ હારી ગયો હતો. બે ન્યાયાધીશોની બેન્ચે કહ્યું હતું કે, તેની આત્મહત્યાનું જોખમ એટલું મોટું નથી કે તેને લંડનની વેન્ડ્સવર્થ જેલમાંથી મુંબઈની આર્થર રોડ જેલમાં પ્રત્યાર્પણ કરવું અન્યાયી કે દમનકારી હશે.

# અમૃતકાળમાં વિશ્વની દિશા નક્કી કરવામાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ : મોદી

**નવી દિલ્હી**

સંસદમાં શિયાળુ સત્રની શરૂઆત થઇ ગઇ છે. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે પોતાના વક્તવ્ય સાથે સત્રની શરૂઆત કરાવી હતી. આ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ રાજ્યસભામાં ભાષણ આપ્યું હતું. જેમાં તેઓએ વિશ્વમાં ભારતની ભૂમિકા પર વાત કરી હતી. તેઓએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વને ભારત અમૃતકાળમાં દિશા દેખાડશે. સાથે તેમણે ધનખડના વખાણ કરતા કહ્યું હતું કે આ સંસદનું સૌભાગ્ય છે કે તેમને એક એવા અધ્યક્ષ મળ્યા છે કે જેઓમાં જવાન અને કિસાનનો સુમેળ જોવા મળી રહ્યો છે. તેઓ કિસાન પુત્ર છે અને સૈનિક સ્કૂલમાં ભણ્યા છે.

# હૈદરાબાદમાં વિશ્વનું પ્રથમ ગોલ્ડ એટીએમ લોન્ચ કરવામાં આવ્યું

**હૈદરાબાદ**

વિશ્વનું પ્રથમ ગોલ્ડ એટીએમ હૈદરાબાદમાં લોન્ચ કરવામાં આવ્યું છે. આ વિશ્વનું પ્રથમ રિયલ ટાઇમ ગોલ્ડ એટીએમ છે. સોનાના સિક્કાની ખરીદી માટે આ એટીએમનો ઉપયોગ કરવો એકદમ સરળ છે અને તે સપ્તાહના સાતેય દિવસ 24 કલાક ઉપલબ્ધ રહેશે. સોનાના શોખીનો આ એટીએમ પર પણ લાઈન લગાવવા વાગ્યા છે. આ ગોલ્ડ એટીએમ મારફત સોનાની ખરીદી કરવા માટે તમે ડેબિટ કે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકો છો. તે બીજા એટીએમની માફક કામ કરે છે. ડેબિટ કે ક્રેડિટ કાર્ડ નાખ્યા બાદ સોનાની ખરીદી માટે આપવામાં આવેલા વિકલ્પની પસંદગી કરવી પડે છે. તે પછી કિંમતનો વિકલ્પ પસંદ કરવાનો હોય છે અને પોતાના બજેટ પ્રમાણે સોનાનો સિક્કો ખરીદી શકાય છે.



# નોટબંધીના નિર્ણયના દસ્તાવેજો રજુ કરો : RBI અને કેન્દ્રને સુપ્રીમનો આદેશ

**નાસિક**

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2016માં નોટબંધી લાગુ કરવામાં આવી હતી. જેના વિરુદ્ધમાં સુપ્રીમ કોર્ટમાં અનેક અરજીઓ થઇ છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને આરબીઆઇને આદેશ આપ્યો છે કે સુધી નોટબંધીનો જે નિર્ણય લેવામાં આવ્યો તેની સંપૂર્ણ જાણકારી લેખીતમાં દસ્તાવેજોની સાથે 10 ડિસેમ્બર સુધી સુપ્રીમ કોર્ટમાં રજુ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એસ એ નઝીરની આગેવાનીમાં ગંઠીત બંધારણીય બેંચ સમક્ષ કેન્દ્ર સરકાર વતી એટર્ની જનરલ આર વેંકટરમણી, અરજદારોના વકીલો જેમ કે વરીષ્ઠ વકીલ પી ચિદંબરમ અને શ્યામ દિવાને પોતાની દલીલો રજુ કરી હતી.

# હિમાચલમાં ભાજપ પાસેથી કોંગ્રેસે સત્તા આંચકી લીધી

## હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં 68 બેઠકોમાંથી કોંગ્રેસે 40 બેઠકો જીતીને બહુમતી મેળવી લીધી, ભાજપને 25 બેઠકો મળી

**નવી દિલ્હી**

હિમાચલ પ્રદેશમાં દર પાંચ વર્ષે શાસક પક્ષ બદલાવાની પરંપરા આ વખતે પણ જળવાઈ રહી છે. હિમાચલ પ્રદેશની વિધાનસભા ચૂંટણીમાં ૬૮ બેઠકોમાંથી કોંગ્રેસે ૪૦ બેઠકો જીતીને બહુમતી મેળવી લીધી છે જ્યારે ભાજપને ૨૫ જ બેઠકો મળી છે. જોકે, રસપ્રદ બાબત એ છે કે આ ચૂંટણીમાં કોંગ્રેસને ૪૩.૯ ટકા જ્યારે ભાજપને ૪૩ ટકા મત મળ્યા છે. મતદાનની ટકાવારીમાં માત્ર ૦.૯ ટકાના તફાવતમાં ભાજપે ૧૯ બેઠકો ગુમાવી હતી. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૪૮.૮ ટકા મતો સાથે ૪૪ બેઠકો જીતી હતી.

હિમાચલ પ્રદેશમાં વર્ષ ૧૯૮૫થી શાસક પક્ષ ફરીથી સત્તા પર નથી આવતો તે પરંપરા જળવાઈ રહી હતી. આ વિધાનસભા ચૂંટણીમાં મતદારોએ ભાજપ અને કોંગ્રેસમાંથી એકની પસંદગી કરવાની પરંપરા પણ જાળવી રાખી હતી. દિલ્હી અને પંજાબમાં સરકાર બનાવ્યા પછી રાષ્ટ્રીય પક્ષ બનવા તરફ આગળ વધી રહેલી આમ આદમી પાર્ટીએ હિમાચલમાં ૬૭ બેઠકો પર ચૂંટણી મેદાનમાં ઝુકાવ્યું હતું, પરંતુ તે ખાતુ ખોલાવવામાં પણ સફળ થઈ શકી નથી. આમ આદમી પાર્ટીને માત્ર ૧.૧૦ ટકા મત મળ્યા હતા. બીજીબાજુ પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ હિમાચલમાં પક્ષના વિજય માટે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને ક્રેડિટ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્વતીય રાજ્યમાં ભાજપને ટેકો આપવા બદલ મતદારોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, તેમનો પક્ષ રાજ્યની અપેક્ષાઓ પૂરી કરવા માટે કામ કરવાનું અને લોકોના મુદ્દા ઉઠાવવાનું ચાલુ રાખશે. હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે કહ્યું કે તેઓ જનાદેશનો આદર કરે છે. તેઓ લોકોના વિકાસ માટે કામ કરવાનું ક્યારેય બંધ નહીં કરે.

## હિમાચલમાં કોંગ્રેસને 'ઓપરેશન લોટસ'નો ડર, ધારાસભ્યોને મોહાલી શિફ્ટ કરાશે

હિમાચલ પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં અત્યાર સુધીના ટ્રેન્ટ પ્રમાણે રાજ્યમાં કોગ્રેસની સરકાર બનતી જોવા મળી રહી છે. અત્યાર સુધીના સામે આવેલા પરિણામ બાદ કોંગ્રેસ એક્શન મોડમાં સામે આવી ગઈ છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર બઘેલ, ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને રાજીવ શુક્લા શિમલા જશે. તો બીજીતરફ કોંગ્રેસને પોતાના ધારાસભ્યો તોડવાનો ડર લાગી રહ્યો છે. કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને મોહાલીમાં શિફ્ટ કરાવી શકે છે. કોંગ્રેસે ધારાસભ્યોને રોકવા માટે એઆઈસીસી સચિવોની ડ્યૂટી લગાવી છે. આ સાથે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સુરક્ષિત જગ્યા પર લઈ જવા માટે લાગી ગઈ છે. રિપોર્ટ પ્રમાણે કોંગ્રેસને ડર છે કે ભાજપ તેના જીતેલા ધારાસભ્યોને તોડી શકે છે. આ આશંકા અને કથિત ઓપરેશન લોટસને ધ્યાનમાં રાખતા કોંગ્રેસે હિમાચલના ધારાસભ્યોને મોહાલી મોકલવાની યોજના બનાવી છે. સૂત્રો પ્રમાણે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને વરિષ્ઠ નેતા ભૂપેન્દ્ર હુડ્ડાને તેની જવાબદારી સોંપવામાં આવી છે.

# ભારતને આયુર્વેદ હોમિયોપેથી, યુનાની રાષ્ટ્રીય સંસ્થાઓ મળશે

## ગોવાની વિશ્વ આયુર્વેદ પરિષદમાં પીએમ મોદી કરશે ઉદઘાટન

**નવી દિલ્હી**

કેન્દ્રીય આયુષ મંત્રાલયે માહિતી આપી હતી કે ગોવામાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ, ગાઝિયાબાદમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુનાની અને દિલ્હીમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હોમિયોપેથી શરૂ થશે. આ બધાની સાથે, એક હોસ્પિટલ પણ હશે જ્યાં દર્દીઓ તેમની સારવાર કરાવી શકશે.

પ્રથમ વખત, દેશને એક સાથે ત્રણ તબીબી સંસ્થાઓ મળવા જઈ રહી છે. આ સંસ્થાઓ આયુર્વેદથી લઈને



યુનાની અને હોમિયોપેથી દવા સુધીની છે જ્યાં દર્દીઓને શિક્ષણની સાથે સારવાર પણ મળશે. ઉત્તર પ્રદેશના ગોવા, દિલ્હી અને ગાઝિયાબાદમાં તૈયાર કરવામાં આવેલી આ સંસ્થાઓનું ઉદ્ઘાટન 8 થી 11 ડિસેમ્બર દરમિયાન

# નહીં તો સંસદે ઘડેલા કાયદા રદ કરી દઈશું, સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને ફરી ચેતવણી

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની કોલેજિયમ વ્યવસ્થા મુદ્દે સુપ્રીમ કોર્ટ અને કેન્દ્ર સરકાર વચ્ચેનું ઘર્ષણ નવા સ્તરે પહોંચ્યું છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે એટર્ની જનરલ આર. વેંકટરમાનીને ચેતવણી આપતા કહ્યું કે તેઓ કેન્દ્રીય મંત્રીઓને સલાહ આપે કે કોલેજિયમની વ્યવસ્થા મુદ્દે જાહેરમાં ટીકા કરવાનું ટાળે. અમે સંસદ દ્વારા ઘડાયેલા કાયદા રદ કરવા લાગીશું તો વ્યવસ્થા પડી ભાંગશે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે એટર્ની જનરલને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીઓએ કોલેજિયમ વિરુદ્ધ જે નિવેદનો આપ્યા છે, તેનાથી દેશને સારો સંદેશ નથી ગયો.

વધુમાં સુપ્રીમે કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ 'લૉ ઓફ લેન્ડ' છે, જેનું 'અંત સુધી પાલન' થવું જોઈએ. સુપ્રીમ કોર્ટની બેન્ચે કહ્યું કે, માત્ર સમાજના કેટલાક લોકો કોલેજિયમ વ્યવસ્થા વિરુદ્ધ વિચાર વ્યક્ત કરે છે, તેના કારણે આ વ્યવસ્થા દેશના કાયદા તરીકે બંધ ન થવી જોઈએ. સરકારે ન્યાયાધીશોની નિમણૂકના મુદ્દે કોલેજિયમની સિસ્ટમનું પાલન કરવું જોઈએ. તે કાયદા હેઠળ છે અને તેના વિરુદ્ધ જવું યોગ્ય નથી. બેન્ચે એટર્ની જનરલને કહ્યું કે તેઓ સરકારને સલાહ આપે કે તેઓ સુપ્રીમ કોર્ટે નિશ્ચિત કરેલા કાયદાકીય સિદ્ધાંતો હેઠળ જ કામ કરે. ન્યાયાધીશ સંજય કિશન કૌલની આગેવાનીવાળી બેન્ચે એટર્ની જનરલને કહ્યું કે, એક વર્ગ કોલેજિયમ વ્યવસ્થાને યોગ્ય નથી માનતો, તો આ અંગે જાહેરમાં આવી ટીપ્પણીઓ થવી જોઈએ નહીં અને તેનાથી કાયદો બદલાઈ જતો નથી.

# EDએ મલપ્પુરમ જ્વેલરી હાઉસના માલિક પાસેથી રૂપિયા 2.51 કરોડનું સોનું જપ્ત કર્યું

**હૈદરાબાદ**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ બુધવારે કહ્યું કે તેમણે કેરળના મલપ્પુરમમાં જ્વેલરી હાઉસના માલિકના પરિસરમાં એક ગુપ્ત રૂમમાંથી 2.51 કરોડ રૂપિયાનું સોનું જપ્ત કર્યું છે. આ બિઝનેસમેન કથિત રીતે સોનાની દાણચોરીનો લાભાર્થી છે. એજન્સીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે આ કાર્યવાહી અબુબકર પાજેદથ વિરુદ્ધ કરવામાં આવી છે, જેઓ માલાબાર જ્વેલરી અને ફાઈન ગોલ્ડ જ્વેલરીનો માલિક છે. બંને જ્વેલરીની દુકાનો કેરળના મલપ્પુરમમાં આવેલી છે. કેરળના તિરુવનંતપુરમના એરપોર્ટ પર સંયુક્ત આરબ અમીરાતના કોન્સ્યુલેટના રાજદ્વારી સામાનમાંથી લગભગ 15 કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું હતું. ED, NIA અને કસ્ટમ્સ વિભાગ અલગથી આ જપ્તી સાથે પ્રકાશમાં આવેલા રેકેટની



તપાસ કરી રહ્યા છે. તપાસમાં બહાર આવ્યું છે કે મલપ્પુરમનો અબુબકરે સરિત પીએસ, સ્વપ્ના સુરેશ અને સંદીપ નાયરની આગેવાની હેઠળની સોનાની દાણચોરીની સિન્ડિકેટનો ભાગ છે અને તેને ભારતીય વહીવટી સેવા અધિકારી એમ.શિવશંકર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

# પન્ના ટાઈગર રિઝર્વ જંગલમાં વાઘનો મૃતદેહ લટકતી હાલતમાં મળી આવ્યો

**ભોપાલ**

મધ્યપ્રદેશના પન્ના ટાઈગર રિઝર્વમાં 2 વર્ષના વાઘનો મૃતદેહ ફાંસી પર લટકતો મળી આવ્યો છે. આ ઘટના ઉત્તર વન વિભાગ વિસ્તારના પન્ના રેન્જના લક્ષ્મીપુરથી વિક્રમપુર જંગલની છે. આ અંગેની માહિતી મળતા જ વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા છે. વાઘનો મૃતદેહ મળી આવ્યો છે અને હવે પોસ્ટમોર્ટમ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. બીજી તરફ મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લામાં તાજેતરમાં વાઘના ચાર બચ્ચા મૃત હાલતમાં મળી આવ્યા હતા. ચંદ્રપુર જિલ્લામાં તાડોબા અંધારી ટાઈગર રિઝર્વ (TATR) ના બફર ઝોનમાં શનિવારે વાઘના ચાર બચ્ચા મૃત હાલતમાં મળી આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે બચ્ચાના શરીર પર ઈજાના નિશાન મળી આવ્યા હતા, જે દર્શાવે છે કે તેમને વાઘ દ્વારા મારવામાં આવ્યા છે. અભયારણ્યના મુખ્ય વન સંરક્ષક ડૉ. જિતેન્દ્ર રામગાંવકરે જણાવ્યું હતું કે આજે સવારે શિવની ફોરેસ્ટ રેન્જના બફર ઝોનમાં ત્રણથી ચાર મહિનાના બે નર અને બે માદા બચ્ચાના મૃતદેહ મળી આવ્યા હતા.

# ચીનના એકતરફી પરિવર્તનના પ્રયત્નોને સાંખી નહીં લઈએ: એસ. જયશંકર

**નવી દિલ્હી**

વિદેશ મંત્રી એસ. જયશંકરે ભારત અને ચીન વચ્ચે સરહદ પર ચાલી રહેલી મડાગાંઠ અંગે રાજ્યસભામાં નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું હતું કે, અમારૂ હંમેશા માનવું છે કે જો ચીન એકતરફી રીતે સરહદ પર પરિવર્તન કરવાનો પ્રયત્ન કરે છે અથવા સરહદ પર પોતાનું સૈન્ય તૈનાત કરે છે તો અમારા સંબંધો સામાન્ય નહીં થઈ શકે. આ અસામાન્ય પરિસ્થિતિ છેલ્લા કેટલાક સમયથી જોવા મળી રહી છે. વિદેશ મંત્રીએ કહ્યું હતું કે બંને દેશોના સૈન્ય કમાન્ડરો વચ્ચે વાતચીત થતી રહે છે. આ એક સંવેદનશીલ મુદ્દો છે અને તેમને જ (લશ્કરી કમાન્ડર) હેન્ડલ કરવા દેવા જોઈએ.

# UP: સપા MLAના બે પુત્રો અને એક પુત્રવધુ પર ગંભીર આરોપ, FIR દાખલ

**લખનૌ**

ધારાસભ્ય મહબૂબ અલીના બે પુત્રો, એક પુત્રવધુ અને બે સમર્થકો સામે છેતરપિંડી, અપહરણ અને લૂંટપાટ સહિત અનેક ગંભીર ધારાઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. તેમના પર નકલી અને બનાવટી દસ્તાવેજો દ્વારા ત્રણ સ્થળોએ મત મેળવી રાજકીય લાભ લેવાનો પણ આરોપ છે. પોલાસે મામલાની તપાસ હાથ ધરી છે.

આ મામલો અમરોહા બેઠકથી ધારાસભ્ય અને સપા સરકારમાં કેબિનેટ મંત્રી રહેલા મહબૂબ અલીના પરિવાર સાથે સબંધિત છે. અમરોહા નગર પાલિકા ક્ષેત્રના મોહલ્લા સરાય નિવાસી શાહનવાઝે 6 નવેમ્બરના રોજ ડીએમ બીકે ત્રિપાઠીને ફરિયાદ પત્ર આપીને અલગ-અલગ 3 ક્ષેત્રોની મતદાન યાદીમાં નકલી વોટ બનાવીને રાજકીય લાભ ઉઠાવવાનો આરોપ લગાવ્યો હતો.

તેમના પર રાજબપુર પોલીસ સ્ટેશનની ગ્રામ પંચાયત શકરપુર સમસપુર, નગર પાલિકા પરિષદ અમરોહાના વોર્ડ નંબર 9 દાનિશમંડન અને વોર્ડ નંબર 2 રામપુર ઘાનાની મતદાર યાદીમાં નકલી મત હોવાનો આરોપ હતો.

# છેતરપિંડીના કેસમાં યોગગુરુ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને કોર્ટનું સમન્સ

**નવી દિલ્હી**

બિહારમાં યોગગુરુ બાબા રામદેવ અને તેમના સહયોગી બાલકૃષ્ણની સામે છેતરપિંડીના કેસમાં સમન્સ જારી કરવામાં આવ્યું છે. હકીકતમાં બેગૂસરાય ડિસ્ટ્રીક્ટ કોર્ટના ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મોહિની કુમારીએ બરૌની પોલીસ સ્ટેશનના નિંગાના રહેવાસી ફરિયાદી મહેન્દ્ર શર્મા દ્વારા દાખલ કરાયેલ ફરિયાદ પત્ર પર સુનાવણી દરમિયાન યોગગુરૂ બાબા રામદેવ અને બાલકૃષ્ણને છેતરપિંડીના કેસમાં સમન્સ જારી કરવાનો આદેશ આપ્યો છે. મળતી માહિતી અનુસાર કોર્ટે બાબા રામદેવ અને બાલકૃષ્ણને 12 જાન્યુઆરી સુધી કોર્ટમાં હાજર રહેવાનો આદેશ આપ્યો છે.

# 7 ટ્રાવેલ રેન્કિંગમાં ઉત્તર અમેરિકાના 25 શ્રેષ્ઠ બજારોમાં છ કેનેડિયન સ્થળોનો સમાવેશ

## ટોરોન્ટો ક્રિસમસ સહિતના માર્કેટ 31મી ડિસેમ્બર સુધી ખુલ્લા રહેશે

**ઓન્ટેરિયો**

જો તમે ક્રિસમસ માર્કેટ શોધતાં હો, જે તમારી રજાઓને વધુ ઉત્સાહપ્રેરક બનાવે, તો વૈશ્વિક ટ્રાવેલ સાઈટ પરથી તાજેતરનું રેન્કિંગ તમને ઉત્તર અમેરિકાના શહેરો અને નગરોની સંખ્યામાં સારો વિકલ્પ શોધવામાં મદદ કરી શકે છે. આ વર્ષની બિગ 7 ટ્રાવેલ રેન્કિંગમાં ઉત્તર અમેરિકાના 25 શ્રેષ્ઠ બજારોમાંથી છ કેનેડિયન બજારો પસંદ થયા છે. વાર્ષિક રેન્કિંગ અનુસાર મોન્ટ્રીયલ નજીક લોંગ્યુઈલમાં ક્રિસમસ માર્કેટ કેનેડામાં શ્રેષ્ઠ બજાર છે અને ઉત્તર અમેરિકામાં તે સાતમું છે. ફ્રેન્ચ કેનેડિયન પરંપરા અને જર્મન લોકકથાઓથી ભરપૂર, તે પ્રાંત (ક્વિબેકના)ના સૌથી અધિકૃત ક્રિસમસ બજારોમાંનું એક છે. ચાર્લોટ ટાઉનનો ક્રિસમસ ફેસ્ટિવલ કેનેડામાં બીજા સ્થાને અને ઉત્તર અમેરિકામાં નવમા ક્રમે આવ્યો હતો અને આ મોહક બજાર સાથેના સારા સમાચાર એ છે કે, તે 18 નવેમ્બરે પ્રથમ વખત શરૂ થયાના અઠવાડિયા પછી 2 જાન્યુઆરી સુધી ખુલ્લું રહેવાનું છે. કેનેડાના શ્રેષ્ઠ ક્રિસમસ બજારોમાં નંબર 3 ઉપર આવે છે તે વાનકુવરનું બજાર છે. ક્યૂબેક સિટીમાં જર્મન ક્રિસમસ માર્કેટ કેનેડામાં ચોથું શ્રેષ્ઠ બજાર અને ઉત્તર અમેરિકામાં 15મું સ્થાન ધરાવે છે, કેનેડામાં ટોરોન્ટો ક્રિસમસ માર્કેટ કેનેડામાં છઠ્ઠું શ્રેષ્ઠ અને ઉત્તર અમેરિકામાં 22મું બજાર છે. આ બજાર 31 ડિસેમ્બર સુધી ખુલ્લું રહેવાનું છે. જ્યારે ઉત્તર અમેરિકામાં શ્રેષ્ઠ ક્રિસમસ બજારોની વાત આવે છે, ત્યારે શિકાગો બિગ 7 ટ્રાવેલની યાદીમાં ટોચ પર છે. શિકાગો પછી, ન્યુ યોર્ક સિટીમાં યુનિયન સ્ક્વેર હોલિડે માર્કેટ રેન્કિંગમાં બીજા ક્રમે છે.

# બેંક ઓફ કેનેડાએ બેન્ચમાર્ક વ્યાજ દર વધારીને 4.25% કર્યો

## વેરિયેબલ રેટ લોન ધરાવતા કોઈપણ માટે ઉધાર ખર્ચમાં વધારો થશે

**ઓન્ટેરિયો**

બેંક ઓફ કેનેડાએ બુધવારે તેનો બેન્ચમાર્ક વ્યાજ દર 50 બેસિસ પોઈન્ટ વધારીને 4.25 ટકા કર્યો હતો. અર્થશાસ્ત્રીઓ દ્વારા આ પગલું વ્યાપકપણે અપેક્ષિત હતું, જેઓ 25 અથવા 50 પોઈન્ટના દરમાં વધારાની અપેક્ષા રાખતા હતા. કેનેડાની સેન્ટ્રલ બેંકે આ વર્ષે તેના દરમાં સાત વખત વધારો કર્યો છે. આ પ્રક્રિયામાં બેંકે તેનો દર 2008થી કાર્યાત્મક રીતે શૂન્યથી તેના સર્વોચ્ચ બિંદુ સુધી પહોંચાડ્યો છે. 1990ના દાયકામાં ફુગાવાના લક્ષ્યાંકની શરૂઆત થઈ, ત્યારથી દરમાં વધારો કરવાની તેની સૌથી ઝડપી ગતિ છે. કેનેડિયન ઉપભોક્તાઓ અને વ્યવસાયો તેમની બેંકો પાસેથી બચતખાતા અને ગીરો જેવી બાબતો પર મેળવે છે, તે દરો પર આ દર વધારાની ભારે અસર પડી છે. કેનેડાની પાંચ સૌથી મોટી બેંકો બેંકના વધારા સાથે મેચ કરવા માટે ઝડપથી આગળ વધી, તેમના મુખ્ય ધિરાણ દરોમાં સમાન 50 બેસિસ પોઈન્ટ્સનો વધારો કર્યો. કેનેડાના તમામ મોટા ધિરાણકર્તાઓ પર મુખ્ય ધિરાણ દર હવે ગુરુવાર સવાર સુધીમાં 6.45 ટકા હશે. તે વેરિયેબલ રેટ લોન ધરાવતા કોઈપણ માટે ઉધાર ખર્ચમાં વધારો કરશે.

# જર્મનીમાં સરકાર ઊથલાવવાના પ્રયાસમાં 25 લોકોની અટકાયત

## જર્મનીના 16માંથી 11 રાજ્યોમાં 130 સ્થળોએ દરોડા પાડ્યા

**બર્લિન**

જર્મનીના મોટાભાગના વિસ્તારોમાં બુધવારના રોજ હજારો પોલીસ અધિકારીઓએ કથિત રીતે સરકારને ઉથલાવવાનો પ્રયાસ કરી રહેલા શંકાસ્પદ ઉગ્રવાદીઓ સામે દરોડા પાડયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ૨૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. ફેડરલ પ્રોસિક્યુટર્સે જણાવ્યું હતું કે લગભગ ૩,૦૦૦ અધિકારીઓએ જર્મનીના ૧૬માંથી ૧૧ રાજ્યોમાં ૧૩૦ સ્થળોએ દરોડા પાડયા હતા.

જસ્ટિસ મિનિસ્ટર માર્કો બુશમેને આ દરોડાને 'આતંક વિરોધી ઓપરેશન' ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એવી શંકા છે કે શંકાસ્પદોએ દેશની સંસ્થાઓએ પર સશસ્ત્ર હુમલાની યોજના બનાવી હતી. જર્મનીના ટોચના સુરક્ષા અધિકારીએ જણાવ્યું હતું કે જૂથ 'હિંસક બળવાની યોજનાઓ અને કાવતરાના સિદ્ધાંતોથી પ્રેરિત હતું.'

જૂથના કેટલાક સભ્યોએ યુદ્ધ પછી અસ્તિત્વમાં આવેલા જર્મનીના બંધારણને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો અને સરકારની હકાલપટ્ટીની હાકલ કરી હતી.

# કેનેડિયન બાળકોને સૌથી વધુ અસરકર્તા ફ્લૂ

## BC ચિલ્ડ્રન હોસ્પિટલે શનિવારે 30 મિનિટ માટે કટોકટી જાહેર કરી હતી

**ઓન્ટેરિયો**

બાળકોમાં ફ્લૂનો ચેપ વધી રહ્યો છે. સમગ્ર કેનેડામાં હોસ્પિટલમાં આવાં બાળકોને દાખલ કરવામાં આવી રહ્યાં છે. બાળરોગ ખાતાના નિષ્ણાતો કહે છે કે, તેમને તાત્કાલિક અને લાંબા ગાળાની રાહત માટે બોલાવવામાં આવે છે. સપ્તાહના અંતે ઈન્ફ્લ્યુએન્ઝા બિમારીના કેસમાં વધારો થતાં દેશભરની હોસ્પિટલોની નિયમિત સેવાઓ સ્થગિત કરવાની ફરજ પડી હતી. CHEOએ ઓટાવા ખાતે જણાવ્યું હતું કે, રેડ ક્રોસ આ પરિસ્થિતિમાં મદદ કરવા માટે તૈનાત કરવામાં આવશે. બાળકોની



હોસ્પિટલમાં સ્ટાફને ગોઠવવા માટે કેલગરીમાં રાહત અને સંભાળની સુવિધા બંધ કરવામાં આવી છે.

BC ચિલ્ડ્રન હોસ્પિટલે ક્ષમતા અને સંસાધનોને ઝડપથી વધારવા માટે શનિવારે 30 મિનિટ માટે કટોકટી જાહેર કરી હતી. ન્યુફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોરની ચિલ્ડ્રન્સ હોસ્પિટલે કેટલીક સુનિશ્ચિત સર્જરીઓ અને એપોઈન્ટમેન્ટ્સ રદ કરી છે.

ડોકટરો કહે છે કે, બાળકોની હોસ્પિટલો અને સમુદાયમાં સંભાળ પ્રદાતાઓ બંને ઉપર લાંબા સમયથી ચાલતું દબાણ ઈન્ફ્લ્યુએન્ઝામાં વધારો દર્શાવે છે. તે દરમિયાન રેસ્પિરેટરી સિન્સિટિયલ વાયરસ (RSV)ના કેસો આ સિઝનની શરૂઆતમાં વધ્યા પછી સ્થિર થયા છે. 26 નવેમ્બરે પૂરા થતા સપ્તાહ માટે કેનેડાની ફ્લુવોચની જાહેર આરોગ્ય એજન્સીએ 16 અને તેથી ઓછી ઉંમરના બાળકો ઈન્ફ્લ્યુએન્ઝાની 223 હોસ્પિટલમાં દાખલ થયાની જાણ કરી હતી.

# ઓન્ટેરિયોમાં કેનેડાની પ્રથમ ઓલ-ઈલેક્ટ્રિક વ્હીકલ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી શરૂ કરાઈ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયો સરકાર જનરલ મોટર્સ ઑફ કેનેડાના (GM કેનેડા) પ્રથમ પૂર્ણ-સ્કેલ ઈલેક્ટ્રિક વાહન (EV) મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટના ઉદઘાટનની ઉજવણી કરી રહી છે. પ્રાંતના સમર્થન સાથે GM કેનેડાએ તેના CAMI ઉત્પાદન પ્લાન્ટને ઓલ-EV ઉત્પાદન સુવિધામાં રૂપાંતરિત કર્યું છે, જે કેનેડામાં આ પ્રકારની પ્રથમ સુવિધા છે. આ પ્રોજેક્ટ ઓન્ટેરિયોમાં ઓન્ટેરિયોના કામદારો દ્વારા શરૂઆતથી અંત સુધી ભવિષ્યના વાહનો સાથે વૈશ્વિક ઓટોમોટિવ હબ તરીકે પ્રાંતની સ્થિતિને સુરક્ષિત કરવામાં મદદ કરે છે.

પ્રીમિયર ડગ ફોર્ડે જણાવ્યું હતું કે, આજનો મેડ-ઈન-ઓન્ટેરિયો માઈલસ્ટોન એ વાતની સાબિતી છે કે, ભવિષ્યમાં કાર બનાવવા માટે શરૂઆતથી અંત સુધી અહીં ઑન્ટેરિયો કરતાં વધુ સારી જગ્યા કોઈ નથી.

ઉત્તરમાં નિર્ણાયક ખનીજોથી લઈને દક્ષિણમાં અમારી ઉત્પાદન ઉત્કૃષ્ટતા સુધી, ઓન્ટેરિયો પાસે દરેક લાભ છે, જે આવનારા દાયકાઓ સુધી વૈશ્વિક ઓટોમોટિવ લીડર તરીકે અમારા વારસાને આગળ ધપાવવાનું ચાલુ રાખશે. CAMI પ્લાન્ટ તેની નવી ઓલ-ઈલેક્ટ્રિક કોમર્શિયલ વ્હીકલ બ્રાન્ડ BrightDrop માટે GM કેનેડાનું નિયુક્ત EV હબ હશે. આજના ભવ્ય ઉદઘાટનના ભાગરૂપે પ્રથમ BrightDrop Zevo 600s એ પણ CAMI EV લાઈનમાંથી બહાર નીકળી, ઓન્ટેરિયોમાં EV ઉત્પાદનમાં એક નવો અધ્યાય રચ્યો છે.

# ચીનમાં વિરોધ બાદ ક્વોરન્ટાઈન અને લોકડાઉનના નિયમો વધુ હળવા થયા

**બીજિંગ**

ચીનમાં ઝીરો કોવિડ પોલિસી વિરુદ્ધ લોકો રોષે ભરાયા છે. રસ્તા પર પ્રદર્શન થઈ રહ્યુ છે, જેનાથી ચીન સરકાર બેકફૂટ પર આવી ગઈ છે. જાણકારી અનુસાર ચીનમાં હવે નાગરિકોને ક્વોરન્ટાઈન અને લોકડાઉનના નિયમોમાં ઢીલ આપવામાં આવી છે.

ચીન સરકારનું કહેવુ છે કે હવે નાગરિકોને તેમના ઘરે ક્વોરન્ટાઈન રહેવાની પરવાનગી આપવામાં આવી છે. જે લોકોમાં સામાન્ય કે એક પણ લક્ષણ નથી, તેઓ ઘરમાં રહીને પોતાની સારવાર કરાવી શકે છે. આ સિવાય સાર્વજનિક સ્થળોએ પીસીઆર ટેસ્ટની જરૂરિયાતને પણ ખતમ કરી દેવાઈ છે. માત્ર સ્કુલો અને હોસ્પિટલોમાં પીસીઆર ટેસ્ટ અનિવાર્ય થશે. ચીનના કડક કોરોના નિયમોમાં આ પરિવર્તન અમુક શહેરોમાં થયેલા પ્રદર્શન બાદ થયુ છે.

ચીનમાં કોરોના નિયમોમાં આપવામાં આવેલી ઢીલનો સ્પષ્ટ અર્થ છે કે જિનપિંગ સરકાર પોતાની ઝીરો કોવિડ પોલિસીમાંથી પગલા પાછળ ખેંચી રહ્યા છે. હવે અહીંના લોકોને વાયરસની સાથે જીવવુ પડશે.

# USના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની કંપની 'ટેક્સ ફ્રોડ' માટે દોષિત

**વોશિંગ્ટન**

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કોર્ટ તરફથી વધુ એક ઝટકો લાગ્યો છે. ટ્રમ્પની બે કંપનીઓને છેતરપિંડી માટે દોષિત ઠેરવવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર, મૈનહટન ડિસ્ટ્રિક્ટ એટર્ની દ્વારા દાખલ કરાયેલા કેસમાં ટ્રમ્પની બે કોર્પોરેટ સંસ્થાઓને તમામ 17 બાબતોમાં દોષિત ઠેરવવામાં આવ્યા છે, જેમાં બિઝનેસ રેકોર્ડ સાથે ચેડાં કરવામાં આવ્યા છે. ટ્રમ્પની કંપનીઓએ ભાડા-મુક્ત એપાર્ટમેન્ટ્સ અને લક્ઝરી કાર અને નોકરીના લાભો પર વ્યક્તિગત આવકવેરો ભરવાનું ટાળ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# કેનેડાનો આંતરરાષ્ટ્રીય અનુભવ તેની પ્રોગ્રામ ક્ષમતામાં 20% વધારો કરશેઃ સરકાર દ્વારા દાવો

## અલ્બર્ટામાં એક પ્રેસ કોન્ફરન્સમાં કાર્યક્રમની જાહેરાત

**ઓન્ટેરિયો**

કેનેડાની સરકાર તેના ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ કેનેડા (IEC) પ્રોગ્રામના આગામી વર્ષ માટે અરજદાર પૂલનું વિસ્તરણ કરશે. બેન્ફ અલ્બર્ટામાં એક પ્રેસ કોન્ફરન્સમાં કાર્યક્રમની શરૂઆતની તારીખ 9 જાન્યુઆરી, 2023ના રોજથી કરવાની જાહેરાત કરાઈ હતી.

IEC પ્રોગ્રામ કેનેડાના 36 ભાગીદાર દેશોમાંના કોઈપણ દેશમાં રહેતા 18થી 35 વર્ષની વયના યુવાનોને આ દેશમાં બે વર્ષ સુધી કામ કરવા અને મુસાફરી કરવાની પરવાનગી આપે છે અને તેનાથી વિપરીત 9મી જાન્યુઆરી, 2023ના રોજ તેના એપ્લિકેશન સ્કેલમાં 20% અથવા લગભગ 15,000 વધારાના સ્થળોનો ઉમેરો થશે.

આનાથી લગભગ 90,000 ઉમેદવારોનું કેનેડામાં કામ કરવાનું અને મુસાફરી કરવાનું શક્ય બનશે, જે નોકરીદાતાઓને કેનેડાના પ્રવાસન ઉદ્યોગમાં સિઝનલ કામની તકો સહિત મજૂરીની જગ્યાઓ ભરવામાં મદદ કરશે.

ઈમિગ્રેશન મિનિસ્ટર સીન ફ્રેઝરના શબ્દોમાં, "અમારી સરકાર વધુ આંતરરાષ્ટ્રીય યુવાનોને કેનેડામાં કામ કરવા અને મુસાફરી કરવા માટે મદદ કરી રહી છે, નોકરીદાતાઓને અસરકારક રીતે મદદ કરી રહી છે, જેઓ મોટાભાગના પ્રવાસન ઉદ્યોગમાં છે, તેઓને જરૂરી કામદારો શોધવામાં મદદ કરે છે.

યુવાનોને આંતરરાષ્ટ્રીય મુસાફરી અને કામના અનુભવની તક આપીને, અમે અમારી અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી રહ્યા છીએ અને અમારા વ્યવસાયોને સફળ થવામાં મદદ કરી રહ્યા છીએ, ખાસ કરીને બૅન્ફ જેવા સ્થળોએ જ્યાં સિઝનલ મદદની જરૂર હોય છે." આ IEC પ્રોગ્રામ ચેન્જીસ કેનેડાના બે ધ્યેયને આગળ વધારવા માટે પરવાનગી આપે છે.

## અંતિમ-16 મુકાબલાના પરિણામ

- ફિફા વર્લ્ડ કપ ફૂટબોલની પ્રી-ક્વાર્ટરમાં પોર્ટુગલે સ્વિટ્ઝર્લેન્ડ સામે ૬-૧ના માર્જિનથી એકતરફી વિજય હાંસલ કર્યો હતો.
- બ્રાઝિલે સાઉથ કોરિયાને ૪-૧થી હરાવીને પોતાનું અભિયાન જારી રાખ્યું હતું. આ વિજય સાથે પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલની ટીમ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ચૂકી છે.
- પેનલ્ટી શૂટઆઉટમાં સ્પેનને ૩-૦થી હરાવી મોરક્કો ૩૬ વર્ષ બાદ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી.
- ઇંગ્લેન્ડે સેનેગલને ૩-૦થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો જ્યાં તેનો સામનો ફ્રાન્સ સામે થશે.
- જાપાન અને ક્રોએશિયા વચ્ચેના અત્યંત દિલધડક પ્રી-ક્વાર્ટર ફાઇનલ મુકાબલામાં ક્રોએશિયાએ પેનલ્ટી શૂટઆઉટમાં જાપાનને ૩-૧થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.
- ફ્રાન્સ-પોલેન્ડ વચ્ચેના મુકાબલામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સે ૩-૧થી જીત સાથે ૯મી વખત ફિફા વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.
- ઓસ્ટ્રેલિયા સામેની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આર્જેન્ટિનાએ ૨-૧થી વિજય મેળવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. મેસ્સીએ ૩૫મી મિનિટે ગોલ કરીને પોતાની ટીમને ૧-૦ની લીડ અપાવી હતી.



## ક્વાર્ટર ફાઇનલ લાઇન-અપ

### 1 ક્રોએશિયા વિ. બ્રાઝિલ

૨૦૧૮ની રનર્સ-અપ ક્રોએશિયાની ટીમ પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં પાંચ વખતની ચેમ્પિયન બ્રાઝિલનો મુકાબલો કરશે. બંને ટીમ વચ્ચે અત્યાર સુધી ચાર મેચ રમાઈ છે જેમાં બ્રાઝિલે ત્રણ મેચ જીતી છે અને એક મુકાબલો ડ્રો રહ્યો હતો. ૨૦૦૬ અને ૨૦૧૪ના વર્લ્ડ કપમાં બંને વચ્ચે એક-એક મેચ રમાઈ હતી અને બંને વખત બ્રાઝિલ જીત્યું હતું. આ વખતે બંને વચ્ચે નવમી ડિસેમ્બરે અલ-રેયાન એજ્યુકેશન સિટી સ્ટેડિયમમાં સાંજે ૮:૩૦થી મુકાબલો રમાશે.

### 2 નેધરલેન્ડ્સ વિ. આર્જેન્ટિના

ત્રણ વખત રનર્સ-અપ રહેલી નેધરલેન્ડ્સની ટીમ સાઉથ અમેરિકાની શક્તિશાળી આર્જેન્ટિનાની ટીમ સામે બીજી ક્વાર્ટર ફાઇનલમાં રમશે. આ મુકાબલો નવમી ડિસેમ્બરે મોડી રાત્રે ૧૨:૩૦ કલાકે રમાશે. બંને ટીમ વચ્ચે કુલ નવ મુકાબલા થયા છે જેમાં ચાર વખત નેધરલેન્ડ્સ તથા ત્રણ વખત આર્જેન્ટિનાનો વિજય થયો હતો. બંને ટીમ છેલ્લે ૨૦૧૪ના વર્લ્ડ કપની સેમિફાઇનલમાં આમનેસામને થઈ હતી જેમાં પેનલ્ટી શૂટઆઉટમાં આર્જેન્ટિના જીત્યું હતું.

### 3 મોરક્કો વિ. પોર્ટુગલ

પૂરી ટૂર્નામેન્ટમાં શાનદાર દેખાવ કરનાર મોરક્કોએ ૨૦૧૦ની ચેમ્પિયન સ્પેનને રાઉન્ડ ઓફ-૧૬ની મેચમાં પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું હતું. તેનો સામનો ત્રીજી ક્વાર્ટર ફાઇનલમાં પોર્ટુગલ સામે થશે. બંને ટીમ બે વખત આમનેસામને થઈ છે અને બંને વર્લ્ડ કપની મેચ હતી. બંને ટીમે એક-એક મેચ જીતી છે. ટૂર્નામેન્ટનો ત્રીજો ક્વાર્ટર ફાઇનલ મુકાબલો ૧૦મી ડિસેમ્બરે સાંજે ૮:૩૦ કલાકે રમાશે. પોર્ટુગલ ૨૦૦૬ બાદ પ્રથમ વખત અંતિમ-૮મા રમશે.

### 4 ઇંગ્લેન્ડ વિ. ફ્રાન્સ

આ એકમાત્ર એવી ક્વાર્ટર ફાઇનલ છે જેમાં બે ભૂતપૂર્વ ચેમ્પિયન એકબીજા સામે ટકરાશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ફ્રાન્સે ૧૯૯૮માં ટ્રોફી જીતી હતી. ઇંગ્લેન્ડે ૧૯૬૬માં ચેમ્પિયન બનવાની સિદ્ધિ મેળવી હતી. ચોથી અને અંતિમ ક્વાર્ટર ફાઇનલ બંને યુરોપિયન ટીમો વચ્ચે રમાવાનો હોવાથી રસપ્રદ બની રહેશે. આ મુકાબલો ૧૦મી ડિસેમ્બરે મોડી રાત્રે ૧૨:૩૦ કલાકે રમાશે. બંને વચ્ચે કુલ ૩૧ મેચ રમાઈ છે જેમાં ઇંગ્લેન્ડે ૧૭ અને ફ્રાન્સે નવ મેચ જીતી હતી.

## ૧૦૦૦મી મેચમાં મેસ્સીએ મારાડોનાનો રેકોર્ડ બ્રેક કર્યો



લાયોનલ મેસ્સીની આ ૧૦૦૦મી મેચ હતી અને તે પ્લેયર ઓફ ધ મેચ પણ બન્યો હતો. વર્તમાન વર્લ્ડ કપના નોકઆઉટ મુકાબલામાં આ તેનો પ્રથમ ગોલ રહ્યો હતો. પ્રોફેશનલ ફૂટબોલમાં વર્લ્ડ કપ અને ચેમ્પિયન્સ લીગ સહિત મેસ્સીના નામે કુલ ૭૮૯ ગોલ નોંધાયા છે.

## નેમારનો ૭૬મો ઇન્ટરનેશનલ ગોલ

પેનલ્ટીને ગોલમાં ફેરનાર નેમારનો આ ૭૬મો ઇન્ટરનેશનલ ગોલ હતો. આ મામલે તે પેલે કરતાં એક ગોલ પાછળ છે. વધુ એક ગોલની સાથે તે પેલેની બરોબરી કરી લેશે. નેમારે બ્રાઝિલ માટે છેલ્લા છ ગોલ પેનલ્ટી ઉપર નોંધાવ્યા છે. તે ટૂર્નામેન્ટની પ્રથમ મેચમાં ઈજાગ્રસ્ત થયો હતો અને ગ્રૂપ સ્ટેજની બાકીની બે મેચમાં રમ્યો નહોતો. તેનું ફિટ થવાથી બ્રાઝિલને રાહત થઈ છે.

## લાયને અશ્વિનનો રેકોર્ડ તોડયો, ટેસ્ટમાં હાઈએસ્ટ વિકેટના મામલે આઠમા ક્રમે

। પર્થ ।



ઓસ્ટ્રેલિયાના અનુભવી ઓફ સ્પિનર નાથાન લાયને વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના બીજા દાવમાં છ વિકેટ ઝડપીને પોતાની ટીમના વિજયમાં મહત્ત્વની ભૂમિકા ભજવવા ઉપરાંત બે સિદ્ધિઓ હાંસલ કરી હતી. ટેસ્ટ ક્રિકેટમાં લાયન હવે હાઈએસ્ટ વિકેટના મામલે ભારતના અશ્વિનને પાછળ રાખીને ચોથા ક્રમે પહોંચી ગયો છે. પર્થ ટેસ્ટમાં કુલ આઠ વિકેટ ઝડપનાર લાયનના નામે ૪૪૬ વિકેટ નોંધાઈ છે. અશ્વિન ટેસ્ટ ક્રિકેટમાં ૪૪૨ વિકેટ ઝડપી ચૂક્યો છે. બાંગ્લાદેશ સામેની શ્રેણીમાં અશ્વિન પાસે ફરીથી લાયનનો રેકોર્ડ તોડવાની તક રહેશે. લાયન હવે ટેસ્ટમાં સર્વાધિક વિકેટના મામલે ચોથો સ્પિનર તથા કુલ આઠમો બોલર બન્યો છે. ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક વિકેટોનો રેકોર્ડ શ્રીલંકાના મુથૈયા મુરલીધરનના નામે છે જેણે ૧૩૩ ટેસ્ટમાં ૮૦૦ વિકેટ ઝડપી હતી. આ યાદીમાં ઓસ્ટ્રેલિયન લેગ સ્પિનર શેન વોર્ન ૧૪૫ ટેસ્ટમાં ૭૦૮ વિકેટ સાથે બીજા તથા ભારતનો દિગ્ગજ સ્પિનર અનિલ કુંબલે (૧૩૨ ટેસ્ટ, ૬૧૯ વિકેટ) ત્રીજા ક્રમે છે.

## ઈંગ્લેન્ડે પાકિસ્તાનને ૨૨ વર્ષ બાદ ઘરઆંગણે હરાવ્યું, પિંડી ટેસ્ટ ૭૪ રનથી જીતી

। રાવલપિંડી ।

ઝાંખા પ્રકાશની વચ્ચે બીજા નવા બોલ સાથે આક્રમણ કરનાર ઈંગ્લિશ ટીમને આખરે સફળતા મળી હતી. રાવલપિંડીની ફ્લેટ પિચ ઉપર ઈંગ્લેન્ડે પાકિસ્તાનને પ્રથમ ટેસ્ટ મેચના અંતિમ દિવસની છેલ્લી ઓવર્સમાં ૭૪ રનથી હરાવીને ત્રણ ટેસ્ટની શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ઈંગ્લેન્ડે પાકિસ્તાનની ધરતી ઉપર ૨૨ વર્ષ બાદ ટેસ્ટ મેચ જીતી છે. બીજી તરફ બાબર આઝમની ટીમે મેચમાં ૮૦૦ પ્લસ રન (૮૪૭) બનાવ્યા હોવા છતાં પરાજયનો સામનો કર્યો છે.

## અંડર-૧૯ વિમેન્સ વર્લ્ડ કપ: ભારતીય ટીમ જાહેર, શેફાલી વર્મા નેતૃત્વ કરશે

। નવી દિલ્હી ।



ઓલ ઇન્ડિયા વિમેન્સ પસંદગી સમિતિએ સાઉથ આફ્રિકા સામે રમાનારી અંડર-૧૯ દ્વિપક્ષીય ટી૨૦ શ્રેણી બાદ રમાનારા આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દીધી છે. દ્વિપક્ષીય શ્રેણી બાદ જાન્યુઆરીમાં રમાનારા આઈસીસી અંડર-૧૯ ટી૨૦ વર્લ્ડ કપનું નેતૃત્વ ભારતની મહિલા સિનિયર ટીમની ઓપનર શેફાલી વર્માને સોંપવામાં આવ્યું છે. અંડર-૧૯ ટી૨૦ વર્લ્ડ કપ પ્રથમ વખત રમાશે જેમાં ૧૬ ટીમો ભાગ લેશે. આ ટૂર્નામેન્ટ સાઉથ આફ્રિકામાં ૧૪મીથી ૨૯મી જાન્યુઆરી સુધી રમાશે. ભારતને સાઉથ આફ્રિકા, યુએઈ તથા સ્કોટલેન્ડના ગ્રૂપ-ડીમાં રાખવામાં આવ્યું છે. પ્રત્યેક ગ્રૂપની ટોચની ત્રણ ટીમ સુપર સિક્સ રાઉન્ડ તરફ આગળ વધશે.

ભારતીય ટીમ : શેફાલી વર્મા (સુકાની), શ્વેતા સેહરાવત, રિચા ઘોષ, જી. ત્રિશા, સૌમ્યા તિવારી, સોનિયા મહેદિયા, હર્લે ગાલા, ઋષિતા બાસુ, સોનમ યાદવ, મન્નત કશ્યપ, અર્ચના દેવી, પાર્શવી ચોપરા, તીસ્તા સાધુ, ફલક નાઝ, શબનમ. સ્ટેન્ડ બાય : શિખા શલોત, નાજલા સીએમ. યશશ્રી

## એડિલેડ ઓપનથી જોકોવિચ ૨૦૨૩ની સિઝનનો પ્રારંભ કરશે

મેલબોર્ન



વિશ્વનો ભૂતપૂર્વ પ્રથમ ક્રમાંકિત ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચ એડિલેડ ઓપન એટીપી ટૂર્નામેન્ટથી પોતાની ૨૦૨૩ની સિઝનનો પ્રારંભ કરશે. ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમની પૂર્વસંધ્યાએ જોકોવિચના વિઝા રદ કરી દેવામાં આવ્યા હતા જેના કારણે તે ડિફેન્ડિંગ ચેમ્પિયન હોવા છતાં રમી શક્યો નહોતો. આ વખતે ઓસ્ટ્રેલિયન સરકારે ૨૧ ગ્રાન્ડસ્લેમ જીતી ચૂકેલા જોકોવિચને વિઝા આપ્યા છે અને પહેલી જાન્યુઆરીથી રમાનારી એડિલેડ ઇન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓની યાદીમાં તેનું નામ છે. સર્બિયા પ્રથમ યુનાઈટેડ કપ ટીમ ઈવેન્ટમાં ભાગ લઈ રહ્યું નહીં હોવાના કારણે જોકોવિચ ૧૬મીથી ૨૮મી જાન્યુઆરી સુધી રમાનારા ઓસ્ટ્રેલિયન ઓપન પહેલાં એડિલેડમાં પ્રેક્ટિસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે સ્વતંત્ર છે.


## રોહિતની આક્રમક ઈનિંગ બેકાર ગઈ, બાંગ્લાદેશે મેચ અને શ્રેણી બંને જીતી

મીરપુર

આંગળીએ ઈજા થઈ હોવા છતાં નીચલા ક્રમમાં બેટિંગ કરવા માટે મેદાનમાં ઉતરેલા સુકાની રોહિત શર્માએ ૨૮ બોલમાં અણનમ ૫૧ રનની આક્રમક ઈનિંગ રમી હોવા છતાં ભારતનો બાંગ્લાદેશ સામે રમાયેલી બીજી વન-ડેમાં રસાકસી બાદ પાંચ રનથી પરાજય થયો હતો. આ સાથે બાંગ્લાદેશે ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી લીધી હતી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર બાંગ્લાદેશે આઠમા ક્રમના બેટ્સમેન મહેદી હસન મિરાઝના અણનમ ૧૦૦ રનની મદદથી સાત વિકેટે ૨૭૧ રનનો સ્કોર નોંધાવ્યો હતો. બાંગ્લાદેશે એક સમયે ૬૯ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. મેહદી અને મહમુદુલ્લાહે (૭૭) સાતમી વિકેટ માટે ૧૪૮ રનની ભાગીદારી નોંધાવીને ટીમને સન્માનજનક સ્કોર પહોંચાડી દીધી હતી. રનચેઝ કરનાર ભારત નવ વિકેટે ૨૬૬ રન નોંધાવી શક્યું હતું. ભારત માટે શ્રેયસ ઐયરે ૧૦૨ બોલમાં ૮૨ તથા અક્ષર પટેલે ૫૬ બોલમાં ૫૬ રનનું યોગદાન આપ્યું હતું.

## કાંડામાં ઈજા છતાં ચાનૂએ વર્લ્ડ ચેમ્પિ.માં સિલ્વર મેડલ જીત્યો

કોલંબિયા



અનુભવી ભારતીય મહિલા વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનૂને કાંડામાં ઈજા થઈ હોવાના કારણે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવાથી વંચિત રહી હતી પરંતુ તે વર્લ્ડ ચેમ્પિયનશિપમાં કુલ ૨૦૦ કિલોગ્રામ વેઈટ ઊંચકીને સિલ્વર મેડલ જીતવામાં સફળ રહી હતી. ટોક્યો ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતી ચૂકેલી ચાનૂએ ૪૯ કિલોગ્રામ વેઈટ કેટેગરીની ઈવેન્ટની સ્નેચમાં ૮૭ કિલો તથા ક્લીન એન્ડ જર્કમાં ૧૧૩ કિલોગ્રામ વજન ઊંચક્યું હતું. ચીનની જિયાંગે કુલ ૨૦૬ કિલોગ્રામ વજન સાથે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ચીનની અન્ય એક લિફ્ટર તથા ટોક્યો ગેમ્સની ગોલ્ડ મેડાલિસ્ટ હોયુ ઝીહુઆએ કુલ ૧૯૮ કિલોગ્રામ વેઈટ સાથે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો.

# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE
REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions... Its that Simple!




The wait is over, Live where you love. The Universal City Condos Tower 1.Great location, just minutes to Pickering Go station,P.Town centre, Frenchman's Bay Waterfront, Pickering Casino, Hwy 401 etc. Many amenities Including A Guest Suite,Gym,Swimming Pool&Change Rooms, A Rooftop Garden Terrace,Party Room & Outdoor Lounge Area.Lobby With Concierge.Functional layout,1+1 bed with parking.Den can turn into a second bedroom or office, laminate flooring, no carpet!




Fully Furnished!! Heart Of Downtown Mississauga, Close To All Amenities, Marilyn Monroe Building, 2 Bedroom + 2 Bathroom, 1 Parking, Demand Location, Walking Distance To Sq 1 And Living Arts Centre, Hwy 403, 401, Qew, And Much More! 800 Sqft Of Living Space + 135 Sqft Balcony, Bed And 2 Full Washrooms .




Lovely Condo Apartment With Amazing Views Including Lake Ontario! Fantastic Location! Close To Absolutely Everything! Lake! Trails! School! Hospital! Shopping! Transit! Places Of Worship! Fabulous 1200+ Sq Ft Condo W/ 3 Bedrooms & 2 Bathrooms Right In The Heart Of Ajax! Bright, Spacious, Open Concept Dining Rm & Living Rm Complete W/ Walkout To Large Balcony From Which To Enjoy The South West Views Of Ajax And Lake Ontario. 2 Updated & Renovated Bathrooms

*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 | D: (647) 308-2941
F : (416) 298-8303 | P: (647) 666-8676

Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.

## Confused ??
Which Country to Choose ..

**Get 1-1 Counseling**

- PR & PNP Program
- Business visa
- Student visa(All Countries)
- Family Sponsorship
- LMIA - Work permit
- PR based PNP job offer
- IEC without IELTS

**Book Your Seats Now!!**

CANADA
94- 499 Main Street South,
Shoppers World Mall, Brampton, Ont.
Ph : 416-745-2466, 905-230-7855

SHARP
INTERNATIONAL IMMIGRATION SERVICES

## AMI MEHTA
Coming to India
2nd Dec. - 20th Jan.



Canadian Authorized Experienced Immigration Lawyer

+91-98255 56911 | +91-98256 79911 CANADA (H.O) | VADODARA| A'BAD

MOTEL for SALE

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



## MOTEL KING: Specializing in Selling Motels: LIST & SELL with confidence

Major Achievements: Among TOP 75 PRODUCERS IN CANADA AWARD & CENTURION PRODUCER AWARDS 2017-2021

**Attention: MOTEL OWNERS**

I have extremely serious & aggressive motel buyers with $500,000 to $2.5 Million+ READY DOWN PAYMENT, looking to buy a good NON franchise motels immediately (can close the deal in few weeks if the seller willing to hold first mortgage at 50% down payment)

Any Motel Owner wants to sell quick and professionally, please contact me ASAP.

**Small & Mid Size MOTEL LISTINGS Required Urgently**

Preferably Motels around $1M to $5M price range anywhere in Ontario or Other Provinces

**12 To 45 Room Motels in Northern Ontario**

Asking Price: $900,000 To $5,000,000
(40% to 50% down payment require)

**Coming up For Sale**

- Motel near St. Catherine Under $5M
- Franchise Hotel 3 Hrs E of GTA Under $7M
- Motels in North - Trans Canada Hwy 17 & Hwy 11

**Recently SOLD Motels Near**

Sault Ste. Marie, Blind River, Welland, London, Sarnia, North Nay, Cochrane, Pembroke, Ottawa, Thunder Bay

**Motel Operator / Working Partner Opportunities**

- Motel Operator To run the motel professionally. Front desk + Housekeeping work- good salary &free accommodation.
- Working Partner To invest min $200K. Stay, operate & manage the motel Partnership % + Salary + Accommodation.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100



# OM INDIA FOOD CENTRE



દરેક જાતની ગ્રોસરી, લીલા-તાજા શાકભાજી,
અનોજ, કઠોળ, મસાલા,
વિવિધ ફરસાણના પેકેટ, સ્વીટ આઈટમો,
ઓડીયો-વિડીયો કેસેટ્સ, ડીવીડી, પૂજા સામગ્રી...

## OM INDIA FOOD CENTRE

**6 LOCATION TO SERVE YOU**

1729 Albion Rd,
Etobicoke, ON
**416-743-1100**

3300 McNICOLLE Ave, #B-6,
Scarborough, ON
**416-297-8383**

139 Charing Cross,
Brantford Ontario
**519-758-9999**

71 West Drive, Unit#42,
Brampton, ON
**905-452-1100**

5 Manitou Drive # 102
Kitchner, ON. N2C 1L4
**519-954-1110**

293, Labrosse Ave,
Point-Claire, QC H9R 5M3
**514-426-1100**